નીતિ વાક્યામૃત.

લેખક,

પન્યાસ કેશરવિજય ગણિ.

ॐ अर्हंनमः

નીતિ વિચાર રત્નમાળા.

લેખક, પંન્યાસજી કેશરવિજયજી ગણિ.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. સોમચંદ ભગવાનદાસ.

ઠે. અમદાવાદ પાનકોરને નાકે.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૧૦૦

સંવત ૧૯૭૩ સને ૧૯૧૬

કીંમત છ આના.

અમદાવાદ,
પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

પ્રસ્તાવના.

—:⋌∘⋋:—

આ ગ્રંથનું નામ નીતિ વિચાર રત્નમાલા રાખવામાં આવ્યું છે. નામ પ્રમાણે તેમાં કાંઇક ગુણો પણ છે. વિવિધ પ્રકારનાં નીતિ વચનો અને વિચાર રૂપિ રત્નો તેમાં આવેલાં છે. આ ગ્રંથ કાંઇ સ્વતંત્ર લખાયેલ નથી પણ તેમાં આવેલા વિચારો સંગ્રહ કરાયેલા છે. મારામાં એક પ્રકારની એવી ટેવ છે કે કોઇ પણ પુસ્તક વાંચતાં કોઈ ઉપયોગી બાબત આવે, પછી તે વર્ત્તનમાં મુકવા યોગ્ય હોય, કે સમજવા લાયક હોય તે તે ઉપયોગી બાબતો ઉપર નીશાની કરતો જાઉં અને વાંચી રહ્યા બાદ જે વિચારો મને ગમ્યા હોય તેવાં વાક્યોનો સંગ્રહ પણ કરી લઉં છું. વખતે મને કોઇ કોઇ શાંતિના વખતે ઉત્તમ વિચારો સ્ફુર્યા હોય તે પણ લખી લઉં છું તથા કોઇ કોઈ પ્રસંગે ઉત્તમ વિચારવાળા જ્ઞાની પુરૂષોની પાસે બેઠો હોઉં અને તેમની સાથે થતા નિશ્ચયો તેનો સાર પણ નોટમાં ઉતારી લઉં છું તે પ્રમાણે થયેલો વાક્યોનો સંગ્રહ તે આ નીતિ વિચાર રત્નમાલા છે.

જે અવસરે કોઇ વ્યવહારની ઉપાધિથી મન અવ્યવસ્થીત થઇ ગયું હોય કોઇ માનસીક આધિપીડા કરતી હોય અથવા શારીરિક વ્યાધિ હેરાન કરતી હોય તે પ્રસંગે આ બુકમાં લખેલાં વાક્યોમાંથી પોતાની માનસીક વ્યાધિને લાગુ પડે તેવાં કોઇ પણ વાક્યરૂપ દવાને શોધી કહાડી તે દર્દ ઉપર આ વાક્યોનું વારંવાર મનન કરવારૂપ દવા લાગુ પાડવામાં

આવે તો જરૂર થોડાજ વખતમાં તે માનસીક ઉપાધિરૂપ વ્યાધિ શાંત થયા સિવાય રહેતી નથી આ વાતની મને ખાત્રી થવાથીજ આ વિચારોને વ્યવહારમાં રત્નની ઉપમા આપી છે. જુઓ કે રત્ન સાથે આ વાક્યોની ઉપમા ધટી શકે તેવી નથી કારણકે રત્ન પાસે હોવા છતાં મનની ઉપાધી શાંત થતી નથી ત્યારે આ વિચાર રત્નથી તો વિચારવાનને શાંતિ મળે છે. છતા વ્યવહારમાં રત્ન ઉત્તમ ગણાય છે તેથી તેવા પ્રકારનું નામ આ વાક્યોને આપેલ છે. ઉત્તમ વાક્યપર વિચાર કરનારાઓ અને તે પ્રમાણે વર્ત્તન કરનારાઓ અથવા વિપત્તિના પ્રસંગમાં આવાં સુંદર વાક્યોથી દીલાસો મેળવનારાઓ તેવા વિષમ પ્રસંગમાં પણ અડગ રહી વિપત્તિનોપાર પામેલા છે, તેવાં અનેક સુંદર વાક્યોવાળો આ લઘુગ્રંથ છે. મારા જેવા બીજા અનેક મનુષ્યોને આવાં સુંદર વાક્યોનો લાભ મળે અને તેમના દુઃખી જીવનને દિલાસો મળે તેમના હૃદયને શાંતિ મળે આ ઇરાદાથી તે વાક્યોનો જુદો જુદો સંગ્રહ એકઠો કરી પ્રજાની સમક્ષ મુકવામાં આવ્યો છે. તેમાં નીતિનાં અનેક વાક્યો છે. કર્ત્તવ્યમાં પ્રેરણા કરનાર વિવિધ પ્રકારનાં વચનો છે. આત્મ જાગૃતિ આપનાર વચનામૃતોનો પણ સંગ્રહ છે કોઇ પણ ધર્મપાળનારને થોડો પણ વિરોધ ન આવે તેવાં વાક્યોનો સંગ્રહ છે. આમાં મતપંથના આગ્રહની વાતજ નથી પણ સામાન્ય રીતે સર્વને લાગુ પડે, શાંતિ આપે, કર્ત્તવ્ય તરફ પ્રેરે, આત્મ સ્વરૂપની જાગૃતિ આપે, સમભાવમાં વધારો કરે તેવાં વાક્યો આવેલાં છે.

આ વાક્યો એકવાર વાંચી લઇ જે જે પોતાને લાગુ પડે તેવાં હોય તે તે વાક્યોપર નિશાની કરી, સવારમાં તે વાક્યો વાંચી તેના ઉપર મનન કરવાની ટેવ રાખવામાં આવશે તો સારો ફાયદો થવા સંભવ છે. અથવા પોતાને ઉપયોગી વાક્યોનો પાઠ દિવસમાં એકવાર વિચારપૂર્વક કરવાથી લાંબે વખતે તેના દૃઢ સંસ્કારો પડવા સાથે મનમાં સારો સુધારો થવા સંભવ છે. એક એક શીખામણ માટે લાખ લાખ રૂપિયાની કીંમત માણસોએ આપેલી છે તેવી વાતો શાસ્ત્રોમાં વાંચવામાં આવે છે. અને તેવા વિષમ પ્રસંગે તે શિખામણોએ મહાન્ ફાયદા કરેલા અને જીવન બચાવવા સુધીના ઉપકારો કરેલા છે તેવાં વાક્યોનો સમુહ મનુષ્યોને ઉપયોગી થાય તેમાં જરાપણ નવાઈ કે આશ્ચર્ય જેવું નથી.

આ પુસ્તકમાં એક હજાર વાકયોથી પણ વધારે વાક્યોનો સંગ્રહ થયેલો છે તે વાંચીને વાંચનાર અને લખનાર બન્નેને શાંતિ પ્રાપ્ત થાઓ.

લ. પં. કેશરવિજયજી ગણિ.

સંવત ૧૯૭૩ માગસર સુદ ૧૧

એસ. બી. શાહની કંપનીમાં મળતાં પુસ્તકોની યાદી.

ચંદ્રકળા.	૦-૧૨-૦
કુમુદકળા—પાકું પુઠું.	૧—૪—૦
હીરામાણેકની મોટી એક ખાણુ.	૦—૨—૦
સંસાર દર્પણ—પાકું પુઠું.	૧—૦—૦
હમીરજી ગોહેલ—પાકું પુઠું.	૦—૮—૦
સુવાસીની સરલા.	૦—૯—૦
સાચા મોતી.	૧—૦—૦
સ્વામી સંવાદ.	૦—૨—૦
રામકૃષ્ણ વાક્સુધા.	૦—૩—૦
અધ્યાત્મ ઉપનિષદ્ અથવા આનંદઘન ચોવીશી.	૧—૦—૦
કર્મયોગ.	૦-૧૦-૦
ભક્તિ યોગ.	૦—૬—૦
હીપનોટીઝમ.	૨—૮—૦
હાજી બાવાનાં સહાસ કર્મો.	
પ્રભાત ચંદ્ર.	
ટોડ રાજસ્થાન મોટું	૫—૦—૦
ધી જેમ પૉકેટ ઇંગ્લીશ ટુ ગુજરાતી ડી. પાકું પુઠું.	૧—૮—૦
,, ,, ગુજરાતી ટુ ઇંગ્લીશ ,, ,,	૧—૮—૦

ધી પોપ્યુલર ઇંગ્લીશ ટુ ગુજરાતી ડીક્ષનેરી અધરવર્ડ સાથે. ૦-૧૦-૦

ધી સ્ટાર પોકેટ ઇંગ્લીશ ટુ ગુજરાતી ડીક્ષનેરી, ૦-૧૦-૦
રા. રા. ભગુભાઇ એફ. કારભારી કૃત.

ધી જેમ ઇંગ્લીશ ટુ ઇંગ્લીશ ડીક્ષનેરી. ૦-૧૦-૦

રા. રેવરન્ડ વેલ્સ કૃત પાઠમાળાના સમજુતીવાર ખુલાસા વધારાના ઇંગ્રેજી જ્ઞાન સાથે (કે. બી. નાણાવટી કૃત)

,,	,,	,,	ભા.	૧	૦-૨-૦
,,	,,	,,	ભા.	૨	૦-૨-૬
,,	,,	,,	ભા.	૩	૦-૩-૦
,,	,,	,,	ભા.	૪	૦-૩-૦

ઉપર લખેલાં પુસ્તકો સીવાય લાયબ્રેરીને લગતાં પુસ્તકો ગુજરાતી તથા અંગ્રેજી સ્કુલોપયોગી પુસ્તકો ડ્રોઇંગ બુકો-એકસરસાઇઝ ફુલીશકેપ તથા છાપવાની પ્રીન્ટીંગ પેપર સ્ટેશનરી સામાન મોટા જથ્થામાં લોટભાવે મલે છે વહેપારીને સારૂં કમીશન મલશે.

નીતિ વાક્યામૃત.

૧ ખાનપાનમાં વિવેક રાખવાથી જન્મનો નબળો બાંધો પણ સુધારી શકાય છે, આવરદાની દોરી લંબાવાય છે, અને રોગોની ઉત્પત્તિની સંખ્યામાં ઘટાડો કરી શકાય છે.

૨ કેળવણીના અભ્યાસની મદદથી માનસિક શક્તિને તીવ્ર અને વિકાશીત કરી શકાય છે.

૩ સંકટ અને દુઃખનાં પ્રત્યક્ષ કારણો આપણાં કર્તવ્યોજ છે.

૪ આપણું ચારિત્ર સુધારવા તથા કેળવવા, અને ઉત્તમ પ્રકારનો સ્વભાવ બનાવવામાં, તથા આપણું જીવન સુખી કરવામાં, આપણી મનોવૃત્તિઓ ઘણા ભાગે **કારણભૂત** છે.

૫ ઇચ્છાનું સ્વરૂપ ચારે તરફથી જુદા જુદા લોહચુંબકથી વીંટાયેલા લોઢાના કકડા સમાન છે, અને તેથી તે બળવાન સત્તા તરફ ખેંચાય છે. ઇચ્છાની સ્થીતિ પવન-ચક્રીના જેવી છે તેને પોતાની માહીતિ હોતી નથી. અર્થાત્ ઇચ્છા વખતે આત્મભાન હોતું નથી.

૬ પૂર્વજન્મના સંસ્કાર અને આ જન્મના આજુબાજુના સંયોગો એ બન્નેને લઇને અત્યારની આપણી સ્થીતિનું સ્વરૂપ બનેલું હોય છે.

૭ સારા કે નઠારા મનોરથો ઇચ્છા ઉપર ભારે અસર કરે છે, તેમ ઇચ્છા પણ તેના ઉપર અસર કરવાની શક્તિ ધરાવે છે.

૮ સુખ દુઃખનો આધાર મનની સ્થીતિ ઉપર રહેલો છે, બાહારના સંયોગોને આપણા મનની રૂચીને અનુકુલ બનાવવાની કોશીશ કરવા કરતાં, આપણા મનને બાહ્ય સ્થીતિને અનુકુળ બનાવવાનો અભ્યાસ પાડવો, એ સુખ પ્રાપ્તિનું રહસ્ય છે.

૯ સુખ દુઃખનું કારણ મન :નથી પણ પદાર્થો છે એમ જેઓ માને છે, તેઓમાં સ્પર્ધાનું જોર વધારે હોય છે. તેઓ શાસ્ત્રીય શોધખોળને આધારે મોજશોખના સાધનોમાં વધારો કરતા રહે છે, અને દુઃખના પ્રસંગોમાં ઘટાડો કરતા રહે છે. આવા સંયોગોમાં રહેલા લોકો સુખ પ્રાપ્તિને માટે મન અને સ્વભાવને અમુક પ્રકારનું વળણ આપવાને બદલે બાહ્ય સ્થીતિમાં સુધારો કરવાને પ્રયત્ન કરે છે, પણ એ તેમની ભૂલનું ભયંકર પરિણામ એકીવખતે અત્યારની જાદવાસ્થલીરૂપે પ્રગટ થાય છે.

૧૦ લાખો રૂપિયાની આવકવાળી જાગીર મળતાં જે સુખ થાય છે, તેના કરતાં વસ્તુ સ્થીતિની ઉજળી તથા સુખકર બાજુ જોવાની ટેવથી વધારે સુખ મળે છે. જે મનુષ્યો દરેક વસ્તુમાંથી સારૂં જ જુવે છે, તેમને માથે ગમે તેવી આફત આવી પડે છતાં તેમને સુખશાંતિ

દિલાસો મળ્યા વિના રહેતો નથી. આનંદિ-હસમુખો સ્વભાવ, તથા હરકોઇ બાબતની ઉજળી તથા આશાભરી બાજુ તરફ જોવાની ટેવ, એ જીંદગીના ઉપભોગનું મોટું સાધન છે.

૧૧ શરીર તથા મન બન્ને નિરામય હોવાં એ સુખની ઉચ્ચ અવસ્થા મનાય છે. પણ મનની નિરામયતાનો આધાર ઘણો ખરો શરીરની નિરામયતા ઉપર રહેલો છે.

૧૨ જે રીવાજો પ્રજાની સુખાકારીને લાભકારી હોય, અથવા નુકશાન પહોંચે તેવા નહોય, તે રીવાજોને ઉત્તેજન આપવામાં જે દેશમાં સત્તાનો ઉપયોગ કરવામાં આવે છે, તે દેશને ભાગ્યશાળી સમજવો.

૧૩ ઉગતું ઝાડ જેમ વાળ્યું હોય તેમ વળે છે, તેવી રીતે કુમળી વયમાં જેવી ટેવો પાડવી હોય તેવી પાડી શકાય છે.

૧૪ પહેલી અવસ્થાની નાની ભૂલો પરિણામે ભારે નુકશાન કરે છે.

૧૫ જે વ્યવહારનું યોગ્ય હદમાં કરેલું સેવન નિર્દોષ હિતાવહ અને પ્રશંસનીય હોય છે, તેનીજ હદ ઓળંગી જવાથી ઘણાનાં આયુષ્ય ખંડિત થયેલાં નજરે દેખાય છે.

૧૬ આરોગ્યતા ટકાવી રાખવા માટે મનની દ્રઢતાના ટેકાની ખાસ જરૂર છે. પુરતું કામકાજ એજ આપણી આરોગ્યતાની દરરોજની કસોટી તથા હમેશનું અભય પત્ર છે.

૧૭ જે માણસોના રોગો અસાધ્ય ગણાય છે, તેવા કાયમના દરદીઓને પણ ઉદ્યોગપૂર્ણ અને ક્રિયાશક્ત જીવન ગાળવાની ટેવ પાડવામાં આવે અને પોતાના દરદનો વિચાર કરી પોતાના મનને ઉદ્વિગ્ન કરવાનો તેમને અવકાશ આપવામાં ન આવે તો, બરાબર અરધા દરદીઓ સાજા થઇ જાય એમ હું ખાત્રીથી કહું છું.

૧૮ મનની નબળાઇ, નિરૂત્સાહીપણું, તથા ઉદ્યોગને તાબે થવાની ટેવના જેવી અત્યંત હાનીકારક બીજી કોઇ ટેવ નથી.

૧૯ મનની દ્રઢતા એ જીવનનું સત્વ છે. અને ઇચ્છાબળ એ મગજ અને જ્ઞાનતંતુ મારફતે શરીર ઉપર બળવાન સત્તા ભોગવે છે.

૨૦ હમેશાં કોઇપણ ઉપયોગી કામ ધંધામાં રોકાયેલા રહેવાની ટેવ, સ્ત્રી પુરૂષ બન્નેની સુખ સંપત્તિ માટે અવશ્ય જરૂરની છે. જેનું જીવન આશય વિનાનું અને નિરૂદ્યમી હોય છે, તેમના જેવા દુઃખી મનુષ્યો ભાગ્યેજ મળી આવશે.

૨૧ આળસ સર્વને એક સરખી રીતે પતિત કરનાર દુર્ગુણ છે આળસે કદી પણ દુનિયામાં નિશાન તોડીને નામના મેળવી નથી. લોહું જેમ કાટથી ખવાય છે, તેમ શરીર આળસથી ખવાય છે. આળસ બોજો છે. આળસ એક ઉપદ્રવ છે. કામના ઘસારા કરતાં આળસના ઘસારાથી, જીંદગી, જલદીથી ઘસાઇ જાય છે.

૨૨ જેમાં ઉત્સાહની વૃદ્ધિ કરનારો તથા ચિંતાથી મુક્ત રાખવાનો ગુણ રહેલો હોય, તેવા કામ ધંધામાં કે પ્રવૃત્તિમાં નિયમિત રીતે મચ્યા રહી જીવન પુરૂં કરવું, એજ જીવનની ઉચ્ચ દશા છે. આવું જીવ ભોગવનારા વિરલા હોય છે.

૨૩ ધીર પ્રકૃતિવાલા પુરૂષો જ્યારે માથે આફત આવી પડે છે ત્યારે, ખરા મર્દની માફક બાહાદુરીથી તેની સાથે બાથ ભીડવા તૈયાર થઇ જાય છે. તેમ કરવાથી તેમનામાં આત્મ અવલંબનનો ગુણ જાગૃત થાય છે તથા તેમની શ્રમ કરવાની તથા સહન કરવાની શક્તિઓ સજીવન થાય છે.

૨૪ આપણે આપણી વૃત્તિઓ શુદ્ધ અને પવિત્ર રાખીએ, જુદી જુદી બાબતોમાં અન્યનું હિત ધરાવતાં શીખીએ, અને ઉદ્યોગમાં મચ્યા રહેવાની ટેવ પાડીએ, તો જીવનને અંગે જે નિરાશા તથા ઉદ્વેગ રહેલા છે, તેનું પણ નિવારણ કરી શકીએ.

૨૫ આફતમાં આવી પડેલા માણસોને, પોતાનાથી વધારે સંકટ ભોગવનારા માણસોની સ્થીતિનો વિચાર કરતાં દિલાસો મળે છે. અને તેમને પોતાના દુઃખનો વિસારો પડે છે. આવી ટેવ ઘણી ઉપયોગી છે.

૨૬ વિવેક પૂર્વક અગમચેતીના ઉપાયો લેવા, તે ફતેહમંદ જીવનનું મુખ્ય લક્ષણ છે. પણ જો વિવેકથી વર્તવામાં

ન આવે તો, એજ ગુણુ દોષ રૂપ થઈ પડે છે. ભાવી સંકટની આગળથી કલ્પના કરીને ઘણા માણસો પોતાના મનને સંતાપ કરે છે. એટલુંજ નહિં, પણ જે સંકટ કદી આવવાનાં નથી, તેમના ભયની કલ્પના વડે તેઓ મનને વ્યગ્ર, કરીદેછે. અગમચેતીના ગુણોનો દુરૂપયોગ કરી ડગલે ડગલે અનિષ્ટ કલ્પના કર્યા કરવી, એ મનુષ્યની સ્થીતિ ખરેખર દયાપાત્ર છે.

૨૭ અતિશય મદ્યપાન અને વિષય લંપટપણાથી તંદુરસ્તીનો નાશ થાય છે, આયુષ્ય ટુંકું થાય છે.

૨૮ આળસ, જુગાર અને કુચ્છંદ એ સુખ સંપત્તિનો નાશ કરે છે.

૨૯ દુષ્ટ સ્વભાવ, સ્વાર્થ પરાયણુતા અને ઇર્ષા, એ મિત્રતાનો ભંગ કરે છે, તથા વિરોધ અને અભાવ ઉત્પન્ન કરેછે.

૩૦ છળ કપટ, દગલબાજી, જોર જુલમ અને બળાત્કારના માર્ગ ગ્રહણ કરવાથી, તેમજ અન્યના હકોની અવગણુના કરવાથી, કાયદા કે લોકમત મારફતે શિક્ષા મળ્યા સિવાય રહેતી નથી.

૩૧ સદાચરણુનો માર્ગ સુખની પ્રાપ્તિ કરાવી આપે છે, અને દુરાચાર પરિણામે દુ:ખનો ભેટો કરાવે છે.

૩૨ નિરૂદ્યમી અને આળસમાં ફોગટ ગુમાવેલું જીવન, જાતે નિરસ અને કંટાળા ભરેલું થઇ પડે છે. એટલુંજ નહીં પણ આપણી સઘળી શક્તિઓને હિતકારી માર્ગે

વાળવાથી જે આનંદ પ્રગટ થાય છે, તેનાથી આપણને એનસીબ રાખે છે.

૩૩ અહંકારી માણસના તરફ કોઇ પણ માણસ દિલસોજી બતાવવાની દરકાર કરતું નથી.

૩૪ ઉદ્યમ, કર્તવ્યપરાયણતા, અને સારાં આચરણ, એ ત્રણ ચીરસ્થાયી સુખનાં આવશ્યક અંગ છે.

૩૫ દુરાચારથી મળતો આનંદ ક્ષણ ભંગુર યાને અશાશ્વત છે. અને ઘણી વખત તે પોતાની પાછળ ક્લેશ, નબળાઈ અને પશ્ચાતાપનો વારસો મુકતો જાય છે.

૩૬ સુખના સર્વ અંગમાં સદ્વર્તન જે સરસાઈ ભોગવે છે, તેનું કારણ એટલુંજ છે કે તે ક્ષણિક સુખથી નહિ લોભાતાં, દીર્ઘ દ્રષ્ટી વાપરી સાચા અને લાંબી મુદત ટકે એવા શુદ્ધ સુખના માર્ગનું દર્શન કરાવે છે.

૩૭ પરોપકારી લાગણીઓનો આપણામાં વિકાશ થવાથી સ્વાર્થનિષ્ટ અને હુંપદ ભરેલી ચિંતાઓ દૂર હઠી જાય છે. અને આપણા જીવનની દ્રષ્ટી મર્યાદા વધારે બહોળી વિસ્તૃત થાય છે.

૩૮ જેમ આપણે સ્વાર્થ ઓછો શોધીએ છીએ, તેમ આપણી રહેણી વધારે નિયમસર થાય છે. નિઃસ્વાર્થી જીવન દુર્ગુણનો નાશ કરે છે, લાલસાઓ દુર કરે છે, મનને દ્રઢ કરે છે અને હૃદયને ઉન્નતિમાં આણી, તેમાં વધારે ઉચ્ચ વિચારનો સંચાર કરે છે.

૩૯ જીવનને સુખી બનાવવામાં બુદ્ધિ કરતાં સારાં લક્ષણોનો હાથ વધારે હોય છે.

૪૦ એકલપેટાપણાનો દુર્ગુણ આપણામાં દાખલ થતો અટકાવવાની, તથા સ્વાર્થ પરાયણતાની વધતી જતી કુટેવ અટકાવવા બહુજ કાળજી રાખવી.

૪૧ પાત્ર અપાત્રની તપાસ કર્યા વિના વગર વિચાર્યું પુણ્યદાન કરવાથી, જન સમાજને ભારે નુકસાન થાય છે. મજબુત બાંધાવાળાને ભિક્ષાથી પુરતો ખોરાક મળવાથી, મહેનત કરવાની કે ધંધે વળગવાની ગરજ રહેતી નથી. તેથી તેમનો આત્મ અવલંબન ગુણ નાશ પામે છે. તેઓ બેરીકરા, આળસુ અને અવિચારી થઇ જાય છે. આળસ અને અવિચારને ઉત્તેજન મળે છે. અનુક્રમી ભીખારીનો કાળ ખટપટમાં જાય છે. તે વર્ગમાંથી સાધારણ ગુન્હા કરનાર માણસો ઉત્પન્ન થાય છે આવાઓને ભિક્ષા આપવી તે પોતાના ખરચે ગુન્હેગાર મંડળી ઉભી કરવા જેવું છે. જેનું વર્તન સમાજની ઉન્નતિ કરવામાં સહાય ભૂત થઇ પડે તેનેજ પરોપકાર કરવો જોઇએ.

૪૨ અસ્થાને અને અઘટિત રીતે તથા પ્રમાણ વગરની દયા દેખાડવાથી દુનિયા ઉપર જેટલો અપકાર થાય છે, તેટલો બીજા કશાથી થતો નથી. બાહાર દેખાઇ આવતા સંકટની આપણી દયાવૃત્તિ ઉપર ભારે અસર થાય છે.

તેથી તેનું દુઃખ દૂર કરવા આપણે એકદમ કમરકસીને તૈયાર થઇએ છીએ. તે વખતે એટલો વિચાર કરવા પણ થોભતા નથી કે, આપણા કૃત્યનાં દેખીતાં અને પ્રત્યક્ષ પરિણામ કરતાં, છુપાં અને પરોક્ષ પરિણામ વધારે વિશાળ અને દૂરગામી હોય છે. નાના અનર્થને ટાળવા જતાં બીજો નહિ ધારેલો અનર્થ બીજી બાજુ-એથી છુપીરીતે ડોકું ઉંચુ કરે છે. અને તેની માઠી અસર વધારે વિશાળ અને બહોળા વિસ્તારમાં થાય છે.

૪૩ જે મા બાપ બાળકને અત્યંત લાડ લડાવી તેને સ્વચ્છંદ પણે વર્તવા દે છે, વાંક આવ્યા છતાં પણ કોઇપણ જાતની શિક્ષા કરતાં અચકાય છે, અથવા જે માંગે તે લાવી આપી તેનું મન ન દુભાય તેની કાળજી રાખે છે, તે પોતાના બાળકના માટે દુઃખી જીવનનો પાયો તૈયાર કરે છે.

૪૪ વસ્તુસ્થીતિનું ખરૂં સ્વરૂપ સમજવું, અને વિકારી કલ્પના શક્તિના દોરાયા દોરાવું નહિં. આ બે વાતો હમેશાં ધ્યાનમાં રાખવી.

૪૫ કર કસર કરવી, મિત વ્યયી થવું, નિરંતર ઉદ્યમમાં પ્રવૃત્ત રહેવું, વચન પાળવામાં નિયમિતપણું જાળવવું, અને ભવિષ્યનો વિચાર કરી અગમચેતી રાખવી, એટલા ગુણ હાલના જમાનામાં સુધરેલી પ્રજાઓની નીતિ સંબંધી ભાવનામાં અગ્રસ્થાન ભોગવે છે.

૪૬ હાલનો સુધારો ઉદ્યોગના જમાનાનો છે, અને લોકોને રૂચતી નીતિની ભાવનાનું સ્વરૂપ નક્કી કરવામાં ઉદ્યમ વિષયીક ખાસીયતો સૌથી વધારે સત્તા ભોગવે છે. ઉદ્યોગનો જમાનો ઉદ્યોગને પ્રાધાન્ય પદ આપે છે. અને નીતિનું ધોરણ ઉદ્યોગ વિષયિક ટેવોને અનુસરતું થતું જાય છે.

૪૭ રાજનીતિની ખરી કળા, જે લોકો બોલતા હોય છે તેમનું સાંભળવામાં રહેલી નથી, પણ જે લોકો નથી બોલતા તેમની ઇચ્છા સમજવામાં રહેલી છે.

૪૮ દેશના રાજવહીવટના ન્યાયીપણા ઉપરથી બાહારના લોકોની આસ્થા ઓછી થાય, તેથી દેશને જેટલું નુક-શાન છે. તેટલું નુકસાન બીજા કશાથી થતું નથી.

૪૯ મનુષ્યને જે અનેક વ્યવહારમાં પ્રવૃત્ત થવાનું છે, તેમાં પોતાની ચાલચલગતને કેળવવાનું અર્થાત્ પોતાનાં લક્ષણ ઘડવાનું કામ સૌથી વિશેષ ઉપયોગી છે. તે કામમાં સફલ થવા માટે પોતાના સ્વભાવ અને મનોવૃત્તિનું શાંત અને કાળજીપૂર્વક નિરીક્ષણ કરવાની ખાસ આવશ્યકતા છે.

૫૦ મનુષ્યે જેમ પોતાના દુર્ગુણોથી અજાણ્યા રહેવું જોઇતું નથી, તેમ પોતાના સદ્‌ગુણોથી અજાણ પણ જવું નહિં.

૫૧ શારીરિક સંપત્તિ ઉપર મનુષ્યનું જેટલું ચલણ ચાલી શકે છે, તેટલું ચલણ અને તેટલીજ સત્તા, તે પોતાના ચારિત્ર ઉપર પણ ભોગવી શકે છે.

૫૨ જે માણુસ સંયમશીલ કે અસંયમશીલ, નિયમિત, કે અનિયમિત જીવન ગાળતો હશે. પથ્ય કે અપથ્ય ખોરાક લેતો હશે, નબળા અવયવોને મજબુત બનાવવા કસરત કરતો હશે, આળસકે દુરાચારમાં મચ્યો રહેતો હશે, અને જેટલા પ્રમાણમાં ગજા ઉપરાંત અવળે રસ્તે મહેનત કરતો હશે, તેટલા પ્રમાણમાં તેની શારીરિક સંપત્તિ ઉપર, તેના આયુષ્યની મર્યાદા ઉપર, શરીરમાં રોગ થવાની સંભાવના ઉપર, સારી કે માઠી અસર થયા વિના રહેશે નહિ.

૫૩ મદ્યપાન તથા બીજા વિષય ભોગોનું અમર્યાદ પણે સેવન કરવાથી, તેમના ઉપભોગ માટેની તૃષ્ણા અત્યંત ઉત્કટ અને બલિષ્ટ થઈ જાય છે. અને માણુસ આખરે તેનો ગુલામ થઈ રહે છે. જેના ઉપર માણુસનો વિશેષ ભાવ હોય છે, જે વસ્તુ વિશેષ આનંદ આપે છે, તેજ આગળ જતાં પ્રધાન પદ ભોગવે છે.

૫૪ બળવાન મનોવૃત્તિના સામર્થ્ય ઉપરજ મનુષ્યના વર્તનનો આધાર રહેલો છે. જેની મનોવૃત્તિ દુષિત કે દુષ્ટ નથી હોતી તેનેજ ખરો ભાગ્યશાળી ગણવો જોઈએ.

૫૫ વયે પહોચતાં મનોવિકાર શાંત પડતા જાય છે, તેના વેગ અને જુસ્સામાં ઘટાડો થતો જાય છે, પણ તેની આદતો (ટેવો) દ્દઢ અને બળવાન થતી જાય છે. આ ઉપરથી જીવને સુખી બનાવે તેવી ટેવો પાડવી. અને

વૃત્તિઓને ઈષ્ટ વલણે વાળવી એ બાલ્યાવસ્થાનું મુખ્ય કર્ત્તવ્ય છે.

૫૬ બાલ્યાવસ્થા સુખમય નિવડે તેવી શીક્ષકે કોશીશ કરવાની જરૂર છે. પુખ્ત ઉમરને લાયકના વિષયો બાલ્યાવસ્થામાં શીખવાડવામાં આવે તો તે બોજારૂપ થઈ પડે, છતાં તેનાં બીજતો બાલ્યાવસ્થામાં વાવવાની જરૂર છે.

૫૭ વિષય ભોગોની પસંદગી કરતી વખતે એ નિયમ ખાસ લક્ષમાં રાખવો, કે વિષયોનો ઉપભોગ એવી રીતે કરવો કે તેથી ભવિષ્યનાં સુખ કે આનંદના ઉપભોગને બાધા કર્ત્તા થઈ પડે નહિં.

૫૮ જે માણસ યુવાવસ્થામાં અત્યંત મદ્યપાન, વિષયાશક્તિ, જુગાર, ઉડાઉ પણું, સ્વેચ્છાચાર વિગેરે દુર્ગુણોના સેવનમાં સુખ અને આનંદ માને છે, તેનો જન્મારો ખરાબ થયા સિવાય રહેતો નથી.

૫૯ વાંચનનો શોખ આનંદનાં દ્વાર ખુલ્લાં મુકવાની મહાન્ સત્તા ધરાવે છે મંદવાડ અને નબળાઇને લીધે એકાંત વાસમાં સડતા આજારીના મનને રંજન કરવાનું તે મુખ્ય સાધન છે. નિદ્રા વગરની રાત્રીના શૂન્ય પોહોરને તે પ્રકાશીત કરે છે. મનમાં સુખદાયિ વિચારોનો સંચાર કરે છે. વિષાદ અને ગ્લાની મટાડે છે. ક્રિયામાં અશક્ત અથવા વ્યવસાયી જીવનના કામ વગરના અવકાશને અંગે રહેલી બેચેનીને તે ખસેડે છે. કાંઈ નહીંતો થોડા વખતને માટે પણ મનુષ્યની ફીકર ચિંતાનો નાશ કરે

છે. આ વાંચનના શોખનું વિવેક પૂર્વક પોષણ કરવામાં આવે તો ચારિત્ર કેળવવાનું, વિચારને ઉમદા અને વ્યવસ્થિત બનાવવાનું તે અત્યંત બળવાન સાધન થઇ શકે છે. વાંચનનો શોખ બીજી જાતના આનંદને પણ પુષ્ટી આપે છે. જ્ઞાનની મર્યાદા વિસ્તૃત થાય છે. સહાનુભાવની તથા ગુણની કદર કરવાની વૃત્તિ તેથી બળવાન થાય છે. સોબત, પ્રવાસ, કળા, કૌશલ્ય ઇત્યાદિ મારફતે મળતા આનંદમાં અને સંસાર રૂપી નાટય ભૂમી ઉપર બનતા અનેક બનાવોમાં હિત ધરાવતા શીખવાના ગુણોમાં બેસુમાર સુધારો વાંચનથી થાય છે.

૬૦ બચપણથી વાંચન ઉપર રૂચી થવી તે બાળ શિક્ષણનું ઉમદા ફળ છે. પણ જો વાંચનના શોખની સાથે જ્ઞાન સંપાદન કરવાનો શોખ ઉત્પન્ન થાય, તેમજ ખાસ એક વિષય ઉપર ચિત્તની એકાગ્રતા કરવાની ટેવ પડે, તથા અવલોકન કરવાની શક્તિ આવે, તો તો ઘણોજ ફાયદો થાય.

૬૧ ઘણી વખત એક જાતનો શોખ બીજી જાતના આનંદનો માર્ગ બંધ કરે છે. બીજી જાતના આનંદ મેળવવાની શક્તિનો નાશ કરે છે. ચારિત્ર ઉપર માઠી અસર કરે છે. દાખલા તરીકે નોવેલ કથાઓ વાંચવાની ટેવ પડવાથી ઉમદા સાહિત્ય ઉપરની રૂચી નષ્ટ થાય છે. આ હલકા સાહિત્યમાં મચ્યા રહેવાથી રસ-

સત્તા નષ્ટ થાય છે. એક પ્રકારનો શોખ બીજી જાતના શોખનો પોષક હોવો જોઇએ.

૬૨ પહેલાની કેળવણીનો એવો ઉદ્દેશ હતો કે, મનને કેળવીને તથા અંકુશમાં રાખીને ઇચ્છાબળ વધારવું. સુખની ઉપેક્ષા કરીને દુઃખ સહન કરવાનો અભ્યાસ પાડવો. સ્વાભાવિક રૂચિઓ તથા વૃત્તિઓને અંકુશમાં રાખવી. કામનાઓની સત્તા અને સંખ્યામાં ઘટાડો કર્યા જવું. બાહારના પદાર્થોની ગરજ રાખ્યા સિવાય નિર્વાહ ચલાવી લેવાનો માહાવરો પાડવો. અને એકંદર રીતે આત્મોન્નતિનેજ પરમ પ્રાપ્તવ્ય ગણવું એવું શિક્ષણ અપાતું હતું.

૬૩ પહેલા પ્રકારની કેળવણી ઇચ્છાઓને કેળવે છે. અને બીજા પ્રકારની કેળવણી મનને કેળવે છે હાલની કેળવણી પહેલા પ્રકારની છે જ્ઞાન અને નીતિને ઇચ્છાના વિષય બનાવવા એ હાલની પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ છે.

૬૪ શરીર બળમાં પુરૂષથી ઉતરતી જણાતી સ્ત્રીઓ, મનના બળમાં અને સહન શીલતામાં પુરૂષોના કરતાં ચડીયાતી જણાય છે.

૬૫ નીતિની અને શિક્ષણની પદ્ધતિઓમાં મનના બળને પોષવા ઉપર વિશેષ લક્ષ અત્યારે આપવામાં આવતું નથી. બચપણથીજ આત્મસંયમ અને સ્વાર્થ ત્યાગના ગુણ પ્રાપ્ત કરવા, અને એકાગ્ર ચિત્તથી નિયમિત-

પણે ઉત્સાહ પૂર્વક કામે વળગવાની ટેવ પાડવી, એના જેવું બીજું હિતકારી એકે શિક્ષણ નથી.

૬૬ સુકાનના અંકુશમાં નહિં રહેનારૂં વાહાણ, પવન અને ભરતીની અનુકુળતા છતાં પણ, સહીસલામત ધારેલે બંદરે પહોચતું નથી. તેવીજ રીતે માણસનો સ્વભાવ ગમે એટલો માયાળુ, પ્રેમાળ અને પવિત્ર હશે પણ, જો તેના ઉપર આત્મસંયમનો અંકુશ નહિં હોય અને તે મનોવિકારના આવેશમાં આમ તેમ ઘસડઇ જતો હશે તો તેનાથી કોઇ દિવસ ઉત્તમ કાર્ય બની શકનાર નથી.

૬૭ કેટલાક એક માણસોએ પોતાના મનોવિકારને સ્વચ્છંદપણે વર્ત્તવા દીધેલા હોવાથી, તેમની મનોવૃત્તિઓ એટલી બધી ભ્રષ્ટ અને બલિષ્ટ થઈ ગયેલી હોય છે, તથા સન્માર્ગે દોરવાની વૃત્તિઓ એટલી બધી નિર્બળ થઇ ગયેલી હોય છે કે તેમના સ્વભાવમાં કોઇપણ ઉપાયથી સુધારો થઇ શકવાનો નથી, એમ નિશ્ચય માણસને થાય છે.

૬૮ બીજાના સ્વચ્છંદ વ્યવહાર કરતાં, આપણા પોતાનો સ્વચ્છંદ વ્યવહાર વધારે હાની કર્ત્તા છે.

૬૯ કોઇના ઉપર હુકમ ચલાવવો તેના કરતાં, આપણે કોઇના હુકમમાં રહેવાનું ન થાય એ પસંદ કરવા યોગ્ય છે.

૭૦ બીજાને અંકુશમાં રાખવાની ઇચ્છા રાખવી, તેના કરતાં પોતાની જાતને અંકુશમાં રાખવી તે વધારે સારૂં છે.

૭૧ પોતાના આત્મા ઉપર પ્રીતિ રાખવી એ પાપ નથી પણ, પોતાની ઉપેક્ષા કરવી એના જેવું બીજું પાપ નથી.

૭૨ મનોવિકારના દાસ થવું તેના જેવું એકે દુર્દૈવ નથી.

૭૩ જે માણસ પોતાની જાતને કાબુમાં રાખી શકતો નથી, તે બીજાનો ઉપરી શી રીતે થઇ શકવાનો ?

૭૪ જે પોતાના મનપર જીત મેળવે છે તે આખા જગતને વશ કરી શકે છે. જે પોતાને વશ કરી શકતો નથી, તે બીજાને વશ થાય છે.

૭૫ ક્રોધમાં વરસાદ જેવો ગુણ રહેલો છે. તે જેની સાથે અફલાય છે તેને કાંઇ થતું નથી. પણ પોતેતો છિન્ન-ભિન્ન થઇ જાય છે ક્રોધી માણસ સામાનો પરાભવ કરવા જતાં પોતેજ હારખાઇ પાછો હઠે છે.

૭૬ ડાહ્યા માણસે હમેશાં શાંત વૃત્તિનુંજ સેવન કરવું, પોતાની વૃત્તિઓને બહેકી જવા ન દેવી.

૭૭ સદ્‌ગુણી કે દુર્ગુણી થવું તે આપણા પોતાના હાથની વાત છે. બીજી બધી વાતો પ્રારબ્ધાધિન છે.

૭૮ પોતાને નુકશાન થવામાં કદાચ કોઇ બાહ્ય નિમિત્ત હશે, પણ ખરી રીતે તેનું મૂળ કારણ પોતાની દુષ્ટ વૃત્તિઓજ છે. બીજાને કાંઇ લેવા દેવા નથી.

૭૯ લુહાર લોઢાને ટીપીને (સોની સોનાને ટીપી કે ઓ- પીને) તેના સારા ઘાટ બનાવવાની જેટલી કાળજી રાખે છે, તેટલી કાળજી તમારા આત્માને ઉન્નત કરવા માટે પણ તમે રાખતા નથી એ કેટલી શરમની વાત છે?

૮૦ કોમળ પાણીના મારાથી જ્યારે પથ્થર પણ ઘસાઇ જાય છે, તો પછી આપણા હૃદય તથા મનનો મળ આપણે કેમ ઘસી કે દૂર કરી ન શકીએ ?

૮૧ વિષય લંપટ અને વ્યસની માણસો પશુ કરતાં પણ હલકાં છે. દેહનો દુરૂપયોગ, અતિ ઉપયોગ અને અના- દર થાય. ત્યારે આધિ, વ્યાધિ, તેને ઘેરી લે, અને અસહ્ય યાતના ભોગવવી પડે તેમાં કોનો દોષ? પોતાનોજ.

૮૨ સંતોષી સ્વભાવવાળાનાં શરીર હૃષ્ટ પુષ્ટ હોય છે, પણ બળેલા સ્વભાવવાળાનાં શરીર સુકલકડી જેવાં હોય છે ચિંતાવાળા, ઇર્ષાળુ અને અસંતોષીના શરીરે લોહી ચડતું નથી.

૮૩ છોકરાંને છાનાં રાખવા માટે કેટલીક માતાઓ, ઓ વાઘ આવ્યો ! ઓ ઘોઘર આવ્યો ! ઓ બાઉ આવ્યું ! ઇત્યાદિ કહી બીવરાવનારી માતાઓએ યાદ રાખવું કે તેથી છોકરાં કાયમ માટે બીકણ થઇ જાય છે. એટલું નહિ પણ કેટલીક વખત તેમાંથી ગંભીર પરિણામો નીપજે છે.

૮૪ ઘણા ખરા મંદવાડનું મૂળ કારણ અજીર્ણ વિકાર હોય છે. હંમેશાં જઠરાગ્નિ ઉપરાંત બોજો નાખવાથી, અનેક

જાતનાં રોગોનાં બીજ રોપાય છે. અલ્પ આહારથી શરીર હલકું રહે છે, મન પણ સ્ફૂર્ત્તિવાળું થાય છે. અતી અહારથી શરીર ભારે લાગે છે, ઇંદ્રિઓમાં જડતા આવે છે, અને બુદ્ધિપણ કહ્યું કરતી નથી. એક તરફ દુનિયાના તમામ રોગો અને બીજી તરફ અજીર્ણ વિકારથી થતા રોગોનું પ્રમાણ સરખું આવે છે.

૮૫ રસના ઉપભોગથી થતો આનંદ ક્ષણિક છે, અને પરિણામે હાનિકારક છે. તરવાર કરતાં સ્વાદઇંદ્રિયે મનુષ્યના ઘણા ભોગો લીધા છે. સ્વાદ ઓછો કરો અને જીવનને બચાવો. સઘળાં બંડ કરતાં હોજરીનાં બંડ વિશેષ ભયંકર છે. સાદો અને માફકસરનો ખોરાક લ્યો હોજરી પુરેપુરી ભરેલી હોય છે ત્યારે મગજ બરાબર કામ કરી શકતું નથી આ કારણથીજ ઉપવાસનો દિવસ **ધર્મક્રિયા** માટે યોગ્ય મનાયેલો દેખાય છે.

૮૬ આધિ, વ્યાધિ, કલહ, બકબકાટ અને વિના પ્રયોજને માર સહન કરવો એ સઘળું એક સ્થળે દેખવામાં આવે છે ? એમ મને જો કોઈ પ્રશ્ન કરે તો હું તેનો ઉત્તર એટલોજ આપું કે જ્યાં આગળ લોકો એકઠા થઈ દારૂ પીવે છે ત્યાં તે સર્વે હોય છે.

૮૭ મદ્યપાનના સેવનથી માણસ નિર્ધન થાય છે. મદ્યપાનને અંગે રહેલા અનર્થમાં આતો સૌથી નજીવો અનર્થ છે પણ મદ્યને લીધે માણસ પશુ કરતાં પણ નીચ બને

છે. તેને મોટી આફતો આવી પડે છે તે તેણે જાતે માંગી લીધેલી હોય છે મદ્યથી વધારે બીવાનું કારણ એ છે કે તેનું ખરૂં સ્વરૂપ અત્યંત ભયંકર છતાં બહારથી તે ઘણુંજ મોહક લાગે છે. મદ્યપાનના સેવનથી બેચેની દૂર થઈ ઉત્સાહી થવાશે, એવા ખોટા, ખ્યાલથી અનેક માણસો ખુવાર થયા છે, અને થાય છે મદ્યપાન શરીર સંપત્તિને હાની કરે છે. મદ્યપાન કરનારાનાં આયુષ્યો મદ્યપાન નહિં કરનાર કરતાં ઘણાં ઓછાં હોય છે. માનસિક સંપત્તિની પણ હાની થાય છે શાન્ત અને સુસ્ત માણસો પણ મદ્યપાનથી તકરારી અને ટંટાખોર થાય છે. તેની વિષય ઇંદ્રિઓ અમર્યાદિત થાય છે.

૮૮ કોમળ અને સુગંધીદાર પુષ્પ તો માથા ઉપર ધારણ કરવા યોગ્યજ ગણાય, તે કાંઇ પગતળે કચરી ન નંખાય તેમ આ શરીરનું દિવ્ય મંદિર બનાવવું એ આપણી મરજી અને સત્તાની વાત છે.

૮૯ પરિશ્રમ—મહેનત એ સર્વે મુસ્કેલીઓનો પરાભવ કરે છે. યોગ્ય પરિશ્રમ જાતેજ આનંદરૂપે છે. આળસ એ શરીરનો કાટ છે. લોઢું કાટથી જેમ ખવાઇ જાય છે, તેમ શરીર આળસથી ખવાય છે.

૯૦ દિવસે કામ કરનારને રાત્રે શાંત અને ગાઢ નિંદ્રા આવે છે. ઘણી જવાબદારી અને જંજાળોવાળા માણસો ઉંઘથી બેનસીબ રહે છે. દિવસ જો સારી રીતે કામમાં ગાળવામાં આવે તો રાત્રે નિંદ્રા આપોઆપ આપણી

સેવામાં હાજર થાય છે. ઔષધની મદદ વડે કૃત્રીમ ઉંઘ લાવવી એ ઘણું જોખમ ભરેલું છે. એવી લાલચમાં કદી ફસાવું નહિ. આપણાં આચરણો વ્યવસ્થિત રાખીશું તો થોડીવારમાં પૂર્વેની માફક નિંદ્રા આવ્યા કરશે. ઉંઘ શરીર અને મનનો બોજો ઓછો કરે છે.

૯૧ વિશ્રાંતિ લેવાના વખતમાં પણ આપણે જો દુનિયાદારીનાં સંકટ, જંજાળો, દુઃખ અને મુસીબતોનોજ વિચાર કર્યા કરીએ, મગજને વિશ્રાન્તિ ન આપીએ, તો તે કાળ કામ કરવા કરતાં પણ વધારે કંટાળા ભરેલો આપણને લાગશે. એવી વિશ્રાન્તિ કરતાં કામ હજાર દરજ્જે સારૂં છે.

૯૨ દિવસની સખ્ત મજુરીથી શરીર અને મન જેટલાં ઘસાય છે, તે કરતાં રાત્રે કંટાળા ભરેલા વિચારોમાં જાગતા પડી રહેવાથી બન્નેને વધારે ઘસારો પડે છે.

૯૩ આપણે આપણા મનને શુદ્ધ અને આનંદદાયક વિચારોમાં રોકવું જોઇએ, અથવા વર્તમાન કાળની સાથે જેને સંબંધ નથી એવી પુરાતની કાળની કોઇ કથા, શૌર્ય કે પ્રવાસની વાર્તા, ઉત્તમ જીવનચરિત્ર ઇત્યાદિ વાંચવામાં મનને રોકવાથી નિત્યની જંજાળોનું વિસ્મરણ રાત્રે થઇ શકશે. આવે પ્રસંગે કલ્પનાની પાંખો ઉપર બેસી અનંત દેશ કાળના પ્રદેશમાં મોજથી ઉડયા કરવાથી પ્રસ્તુત કામની દુગ્ધાઓનું વિસ્મરણ થઇ મન

આનંદમાં મગ્ન થશે. વળી આગ્રહ પૂર્વક પરમાત્માનું સ્મરણ કરવામાં મનને જોડવામાં આવે તો ઘણીજ થોડીવારમાં ઉંઘ આવી જશે.

૯૪ રાત્રિનો સમય દિવસ કરતાં વધારે રમણીય અને વિશ્રાન્તિદાયક હોઇ, દિવ્ય વિચારનો પોષક છે. પુરાતન કાળમાં જે રૂષી, મહર્ષી, મહાત્માઓએ પરમાત્માનો સાક્ષાત્કાર મેળવેલો હતો, તે સૂર્યના પ્રચંડ તેજસ્વી પ્રકાશમાં નહિં પણ રાત્રીના શાંતિપ્રદ પ્રદેશમાંજ મેળવ્યો હતો.

૯૫ પાપી અને અજ્ઞાની હોય તેમનેજ મૃત્યુનો ડર હોય છે, પણ પુન્યશાળી કે જ્ઞાનીને મૃત્યુ એ મંગલીક પ્રસંગ જેવું આદરણીય લાગે છે.

૯૬ જે મનુષ્ય ઉત્તમ જીવન ગાળે છે તે દેવ સમાન થઇ શકે છે. અને જે મનુષ્ય અધમ જીવન ગાળે છે. તે પશુ સમાન થઇ જાય છે.

૯૭ આહાર, નિન્દ્રા, ભય, અને મૈથુન એ ચાર, મનુષ્ય અને પશુમાં સમાન છે એમાં જે રચ્યોપચ્યો રહે તે પશુજ છે. પણ જે સત્ય, શૌચ, અહિંસા, આર્જવ, ઇંદ્રિયદમન, શાન્તિ, ભક્તિ, જ્ઞાન, વિરક્તિ વીગેરે ધર્મ નાં લક્ષણરૂપ મનાતા દૈવી ગુણોનું અનુસરણ કરે છે તે દેવજ છે,

૯૮ સ્વર્ગનાં અલૌકિક સુખનો અનુભવ કરવો, કે નરકની યાતનાઓ ભોગવવી, એ બન્ને વાતો આપણા હાથમાં

છે. જો મનુષ્ય દુષ્ટ કે તિરસ્કારને પાત્ર નિવડે તો તેમાં પોતાનોજ દોષ છે.

૯૯ કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે છે, તેમ બાળકોના અંતઃકરણ ઉપર કેવા સંસ્કાર પાડવા તે બાબતમાં મા બાપે તથા શિક્ષકે ખાસ કાળજી રાખવી ઘટે છે.

૧૦૦ બાળકો જેમની સાથે વિશેષ રહેતાં હોય છે, તેમની અસર તેમનાં ચારિત્ર ઉપર વિશેષ પડે છે. બાળક સામાને જેવાં દેખે તેવાં થતાં શીખે છે. માટે માબાપ, તથા શિક્ષક ઉપર બાળકોને કેળવવાની મોટી જવાબદારી રહેલી છે.

૧૦૧ બાળકોનાં મન કોરા કાગળ જેવાં છે તેથી તેના ઉપર જે લખવા ધારીએ તે લખી શકાય છે. પણ એકવાર લખ્યું તે વજ્રલેપ જેવું થઇ જાય છે, માટે તેના ઉપર જે લખવું તે સંપૂર્ણ વિચાર કરીનેજ લખવું જોઇએ.

૧૦૨ બાળકોને ઉપદેશ કરીએ, તેના કરતાં આપણા વર્તનની તેમના ઉપર વધારે ઉંડી છાપ પડે છે. આથી કરીને જેમના વર્તનના સંસ્કાર, બાળકના ઉપર પડવાનો સંભવ હોય તેમણે પોતાનું વર્તન ઉંચા પ્રકારનું રાખવું જોઇએ.

૧૦૩ પુરૂષોમાં શરીરબળ વધારે હોય છે. પુરૂષોમાં મનની દઢતા અધિક હોય છે, સ્ત્રીઓમાં સંભાવનાની દઢતા અધિક હોય છે.

૧૦૪ મનુષ્ય ગમે તેટલો ગરીબ હોય પણ સદ્વર્તનશાળી હોય તો તે રાજા કરતાં પણ ચડીયાતો છે, પણ ધનવાન્ છતાં વિકારનો ગુલામ થઇ જાય, દુષ્ટ વૃત્તિઓ દોરવે ત્યાં દોરવાય, અને લાલચોમાં લપટાય તો તે અધમજ છે.

૧૦૫ મનુષ્યનું ખરૂં મનુષ્યત્વ તેના ચારિત્રમાંજ રહેલું છે. મુગટ ધારી મસ્તક હમેશાં બેચેન રહે છે. રાજા વિગેરે મોટા લોકોની સ્થીતિ આકાશમાંના ગ્રહો જેવી છે, તેમને વિશ્રાન્તિ હોતી નથી.

૧૦૬ બીજાને બંદીખાનામાં નાખનારો જુલમી રાજા પોતાના કેદી કરતાં વધારે સુખ ભોગવી શકતો નથી. એટલુંજ નહિ પણ ઉલટું વધારામાં તેનો જીવ વધારે ધાસ્તીમાં હોય છે.

૧૦૭ માણસ જો નિર્દોષ અને નિષ્કલંક હોય, તેનું અંતઃકરણ પવિત્ર અને ચિત્ત સ્વસ્થ હોય, તો કેદખાનું પણ તેને સારૂં છે પણ જો ફીકર અને ચિંતામાં ગ્રસ્ત હોય, તો મોટું રાજ્ય પણ નકામું છે.

૧૦૮ સુખ પ્રાપ્તિના કામમાં જોર જુલમ કે બળાત્કારનો ઉપાય કામમાં આવતો નથી.

ૐ

નીતિ વાકયામૃત.

મણકો ૨ જો.

૧ બીજાઓની ઉપર અધિકાર ભોગવવા ખાતર પોતાની સ્વતંત્રતા ખોવી એ તો ખોટનોજ ધંધો છે. સત્તા, ખોળવી અને સ્વતંત્રતા ગુમાવવી, બીજા ઉપર સત્તા ચલાવવા મથવું, અને પોતાની જાત ઉપરનો કાબુ ખોઇ બેસવો, એતો પુત્ર લેવા જતાં ધણી ખોઇ બેસવા, જેવું અયોગ્ય છે.

૨ કીર્તિએ સુખના સ્મશાન તુલ્ય છે.

૩ સંપત્તિ, માનપાન, અને સત્તાને લીધે માણસ, જીવનનાં બીજાં સુખોનો ઉપભોગ કરવા માટે નાલાયક થઇ જાય છે. એવા વૈભવ અને મોટાઇ તને રામ રામ છે. !

૪ જે માણસ બીજાના માથા ઉપર પગ દઇને ચાલવાની ઇચ્છા રાખે છે, તેમને કોઇ દિવસ શાંતિ કે સુખનો અનુભવ મળતો નથી. શાંત અને સુખી જીવન ગાળવાની ઇચ્છા રાખનારે મોટા થવાની લાલસા મૂકી દેવી જોઇએ.

૫ દુનિયામાં પોતાની વાહવાહ કહેવરાવવી. મોટાઇ મેળવવી એના જેવો જોખમ ભરેલો ધંધો બીજો એક પણ નથી. કીર્તિ કે સત્તા મેળવવા માટે કોશીશ કરવાની કે વળખાં મારવાની જરૂર નથી. તમે શાણા અને સારા હશો તો તમારી ઇચ્છા વિના પણ તે તમારી સમક્ષ હાજર થશે.

૬ ખીંટીએ લટકાવી રાખેલી કટાઇ ગયેલી તલવાર માલીકની હાંસીજ કરાવે છે. તેમ આળસુ થઈ જવાથી બટ્ટો લાગે છે. દૃઢ ઉદ્યોગમાં મચ્યા રહેવાથીજ કીર્તિ ઉજવળ રહે છે.

૭ બાળકોને માટે દ્રવ્ય કે ઉંચા અધિકારનો વારસો મૂકી જવાનું બધાથી બની શકે તેવું નથી, પણ બાળકોને સદાચારી અને સદ્‌ગુણી બનાવવા જેવો એકે કીંમતી વારસો નથી. માટે તેવાં બાળકોને બનાવવા પ્રયત્ન કરવો એ માતા પિતાનો અમૂલ્ય વારસો છે.

૮ શ્રીમંત અને સત્તાવાન્ પુરૂષો પોતાનાં દુષ્ટ વર્તનથી જગતને સુધારવાને બદલે બગાડતા જાય છે.

૯ સત્યજ્ઞાન એ પર્વતમાંથી નિકળતાં નિર્ઝરણા જેવું છે. તે પાણી નિત્ય પ્રવાહથી વહ્યા કરે છે, તોજ સ્વચ્છ અને નિર્મળ રહી શકે છે. નહિંતર ખાડામાં ભરાઇ રહી બંધિયાર થતાં તેમાં દુર્ગંધ ઉત્પન્ન થાય છે. આજ પ્રમાણે શાસ્ત્રિય જ્ઞાનનો પ્રવાહ નિરંતર વહેતો રહે તેજ યોગ્ય છે.

૧૦ પ્રજાના આરોગ્ય, સુખ અને ખરા મનુષ્યત્વમાં સુધારો વધારો થાય, તેની ઉપરજ દેશની ઉન્નતિનો આધાર છે.

૧૧ જો તને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત ન થાય, તો જે પ્રાપ્ત થયેલું હોય તેને ઇષ્ટ માનીને બેસી રહે.

૧૨ પ્રકાશને જેમ અંધારૂં વળગેલું છે તેમ સુખને, દુઃખ વળગેલું છે. મનુષ્યોની આજુબાજુ સુખ દુઃખના ભરતી ઓટ થયાજ કરે છે.

૧૩ હરકતમાં બરકત રહેલી છે. મુસીબતો, એ સામર્થ્યની કસોટી સમાન છે. આફતો, એ સાવચેતીની સૂચના કે ચેતવણી સમાન છે.

૧૪ શરીરને વૃદ્ધાવસ્થા આવવા ન દેવી એ આપણા હાથમાં નથી, પણ શોક અને સંતાપને લીધે મનનેજ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તે આવવા ન દેવી, એ આપણી સત્તાની વાત છે. મન જ્યાં સુધી જીર્ણ થયું નથી, ત્યાં સુધી શરીર ગમે તેટલું જીર્ણ થાય તો પણ હાની નથી.

૧૫ દુઃખના સો ઉદ્‌ગાર કાઢવાની તસ્દી લેવી તેના કરતાં, એકવાર પેટ ભરીને હસવું તે પસંદ કરવા યોગ્ય છે.

૧૬ જેમ સુખ ચાલ્યું ગયું તેમ દુઃખ પણ ચાલ્યું જશે. છતાં ખેદ કરીને આપણા જીવન રૂપી વાજાને બેસુર બનાવવું એ તો મૂર્ખાઈ છે.

૧૭ આવી પડેલું દુઃખ ભોગવ્યા સિવાય છુટકો નથી તો પછી બડબડાટ કરીને ભોગવ્યા કરતાં આનંદથી

ભોગવવું એ ડાહાપણ ભરેલું છે.

૧૮ મનુષ્યો જે શોક અને સંકટ ભોગવે છે તેમાં કેટલાંક તો પોતપોતાની મેળેજ માથે વોહોરી લીધેલાં હોય છે. તે દુઃખમાંનો મોટોભાગ દુર્વ્યસન, દુરાચરણ દુષ્ટસ્વભાવ, અને ખાવાપીવામાં અમર્યાદિતપણું એ બધાને લીધે ઉત્પન્ન થવા પામ્યાં હોય છે.

૧૯ માણસ જો બરાબર કાળજી રાખી સર્વ વાતનો વિચાર કરીને પગલું ભરે, તો ઘણી ભૂલો ટાળી શકાય તેવી હોય છે તેમાંથી બચી શકે છે.

૨૦ સુખ દુઃખનું કારણ મન છે. જેવી જેના મનની વૃત્તિ તેવો તેને સંસાર લાગે છે. તારે જો સુખી જીવન ગાળવું હોય, તો જગતના બધા વ્યવહાર તારી મરજી મુજબ ચાલે એવી ઇચ્છા કરીશ નહિં પણ તુંજ જગતના જેવો થા.

૨૧ પોતાના પગમાં જોડા પહેર્યા એટલે, તે આખી પૃથ્વી ઉપર ચામડું પાથર્યા સમાન છે. તેજ પ્રમાણે આપણે શાન્ત વૃત્તિનું સેવન કરીશું, તો માથા ઉપર દુઃખના ડુંગર તુટી પડશે તો પણ આપણા સુખમાં અંતરાય આવશે નહિં.

૨૨ આ દુનિયાનું કોઇપણ સુખ એવું નથી, કે જે દુઃખની છાયાથી તદ્દન મુક્ત હોય, તેમ કોઇપણ દુઃખ એવું નથી, કે જેમાં સુખનો અંશ-લેશ પણ નહોય, માટે

માથે સંકટ આવી પડે ત્યારે આક્રંદ કરવા બેસવું કે રોદડાં રડયા કરવાં, એના જેવી બીજી મૂર્ખાઇ શું હોઇ શકે ? એમ કરવાથી સંકટ નિવારણ થતું નથી, માટે ધૈર્યતાથી સહન કરો, અને ચિત્ત શાન્ત કરી નિવારણનો ઉપાય શોધો.

૨૩ જેની પાસે ધૈર્ય રૂપી ધનનથી, તેના જેવો બીજો નિર્ધન કોઇ નથી.

૨૪ જે થાય છે તે સારાને માટે થાય છે, એમ માની હમેશાં આનંદમાં રહેવું. ફોગટની હાયવોય કરવાથી બમણો ખેદ થાય છે.

૨૫ સુખ મળે તો મેં મેળવ્યાં અને દુઃખ પડે તો દૈવે મોકલ્યાં એવી વૃત્તિ ન રાખવી. કાંતો બન્ને પોતે કર્યાં, અને કાંતો બન્ને દૈવે આપ્યાં એમ માનો, જેથી મન ખેદ કરતું અટકશે પોતે કર્તા થતાં પોતાની ભૂલ સુધારાશે, અથવા દૈવ ઉપર ભરોંસો રાખતાં તેની નિશ્રા કબુલ કરાશે.

૨૬ સ્વાર્થ પરાયણતા, લુંટફાટ, ઇર્ષા ચેનબાજી, લોભ, અહંકાર ઇત્યાદી દુર્ગુણોનો ફેલાવો થવાથી જગતમાં જ્યાં ત્યાં ટંટાફિસાદ, લડાલડી, હોંસાતોસી અને શોકના ઉદ્ગાર સંભળાય છે.

૨૭ ઘણી વખતે ખોટામાંથી સારૂં નીપજે છે. અને દેખીતી આફત આર્શીવાદ સમાન થઇ પડે છે, કેટલાક, અલૌકિક

ગ્રંથો તેમના લેખકોએ, કારાગ્રહમાં હતા તે વખતે અને તેને લીધે લખાયેલા છે. એવી આફતને લીધેજ તેમનાં નામ અમર થવા સાથે દુનિયાને મોટો લાભ થયો છે.

૨૮ હું જે સ્થીતિમાં હોઉં તે સ્થીતિમાં સંતોષ માનવાને મને અભ્યાસ પડી ગયો છે, તેથી મને દારિદ્ર તરફની બીલકુલ ચિંતા નથી.

૨૯ સારાં કામ કરનાર કદી નઠારી ગતિને પ્રાપ્ત થતો નથી.

૩૦ અન્ન, વસ્ત્ર, પાણી અને છાંયા. એટલી વસ્તુઓજ જીવન નિર્વાહ માટે આવશ્યક છે. અને તે વસ્તુઓ થોડા પરિશ્રમથી પ્રાપ્ત થઇ શકે છે. માટે નિર્વાહ સારૂ ચિંતાતુર રહેવાની બીલકુલ જરૂર નથી પણ તૃષ્ણાને લગામ નથી હોતી.

૩૧ વિકટ પ્રસંગે ખેદ ન કરવો, તેમ ના ઉમેદ થઈ જવું નહિ પણ કમર કસીને તેની સામે બાથ ભીડવી. મુસીબતોથી ડરીને નાશી જતાં તે આપણી પાછળ પડી આપણને પકડી પાડયા સિવાય રહેની નથી. પણ હિમ્મતથી તેની સામે થતાં તે પાછી હઠી જાય છે અને આપણો વિજય થાય છે.

૩૨ મહાન્ પુરૂષોનું ખરૂં સામર્થ્ય વિપત્તિના પ્રસંગેજ પ્રગટ થાય છે, સંપત્તિના પ્રસંગમાં તેટલું પ્રગટ થતું નથી. **અગરને** દેવતામાં નાખ્યાથી તેમાંથી જે સુગંધ પ્રગટ થાય છે, તે સુગંધ બાહાર હોય છે ત્યારે તેટલી દેખાતી નથી.

૩૩ સંપત્તિના પ્રસંગમાં મહાન્ પુરૂષોનું ચિત્ત કમળ જેવું કોમળ હોય છે પણ વિપત્તિના પ્રસંગમાં તો પર્વતથી પણ વધારે કઠીણુ મન હોય છે.

૩૪ જગતમાં સંકટ કાંતો કરેલ કર્મની શિક્ષા તરીકે હોય છે અથવા આગામી સંકટથી સાવધ રહેવાની ચેતવણી રૂપે હોય છે ઠોકરો ખાધા સિવાય માણસમાં હુંશિયારી આવતી નથી. સંકટ આપણને સાવધ કરે છે સાવચેતીના ઉપાય સુચવે છે.

૩૫ બીજી જાતનાં સંકટ આપણા ધૈર્યની તથા આપણા દૈવતની પરિક્ષા કરે છે. પ્રલ્હાદ, ધ્રુવ, હરિશ્ચંદ્ર, નળ, મહાવીર ઇત્યાદિ પુરૂષોપર સંકટ ગુજર્યા ન હોત તો તેમની ખરી કિંમત દુનિયાં કરી શકત નહિ. જે મુસીબતો મૂર્ખ લોકોને હેરાન કરી નાંખે છે. તેજ મુસીબતો શાણા પુરૂષને ચડતીનાં સાધનરૂપે થાય છે.

૩૬ વિપત્તિ માણસમાં માણસાઇ લાવે છે. જ્યારે સંપત્તિ અયોગ્ય માણસને રાક્ષસ બનાવે છે.

૩૭ મિત્રની પરિક્ષા વિપત્તિ પ્રસંગે થાય છે. અને વૈભવનો જે ક્ષય અર્થાત્ ગરીબાઇ વખતે સ્ત્રીની પરિક્ષા થાય છે. જે સાચો સ્નેહી હોય છે તેજ વિપત્તિના પ્રસંગે પાસે ઉભો રહે છે, અને જે સ્વાર્થ સાધવા ભેગા થયા હોય છે તે વિપત્તિ પ્રસંગે કે વૈભવ ક્ષય થયે પાસે આવતા નથી.

૩૮ અગ્નિમાં તપાવવાથી સોનારૂપા અને કથીરની પરિક્ષા થાય છે તેમ આપત્તિકાળે ખરા અને સ્વાર્થી મીત્રો પરખાઇ આવે છે.

૩૯ આખા દેશપર સંકટ આવી પડે છે ત્યારે ખરા સ્વદેશ પ્રેમી પુરૂષો પોતાની અંગત લાગણીઓને કોરે મૂકી દઇ દેશના રક્ષણ માટે એક દીલ થઇ જાય છે.

૪૦ આ જગતમાં થોડા થોડામાં ના ઉમેદ થઇ કે નાસીપાસ થઇ જનારનું કામ નથી ' ભૂલ્યા ત્યાંથી ફરી ગણો ' આ સૂત્રને લક્ષમાં રાખી જે માણસ, પાછો પડયા છતાં તેની પાછળ મંડયો રહે છે. તેજ આ જગતમાં વિજય મેળવે છે. પ્રોફેસર હક્ષ્લી મહાન્ વકતા હતો. શરૂ-યાતમાં તેની ફજેતી થઇ, ભાષણ ન કરવા કોઇએ ગુપ્ત ચીઠ્ઠી લખી, કોઇએ સલાહ આપી, પણ તે પ્રયાસમાં મચ્યો રહ્યો તો છેવટે તે એક મહાન્ વકતા થયો.

૪૧ અભ્યાસ વડે હરેક કામમાં નિપુણતા મેળવી શકાય છે. અનેક અડચણો નડવા છતાં ઉત્તમ માણસો હાથમાં લીધેલું કામ છોડતા નથી.

૪૨ આફત આવી પડયા પહેલાં શોક કરવા બેસવું એના જેવું દુઃખ બીજા કશાથી થતું નથી. **કલ્પનાએ** ખડાં કરેલાં દુઃખ પ્રત્યક્ષ દુઃખ કરતાં વધારે ત્રાસ દા-યક છે.

૪૩ માણસોને જેની દેહેસત વધારે લાગતી હોય છે, તે તેમના સ્મરણમાંથી જલદી નીકળી જતું નથી.

રખેને કાંઈક જોખમમાં આવી પડીશું એવી બીકથી ઘણા માણસો દુઃખ અનુભવતા હોય છે. સંકટની બીકજ ઘણી વખત સંકટનો જન્મ આપે છે.

૪૪ કેટલીક વખત સુખની અવગણના કરવાથીજ આપણે દુઃખી થઈએ છીએ કેટલીક દવાઓ સસ્તી છતાં રામબાણ હોય છે પણ કેટલાક એવા મુર્ખ હોય છે કે સસ્તી દવાથી મોટા રોગો મટે તેવાત તેમના માન્યામાંજ આવતી નથી. અને સામે આવેલા સુખના સાધનનો અનાદર કરી દુઃખ ભોગવ્યા કરે છે.

૪૫ કેટલીક વખત માણસો નજીવી અડચણને દર ગુજર નહિં કરવાને લીધેજ મોટા કંકાશનાં મૂળ રોપે છે. જગત્ ઉપર જળ પ્રલય, અગ્નિકોપ, મરકી, દુકાળ ઇત્યાદિ દૈવી ઉપદ્રવને લીધે જેટલાં માણસ મરે છે, તેના કરતાં મારામારી, લડાલડી, અને કાંપાકાપીને લીધે માણસોનો વધારે ઘાણ નીકળી જાય છે.

૪૬ કેટલાક તો " કાજીને સારા ગામકી ફીકર " ને લીધે દુબળા થાય છે જેમાં પોતાને બીલકુલ લેવા દેવા ન, હોય, એવા કામમાં માથું મારવાની અને પારકાની ભાંજગડમાં પડવાની ટેવને લીધે ઘણા માણસો દુઃખી થતા હોય છે મૂર્ખ લોકોને બીજાની ભાંજગડમાં પડયા સિવાય ચેનજ પડતું નથી.

૪૭ આપણે જો બીજાના કામમાં માથું મારવા ન જઇએ, તો આપણા કામમાં તે માથું મારવા નહિજ આવે.

૪૮ દુનિયામાં દ્વેષી અને વિના કારણે બીજાને ઉપદ્રવ કરવાના સ્વભાવવાળા માણસોની ખોટ નથી.

૪૯ શાંતિને ચાહનારાઓએ આ સૂત્ર અજમાવી જોવા જેવું છે કે વઢવાડ કરનારીને વઢવાડ કરનાર કોઇ સામું નહિ મળે તો એની મેળે થાકીને તે ઘરમાં બેસશે.

૫૦ આપણા પોતાના દોષ કે પાપાચરણને લીધે આપણે જે દુઃખ ભોગવવાં પડે છે. તે આપણે જાતે વ્હોરી લીધા જેવાંજ છે. ન્યાય રીતે તેમાં ફરીયાદિ ઉઠાવવાનો આપણને જરા પણ હક નથી. દારિદ્ર, મંદવાડ કે સંકટ એ બધાને લીધે જીવન કષ્ટમય થતું નથી, પણ એકલપેટાપણું, અતિલોભ, અહંકાર અને પાપાચરણ ઇત્યાદિ દુર્ગુણને લીધેજ જીવન અસહ્ય દુઃખરૂપ થઇ પડે છે.

૫૧ ઉપલક દ્રષ્ટીથી જોતાં કેટલીક બાબતો આપણને કલેશ કારક લાગે છે. પણ વાસ્તવિક રીતે જોતાં તે આપણું હિત કરતી હોય છે. સંકટને ધૈર્યથી સહન કરીએ અને કેડ બાંધીને સામા થઇએ તો આપણી ઉન્નતિ થયા સિવાય રહેતી નથી. શીયાળાની ટાઢનો ચમકારો શરીરને ધ્રુજાવે છે ખરો, પણ તેથી શરીર દ્રઢ ને મજબુત થાય છે. સંપતિએ જેમનાં હાડ શીથીલ

કરી નાખ્યાં હોય છે તે માણસો વિપત્તિનો ઝપાટો સહન કરી શકતા નથી.

૫૨ આ દુનિયામાં સંપત્તિએ જેટલાં માણસોને ખરાબ કર્યાં છે તેટલાં વિપત્તિએ કર્યાં નથી.

૫૩ ગમે એવો પ્રચંડ વાયુ વાતો હોય તો પણ સવાર થતાં તે શાંત થાય છે. અને મુસલધાર વરસાદ વરસતો હોય, તો પણ અમુક વખતે તે શમી જાય જાય છે. એમ આ મહાભૂતોની કરણી પણ મર્યાદિત છે. તો પછી મનુષ્ય ઉપર ગુજરતી આપતો મર્યાદિત અને અશાશ્વત હોય તેમાં નવાઈ શી ? ગમે તેવું સંકટ આવી પડે તો પણ માણસે ના ઉમેદ થવું નહિં જોઇએ.

૫૪ છેદાયેલું વૃક્ષ પણ ફરીથી ફુટે છે, ક્ષીણ થયેલો ચંદ્ર પણ ફરીથી પરિપૂર્ણ થાય છે. એવો વિચાર કરી શાણા પુરૂષો કદી પણ સંતાપ પામતા નથી.

૫૫ આર્થિક સંપત્તિનો પણ ઉપભોગ શારીરિક સંપત્તિની માફક વિવેકથી કરવાનો છે. સંપત્તિ જીરવવાનું કામ વિપત્તિ સહન કરવા કરતાં વધારે કઠીણ છે.

૫૬ વિપત્તિના સમયે સહિષ્ણુતા કે ધૈર્ય એ એકલોજ સદ્‌ગુણ હોય તો પણ ચાલે. પણ સંપત્તિમાં જો શાણપણ, દીર્ઘદ્રષ્ટી, મિતાહાર, નિઃસ્વાર્થીપણું, ઔદાર્ય

વિગેરે અનેક સદ્ગુણો હોયતોજ તે ટકી શકે છે નહિં તો તે પાયમાલ કરી નાખે છે.

૫૭ જેને ધૈર્ય રૂપી ધન નથી તેના જેવું નિર્ધન બીજું કોઇ નથી. જેજે ઉમદા પાઠો આપણને શીખવાના મળે છે, તે સંપત્તિના વખતમાં નથી મળતા, પણ વિપત્તિના વખતમાંજ મળી શકે છે.

૫૮ મહા પુરૂષોના કાર્યની સિદ્ધિ પોતાના પરાક્રમથીજ થાય છે કેવળ બાહ્ય સાધનની સાહાયતાથી નથી થતી.

૫૯ સંકટ સહન કરવાં અને દૃઢ થતા જેવું એ દૈવી પરાક્રમનો અંશ છે. સંકટમાંથી શાણપણ વાપરીને સાર લેવામાં આવે તો તેથી આપણી રહેણી કરણી કેળવાય છે. અને આત્માવલંબીપણાનો તે ગુણ જાગૃત થાય છે.

૬૦ દુઃખ આવી પડતાં કોઇએ સાહસ કરી મરવું જોઇએ નહિં, કારણકે દુઃખરૂપી રાત્રી પસાર થઇ જઇ સુખરૂપી સૂર્યોદય થયા સિવાય રહેવાનો નથી.

૬૧ જગત્ ઉપર બનતા કોઇ પણ બનાવો નુકશાનકારક હોતાજ નથી. જે થાય છે તે યોગ્ય થાય છે જળ પ્રલયથી અત્યંત નુકશાન થાય છે ખરૂં પણ જે દેશ ઉપર તે ફરી વળે છે તે દેશ અત્યંત રસાળ અને ફળદ્રુપ થાય છે. જ્વાળામુખી ફાટવાથી આસપાસનાં ગામ સમૃધિમાન થાય છે. લંડન શહેરમાં ૧૬૬૬ માં મોટી આગ લાગી હતી તે એક રીતે લાભદાયક

• નીવડી હતી તેથી હવા સુધરી ગઇ અને મરકીના ત્રાસનો અંત આવ્યો હતો.

૬૨ વાવણીની મોસમમાં ખેડુત જેમ ધાન્યના કણુસલાંને ઝુડે છે. તેમ દુર્દૈવ પણ કેટલીક વખત આપણુને નિર્દયપણે ઝુડે છે અને આફતોનો વરસાદ વરસાવે છે. પણ દૈવે બેદરકારીથી અફાળેલું ઝુડીયું જ્યારે દાણાવાળા પુળા ઉપર પડે છે ત્યારે ફક્ત ઘાસ કે પરાળજ છુંદાય છે અને દાણાને જરાપણ ઇજા થતી નથી.

૬૩ સંકટ રૂપી ભઠ્ઠી ઘણી વખત માણસને તપાવી શુદ્ધ કરે છે. તે માણસની વૃત્તિરૂપી ધાતુના મેલને બાળી નાંખે છે. તેથી તેનું શુદ્ધ સત્વ વિશેષ ઝળકી નીકળે છે.

૬૪ કાલે શું થશે તેની નકામી ચિંતા છોડી દઇને આજના દિવસ ઉપર નજર રાખ.

૬૫ કોઈ માણસ કાંઈ ખોટું કામ કરે તો તેણે અમુક ખોટું કામ કર્યું એટલુંજ આપણા જાણવામાં આવે છે. પણ તે કેવા ખરાબ સંયોગોનો ભોગ થઇ પડયો હતો. કેટલી લાલચોને નહિં ગાંઠતાં નિરૂપાયે તેને કામ કરવું પડયું હશે, એ કશું આપણા જાણ્યામાં આવતું નથી. અર્થાત્ તે કામ તેણે ઇરાદાપૂર્વક કર્યું કે અજાણતાં થઇ ગયું તે સર્વાંશે આપણે જાણી શકતા નથી જો સર્વ હકીકત આપણા જાણવામાં આવે તો તેવા દરેક

કાર્ય ક્ષમા કરવા યોગ્ય લાગી આવે અને આપણે તેને માફી આપી શકીએ.

૬૬ પોતાની જાતને ઓળખતાં શીખવું તે સૌથી કઠણ કામ છે. અને બીજાના કામમાંથી ભૂલો કાઢવી એ સૌથી સહેલું કામ છે.

૬૭ અમુક માણસે આમ કરવું જોઇએ અને આમ ન કરવું જોઇએ એવી ભાંજગડમાં પડવાને બદલે માણસ માત્રે પોતાનાજ કર્તવ્યના ચિંતનમાં તત્પર રહેવું જોઇએ. આપણા સિવાય બીજા બધા ઉપર ક્ષમાશીલ વૃત્તિ રાખવી. પોતાના દોષ ઉપર કડક દૃષ્ટી રાખી બીજા બધા માણસોના દોષ ઉપર મીઠી દૃષ્ટી રાખવી.

૬૮ આપણા સ્નેહીઓનાં છિદ્ર ખોળવા કરતાં શત્રુઓના ગુણ લેવાની ટેવ વધારે રાખવી જોઇએ.

૬૯ આપણે પોતેજ જ્યારે જેવા થવા ધારતા હોઇએ છીએ તેવા થઇ શકતા નથી, તો પછી સામો ધણી આપણી મરજી પ્રમાણે વર્તે એવી આશા શા માટે રાખવી જોઇએ ! આપણી મરજી પ્રમાણે લોકો ચાલે એવી જેની ઇચ્છા હોય તેણે લોકોની મરજી પ્રમાણે ચાલવાને તત્પર થવું જોઇએ.

૭૦ આપણે હમેશાં બીજાની ભૂલો કાઢવા બેસીએ છીએ. પણ આપણા પોતાના દોષને લીધે આપણે કેટલું બધું નુકશાન વેઠતા હોઇએ છીએ તેનો ખ્યાલ પણ આવતો

નથી. બીજાના દોષો કરતાં આપણા પોતાના દોષો આપણને ઘણું નુકશાન કરે છે.

૭૧ આપણા પોતાના ચિત્તની શાંતિ અને સ્વસ્થતાની ખાતર જેમની સાથે આપણને પાનાં પડયાં હોય, તેમનાં છિદ્ર કે ખામીઓ ન ખોળતાં તેમની ભૂલો દરગુજર કરવી જોઇએ.

૭૨ આકાશ ઉપર ગુસ્સો કરવાથી હવામાં સુધારો થવાનો જરાપણ સંભવ હોતો નથી. તેમ સામા માણસના ઉપર અકળાવાથી આપણે તેની કુટેવો–કે ભૂલો જરા પણ સુધારી શકવાના નથી. ઉલટા તેને કાયર કરીને વધારે બગાડીએ છીએ, સમજાવી પટાવીને યુક્તિથી કામ લેતાં ઘણો કંકાશ ઓછો થાય છે.

૭૩ ક્ષમા કરવાથી આપણે કાંઇ ગુમાવતા નથી પણ ફાયદો થવાનો સંભવ છે, કારણ કે ક્ષમા એ આપણા મનો-નિગ્રહની એક કસોટી છે. વળી સામો માણસ આપણું મોટું મન દેખી લજવાઇ વખતે પોતાનો અપરાધ કબુલ કરી વેર છોડી દે અને કેટલીક વખત મિત્ર પણ થઇને રહે છે.

૭૪ શિક્ષા કરીને અગર વેર લઇને દુશ્મનાવટ વધારવી તેના કરતાં ક્ષમા કરી મિત્રતા જોડવી એમાંજ ખરૂં ડાહાપણ રહેલું છે.

૭૫ જે માણુસના મનમાં સામાને માટે જરાપણ દયા, અનુકંપા કે સહાનુભૂતી નથી, તે માણુસ પોતે જરા પણ દયા કે અનુકંપાને પાત્ર નથી. આપણું હૃદય તેને આવકાર આપવા તત્પર નથી તો સામાનું હૃદય આપણા તરફ સ્નેહની લાગણી ધરાવવાનુંજ નહિં અન્યોઅન્ય હૃદય સાક્ષી છે.

૭૬ પ્રત્યેક મનુષ્ય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કુટુંબનો, સમાજનો, દેશનો, અને જગતનો રૂણી છે. એ રૂણ યથાશકિત ફેડવું એ પ્રત્યેકનું કર્ત્તવ્ય છે. પરોપકાર કરીને તથા બીજાને ઉપયોગી થઇને તે રૂણ ફેડી શકાય છે.

૭૭ લોકોપર ખરેખર ઉપકાર કરવો હોય તો પ્રથમ તેમની ખરી સ્થિતિથી વાકેફ થવું, અને તેમના ઉપર પ્રીતિ પણ રાખવી જોઇએ. સાથે પરોપકાર કરવામાં સદ્‌વિચાર પૂર્વક વિવેક બુદ્ધિની પણ ખાસ જરૂર છે. વિવેક વગરની દયા લાભને બદલે હાની કરે છે કુપાત્રે આ- આપેલું દાન દુધ પાઇને સાપ ઉછેરવા જેવું થાય છે.

૭૮ દરિદ્ર લોકોને સહાય કરવામાં તેમને સ્વાવલંબી બનાવવાનો મુખ્ય ઉદ્દેશ લક્ષમાં રાખવો. વિવેક વગરની સખાવતમાં એ દોષ રહેલો હોય છે કે, સખાવત લેનાર પરાવલંબી થવા શીખે છે. તેથી તેનું જીવન બગડે છે.

૭૯ પાસે સંપત્તિ હોય તો યાચકને આપી દેવું એ કામ સહેલું છે. પણ સ્વાવલંબન ગુણને હાની ન પહોંચે

તેવી રીતે આપવું એ કામ સહેલું નથી. દાન કરવામાં આપણો ઉદ્દેશ સામાની ભીડ ભાંગવી એટલોજ હોવો જોઇએ, પોતાની મેળે રળીખાતાં શીખે એ લક્ષ હોવું જોઇએ, આપણા દાનથી તે આળશુ અને પરાવલંબી બને તો આપણે તેને લાભને બદલે નુકશાનજ કર્યું છે.

૮૦ દુઃખી લોકોનું શાંત્વન કરો, નિરાશ્રિતોને આશ્રય આપો, નિરાધારોનું રક્ષણ કરો, તમારા હાથે થયેલી ભૂલોને સુધારો. કોઇનું અહિત તમારાથી થયું હોય તો તેનો બદલો આપો. લોકોને સારી સલાહ આપો. સારાં કામ તરફ સહાનુભૂતિ દર્શાવો, ગઇ ગુજરી ભૂલી જાઓ. આનો બદલો મોટામાં મોટો પરમાત્માના સાક્ષાત્કાર પર્યંતનો તમને મળશે.

૮૧ એક નિષ્ઠુર કે ગુસ્સા ભરેલો શબ્દ હસતા ચહેરાને નિસ્તેજ કરવાને માટે પૂરતો છે, તેમ મમતા કે સહાનુ-ભૂતિવાળો એક શબ્દ નિસ્તેજ ચહેરા ઉપર આનંદ ઉપજાવી શકે છે. બીજાને આનંદ આપવામાંજ આપણને આનંદ મળે તેમ છે.

૮૨ આપણે કોઇના મનના ઘા રૂઝાવી શકીએ, કોઇના અંતઃકરણમાં ચોંટી રહેલું શલ્ય કાઢી શકીએ, કોઇના મગજમાં ભરાઇ રહેલી ફીકર ચિંતાને બાહાર કાઢી શકીએ, અગર કોઇની છાતીનો દાહ મટાડી શકીએ, તો તે જેવા તેવા પરોપકારનું કામ નથી.

૮૩ તમારાથી કાંઇ બની ન શકે તો બોલવામાં પણ મમતા ચૂકશો નહિં, દુઃખીના દુઃખની વાત સાંભળવાથી પણ તેનું દુઃખ ઓછું થાય છે. તેનો ઉભરો શાંત થાય છે. કેવળ શુભ ચિંતનથી પણ સામાનું ભલું કરી શકાય છે.

૮૪ નિર્બળ મનુષ્ય તરફ સ્નેહભાવથી વર્ત્તો, તેમનામાં જે કોઇ સારા ગુણ હોય તે તરફ આદર બતાવો. અને તેનામાં જે કાંઈ દોષ કે દુર્ગુણ હોય તેની ઉપેક્ષા કરો. કોઇ પણ રીતે મનુષ્યે અન્યને ઉપયોગી થવું જોઇએ.

૮૫ કોઇની પ્રીતિના પાત્ર થવું, તે કરતાં કોઇને પ્રીતિનો પાત્ર બનાવવો એ વિશેષ સારૂં છે. પ્રેમનું સામર્થ્ય અગાધ છે. ભય કરતાં પ્રીતિ ઘણું ફળ નીપજાવી શકે છે. તેમાં નાનાં બાળકો તો જેટલાં પ્રીતિથી વશ થાય છે, તેટલાં ભયથી વશ થતાં નથી. ઇશ્વર પણ હઠયોગ કરતાં પ્રેમથી વશ થાય છે. તો બીજા માટે શું કહેવું. અર્થાત્ પ્રેમથી જગત્ જીતાય છે.

૮૬ બીજો આપણને બાગાડ કરે, તે કરતાં આપણે તેનો બાગાડ કરીએ તેથી આપણને વધારે નુકસાન છે. કોઇ આપણો અપકાર કરે તો તે સહન કરીને બેસવું, પણ આપણે કોઇનો અપકાર કરવાની ઇચ્છા ન કરવી, અને ખાનગી તથા જાહેર વર્ત્તનમાં હમેશાં ભલમનસાઈ વાપરવી.

૮૭ ક્ષમા કરવામાં શક્તિ—સામર્થ્યનો ખપ પડતો નથી પણ માત્ર ઇચ્છાની જરૂર પડે છે. આપણો અપરાધ કરનાર, આપણને પોતાનો અપરાધ ક્ષમા કરવાની, તથા પોતા ઉપર આપણા ક્ષમા રૂપી દૈવી ગુણનો ઉપયોગ કરવાની આપણને તક આપે છે. એ રીતે તે આપણો ઉપકારી છે. ક્ષમા સાધુ પુરૂષનું લક્ષણ છે. વેર વાળ-વાની વૃત્તિએ પામર જીવનું કામ છે.

૮૮ અપકારના બદલામાં ઉપકાર કરનાર એ સાધુ પુરૂષના નામથી ઓળખાય છે. આપણે બીજાના અપરાધની ક્ષમા ન કરીએ, તો આપણને પરમાત્મા પાસે ક્ષમા માંગવાનો અધિકાર રહેતો નથી.

૮૯ વેર લેવાની ટેવ રાખવામાં ફાયદો અનિશ્ચિત છે, અને નુકસાન તો ચોક્કસ છે. ક્ષમા કરીને શત્રુને ઠેકાણે લાવવો એ વેર લેવાનો સુંદર ઉપાય છે.

૯૦ ઇર્ષા સર્પના વિષ કરતાં પણ વધારે અનર્થકારક છે. કારણ કે સર્પનું વિષ સર્પને નુકસાન કરતું નથી, પણ ઇર્ષા તો તેના માલીકને પણ નુકસાન કરે છે.

૯૧ સાચા સ્નેહી મિત્ર એ રીતે ઉપયોગી છે તેનો સમાગમ સંપત્તિને વિશેષ સુખદાયિ બનાવે છે, અને વિપત્તિને સુસહ્ય બનાવે છે. સુખના દિવસમાં મિત્રનો સહવાસ આનંદમાં વધારો કરે છે. દુઃખના દિવસમાં દુઃખનો વિસારો કરાવે છે.

૯૨ આફત વખતે મિત્રને પડખે રહી તેનું રક્ષણ કરવું. સંકટ વખતે સહાય કરવી અને દુઃખમાં દિલાસો આપવો કારણ કે ખરા સ્નેહી મિત્ર મળવા દુર્લભ છે, કે જેઓ પોતાના જીવના ભોગે પણ ખરી વખતે મિત્રને સહાય કરે છે.

૯૩ મિત્રના ઉપર આપણો બધી રીતનો હક છે ખરો, પણ તેની પાસે કોઈપણ ખોટું કે આબરૂને લાંછન લાગે એવું કામ કરાવવાની આશા રાખવી જોઇએ નહિં. સ્નેહ દુર્ગુણનો નહિં પણ સદ્‌ગુણનો પોષક થવો જોઇએ.

૯૪ ખરા મિત્રે જરૂરના પ્રસંગે પોતાના સ્નેહીના કાન ઉઘાડવામાં જરા પણ સંકોચ માનવો કે પાછી પાની કરવી નહિં. ફક્ત તેની ફજેતી ન થાય, અને તે ઉપહાસને પાત્ર ન બને એ ઢબથી કહેવું જોઇએ. શત્રુને માઠું લગાડવાની હિમ્મત ગમે તે માણસ કરી શકે છે, પણ મિત્રને માઠું લગાડનારા વિરલાજ મળી આવે છે.

૯૫ મિત્રોની સાથે વાદવિવાદ કરવામાં ઘણું જોખમ રહેલું છે. તકરારમાં ઉતરવાથી ઘણી વખત વિપરીત પરિણામ આવે છે. મિજાજ ખોઇને બોલવાથી માઠું પરિણામ આવે છે. મનુષ્યનો સ્વભાવજ એવો છે કે પોતાની ભૂલ કબુલ કરવી તે તેને બહુ વસમું લાગે છે. માટે મિત્રોએ કોઇ દિવસ વાદવિવાદમાં ઉતરવું નહિ. તેમ

કરવાથી મિત્રતામાં હંમેશ માટે ફાટ પડે છે.

૯૬ મૈત્રી અખંડ જાળવવાની ઇચ્છા રાખનારાએ મિત્રની સાથે વાદવિવાદ, પૈસાનો વ્યવહાર, અને તેની સ્ત્રીની સાથે વાતચિત, એ ત્રણનો ત્યાગ કરવો.

૯૭ જેના સમાગમમાં આવ્યા હોઇએ તેની વૃત્તિ કે શોખને અનુકુળ એવા વિષયજ ચર્ચાને માટે પસંદ કરવા જોઇએ. વાતમાં ને વાતમાં કેટલાક આડા અવળા સ્વાલ પુછીને સામાની વૃત્તિ અગર રૂચી શી છે તે જાણી લઇએ, તો દુનિયામાં એક પણ માણસ એવો નહિં મળે, કે જેના સમાગમથી લાભ અગર આનંદ ન પ્રાપ્ત થાય.

૯૮ સમાન આચાર વિચારવાળા મિત્રો સાથેનો વાર્ત્તા-વિનોદ અને તેમના સમાગમમાં વખત ગાળવાથી થતો આનંદ અને સુખ અવર્ણનીય છે. સંપત્તિથી મળતો આનંદ પણ તેની આગળ તુચ્છ છે.

૯૯ જેને સમાન દીલનો સ્નેહી ન મળે, તેણે સૃષ્ટિ સૌંદર્ય ઉપર પ્રીતિ રાખતાં શીખવું જોઇએ, જેને સૃષ્ટિ ઉપર પ્રેમ છે, તેને બીલકુલ એકલાપણું છેજ નહિં. સૃષ્ટિ સૌંદર્ય શાંત અને સ્વસ્થતાનું પોષક છે. સૃષ્ટિની લીલા નિહાળવામાં જેનું મન મગ્ન રહે છે, તેને આનંદનો સુકાળ છે.

૧૦૦ એકાંતવાસ સુખકર કે દુઃખકર નિવડવો તેનો આધાર પોતાની જાતના ઉપરજ રહેલો છે. જેવી જેની વૃત્તિ,

જેવું જેનું વર્તન, તે પ્રમાણમાં એકાંત વાસ તેને માટે સ્વર્ગ કે નર્ક સમાન, વિશ્રાંતિ કે શાંતિનું સ્થળ, અગર દુઃખ કે સંતાપનું સ્થળ નિવડે છે. એકાંત વાસ કેટલાકને આશિર્વાદ સમાન નિવડે છે, તો કેટલાકને શ્રાપ સમાન થઈ પડે છે. એકાંત કેટલીક વાર દુષ્ટ વિચાર અને વાસનાને જન્મ આપે છે અને પોષે છે. દુષ્ટ મનુષ્યને એકાંત વાસ દુષ્કૃત્યનું સ્મરણ કરાવી તેના હૃદયમાં દાહ ઉત્પન્ન કરે છે. ત્યારે વૈરાગ્યશીલ મનુષ્યને એકાંત અત્યંત પ્રિય લાગે છે.

૧૦૧ આત્મ જાગૃતિ વિનાના માણસના સહવાસમાં જેમ જેમ વધારે રહેવાય છે, તેમ તેમ ખરૂં મનુષ્યપણું ઘટતું જાય છે. જે ખરો માણસ છે, તેણે માણસોથી અલગ રહેવું જોઇએ.

૧૦૨ જેનું મન સ્વાધિન છે, તેને ભરવસ્તીમાં પણ એકાંતજ છે. અંધારી ગલીઓમાં તથા ઘોંઘાટવાળા રસ્તામાં ફરવા છતાં પણ ઘણા માણસો પોતાનું નિત્યકર્મ વધારે ઝડપથી કરી શકે છે. જે માણસ જનસમૂહની વચમાં રહેવા છતાં પણ સંપૂર્ણ સ્વચ્છતાથી એકાંતની મધુર શાંતિના સુખનો અનુભવ કરી શકે છે, તેજ મોટો માણસ છે.

૧૦૩ વાતચિતમાં સામાને શીખવવા કે શીખામણ આપવા કરતાં આપણે પોતે તેમાંથી શીખવા કે શીખામણ લેવાની વિશેષ ધારણા રાખવી જોઇએ.

૧૦૪ ગમે તેવો છટાદાર વક્તા હોય તે પણ વચ્ચે થોડીવાર વિશામો લે, તો તેના ભાષણની અસર વધારે ઉંડા સુધી પહોંચે છે.

૧૦૫ પંડિતોની સભામાં મૌન ધારણ કરવું એજ મૂર્ખ માણસનું ભૂષણ છે.

૧૦૬ સાંભળી રહેવાની ટેવ પાડવી એ બોલતાં શીખવાના જેટલુંજ મહત્ત્વનું છે. જે સાંભળ સાંભળ કરે છે તેને શીખવાનું ઘણું મળે છે. તેની સોબત કોઇને કંટાળા ભરેલી લાગતી નથી.

૧૦૭ આપણા મિત્રના કે આપ્ત જનના સંબંધમાં કોઈ વિરૂદ્ધ વાત આપણે કાને આવી હોય, તો તે એકદમ ખરી નહિ માની બેસતાં તેનો ઉદાર અર્થ ગ્રહણ કરવો જોઇએ, અને રૂબરૂમાં મળતાં તેના સંબંધમાં તે જે ખુલાસો કરે તે સ્વીકારવો જોઇએ. વિવેક દૃષ્ટિથી વિચાર કરીશું તો આ માર્ગ સર્વ રીતે પસંદ કરવા યોગ્ય છે. બીન જરૂરી મુર્ખાઇ ભરેલી લઢવાડો અનર્થકારક છે તે જે ખુલાસો કરે તે ન સ્વીકારતાં ફોગટ તકરાર ઉભી કરીએ, તો આખરે ગેરવ્યાજબી તકરાર માટે પશ્ચાતાપ કરવો પડશે.

૧૦૮ ગઈ ગુજરી વીસરી જઈ ક્ષમા કરવી એજ સાધુતાનું લક્ષણ છે.

ૐ

નીતિ વાકયામૃત.

મણકો ૩ જો.

૧ મિત્ર કે સ્નેહીઓ તરફથી મોકલાયેલી ભેટની ચીજ, તેના ઉપયોગીપણા કે બજારની કિંમત તરફ લક્ષ નહિ કરતાં કેવા ભાવથી તે મોકલી આપવામાં આવી છે, તેના તરફજ લક્ષ રાખવું જોઇએ. કિંમત વસ્તુની નથી પણ ભાવની છે.

૨ સ્નેહી એ મનુષ્યનો મોટો વિસામો છે, અને સ્નેહી દૂર હોય પણ એનાં હૃદય એક હોય તો હમેશાં પાસેજ છે. પ્રેમ મર્યાદિત નથી. પ્રેમનો પ્રદેશ અતી વિસ્તિર્ણ અને આશ્ચર્યજનક છે. તેનું રાજ્ય જડ અને ચેતન્ય સર્વે વસ્તુઓ ઉપર છે.

૩ ચાહો સર્વને, **વિશ્વાસપાત્ર** થોડાનેજ ગણો. ભુંડુ કોઇનું એ કરતા નહિં. શત્રુને સામર્થ્યથી જીતો અને મિત્રનું રત્નની માફક જતન કરો. **ઓછાબોલામાં** ખપો પણ વાચાલપણા બદલ ઠપકાને પાત્ર થશો નહિં.

૪ ઇર્ષાખોર કે સંશયી સ્વભાવ મિત્રતાને હાનિકારક છે. એવા જીવનથી ઘણાનાં જીવન ખરાબ થઇ ગયાં છે. ઘણી વખત એવા વહેમ બીલકુલ નાપાયાદાર હોય છે. એક વખત મનમાં વહેમ પેદા થયો એટલે પછી દરેક પ્રસંગ, દરેક હિલચાલ, અને દરેક બોલ, એકંદર રીતે તદ્દન નજીવી બીના પણ વહેમનું પોષણ કરે છે. જેના ઉપર ઇતરાજી થાય છે, તેના દરેક કામમાં દોષ માલુમ પડે છે, પણ જેના ઉપર મમતા હોય છે, તેનાં દરેક કામ સારાં લાગે છે. જેના ઉપર તમે વિશ્વાસ રાખી શકો નહિં તેની સાથે મિત્રતાનો સંબંધ જોડો નહિં અને એકવાર મિત્ર માનો તો પછી તેના ઉપર અવિશ્વાસ કદી રાખો નહિં.

૫ શત્રુ આપણને નુકસાન કરી જાય છે, અને મિત્ર અત્યંત લાભકર્તા છે તે યથાર્થ છે, પરંતુ આપણી જાતના જેવો ખરો મિત્ર અને કટ્ટો શત્રુ બીજો કોઇ નથી.

૬ પૈસો અને સંપત્તિઓ, એ ઇંદ્રવારણાનાં ફળ જેવાં છે. તથા સત્તા અને પ્રતિષ્ટા, એ પવન ભરેલા ખાલી પરપોટા જેવી છે. સત્કર્મ એજ માણસની ખરેખરી સંપત્તિ છે. સદ્દવર્તન એજ દુનિયા ઉપર કિંમતિ ચીજ છે.

૭ જગતમાં સૌથી અગત્યની ચીજો તપાસીએ તો સ્વચ્છ હવા, ચોખ્ખું પાણી, સારો ખોરાક, નિરામય શરીર પ્રકૃતિ, અને પવિત્ર અંતઃકરણ એટલાં છે.

૮ ગરીબ માણસમાં જો ઉદ્યોગીપણું, અને ખંત એ બે ગુણ હોય તો તે સુખી જીવન ગાળી શકે છે. પણ શ્રીમંતનામાં જો ઉદારપણું, દાનશીલપણું, મિતાચાર, દીર્ઘ દષ્ટી, ઇંદ્રિયદમન ઇત્યાદિ ગુણ હોય તોજ, તે અંકુશમાં રહી શકે છે. નહિંતર તેનું અધ:પતન થયા સિવાય રહેતું નથી.

૯ અધિકાર અને ધન એ બે ઘણી ઘણી ભયંકર વસ્તુ છે. તેના લીધે ઘણા અનર્થ ઉપજે છે તે ઇતિહાસ ઉપરથી જણાય છે. રોમના કેટલાક શહેનશાહ બચપણમાં સારા હતા, પણ ગાદીએ બેઠા પછી ધન અને અધિકારના મદને લીધે તેઓ ભ્રષ્ટ થયા છે. નેપોલીયન પણ આખરે ગર્વિષ્ટ થયો હતો.

૧૦ દ્રવ્યનો અતિલોભ નિંદ્ય અને ત્યાજ્ય છે ખરો, પણ ન્યાયમાર્ગથી દ્રવ્ય સંપાદન કરીને ભવિષ્યના બચાવ સારૂ કરકસરથી રહેવું તે કોઇ પણ રીતે અઘટિત નથી.

૧૧ આજની આવક ખરચી નાખવા કરતાં ગઈ કાલની બચતમાંથી ગુજરાન ચલાવવું તે વધારે પસંદ કરવા યોગ્ય છે; પણ આજના ગુજરાનનો આધાર આવતી કાલની પેદાશ ઉપર રાખવો, તે મૂર્ખાઈ ભરેલું છે. અર્થાત્ "આગળ કમાઇશું" એવી આશાએ અત્યારની જરૂરીયાતો માટે, દેવું કરવું તે મૂર્ખાઇનું લક્ષણ છે. આજનો ઉડાઉ તે આવતી કાલનો નિર્ધન છે. ઉડાઉ માણસ નિર્ધન થયા વિના રહેતો નથી.

૧૨ થોડી પુંજીએ થોડી કાળજી, મોટાની જવાબદારી પણ મોટીજ હોય છે. જેટલું તું ભોગવીશ, અગર સુપાત્રને દાન કરીશ, તેટલુંજ ધન તારૂં છે. બાકીનું તે બીજાનું છે. તું તો માત્ર તેનો રક્ષણ કરનાર ચોકીદાર જેવોજ છે.

૧૩ જેમ અજ્ઞાન વધારે તેમ બીક પણ વધારે હોય છે.

૧૪ રસીક અને સહૃદય પુરૂષોને આ સૃષ્ટિ પ્રત્યેક ડગલે આનંદમયજ લાગે છે. શાણા અને સદ્વર્તનશાળી પુરૂષોને આ સૃષ્ટિ દૈવી સત્વથી ભરેલીજ લાગે છે, પણ તેનું ખરૂં સ્વરૂપ સમજવા માટે આપણે તેના તરફ પ્રેમની દૃષ્ટીથી જોવું જોઇએ.

૧૫ જે લોકો સૃષ્ટિનું સોંદર્ય સમજી શકે છે, તેમને દુઃખ કોઇ જાતનો સંતાપ કરી શકતું નથી. એવા લોકો નિર્મળ, ભુરા આકાશ તરફ, કે તારાના સમૂહ તરફ, કે ઘુઘવાટ કરતા સમુદ્ર તરફ, કે પર્વતના શિખર તરફ દૃષ્ટી કરે છે, કે તરતજ તેમનાં સંસારનાં સંકટ પલાયન કરી જાય છે.

૧૬ સ્વચ્છ અને વાદળાં વિનાના દિવસે, શાન્તિના સમયમાં, ખુલ્લા મેદાનમાં કે ઉપવનમાં વિશ્રાંતિ લેવા છતાં, જે ચિંતાનું શમન ન થાય તે ચિંતા અત્યંત ઘોર સમજવી જોઇએ. સુંદર આંખો છતાં તેનું મન ચિંતાના ઉદ્યોગમાં કેમ રહી શકતું હશે તે સમજાય એમ નથી.

૧૭ સૃષ્ટિને જ્યાં સુધી મનુષ્યનો હાથ અડકતો નથી, ત્યાં

સુધી તેના સૌંદર્યમાં જરા પણ ઘટાડો થતો નથી. તમારા કૃત્યથી થયેલા ઘા અગર કાપા આપોઆપ રૂઝાઇ જશે અને સૃષ્ટિ ટુંક મુદતમાં હતી તેવી ને તેવીજ શોભાયમાન થઇને રહેશે.

૧૮ કુદરતના ચમત્કાર સર્વના નિરીક્ષણ માટે હમેશાં ખુલ્લાજ રહે છે અને તે માણસની સર્વોત્તમ કૃતિ કરતાં પણ વિશેષ આશ્ચર્યકારક અને સુંદર છે, છતાં ફક્ત થોડાજ માણસો તેનું અવલોકન કરવાની કાળજી રાખતા હોય છે. એ કેટલું બધું ખેદકારક છે ?

૧૯ જગત્ ઉપરનું પ્રત્યેક સ્થળ કળા કૌશલ્યની કારીગરીની અસંખ્ય કૃતિઓથી ભરપૂર છે, છતાં જે માણસ તે રહસ્યને સમજી લેવાની શક્તિ ધરાવતો નથી, તેને મન તે સઘળું નકામું છે. આ જગત્ ઉપર નિર્દોષ આનંદનાં એટલાં બધાં વિપુલ સાધનો નથી, કે જેથી આપણને આવા એક સર્વોત્કૃષ્ટ સાધનનો અનાદર કરવાનું પાલવે.

૨૦ કુદરતનો આદરભાવપૂર્વક અભ્યાસ કરવાથી, મનુષ્ય-જીવનને અંગે રહેલા સુખ સાધનોમાં, કેટલો બધો વધારો કરી શકાયો છે, તે ફક્ત વિજ્ઞાનશાસ્ત્રીઓજ સમજી શકે છે.

૨૧ જે માણસ કુદરતને સચોટ પ્રશ્નો પૂછવાની શક્તિ નથી ધરાવતો, તેને તે પોતાનું સુંદર રહસ્ય સમ-જાવવાની બીલકુલ દરકાર રાખતી નથી, અને જે

માણુસ તેના તરફ પ્રીતિની દૃષ્ટીથી જોતો નથી તેની સામે તે જોતી પણ નથી.

૨૨. ઓ બુદ્ધિમાન્ ! વર્તમાનકાળને લક્ષમાં રાખીને સર્વ વ્યવહાર કરીલે. કાલ કેવી થશે તે કોણ જાણે છે ? શાણા ! આવતી કાલપર ભરોંસો ન રાખતાં કરવાનાં કાર્ય આજ અને અત્યારેજ કરી લે. આડી રાત તેની શી વાત !

૨૩ જે નાવિક ભરતીનો સમય સાચવી લે છે, તેને દરિયાની મુસાફરી સુગમ નિવડે છે. તેવીજ રીતે મનુષ્યજીવનમાં પણ જે માણુસ અનુકુળ સંયોગોનો પુરેપુરો લાભ લઇ લે છે તે સમૃદ્ધિવાન્ થાય છે. જે માણુસ તે સંધી સાંધવાનું ચૂકી જાય છે તેની જીવનયાત્રા સંકટમય અને નિષ્ફળ નિવડે છે.

૨૪ ભૂત, ભવિષ્ય, અને વર્તમાન તેમાં ભૂતકાળ એટલે જે કાળ પસાર થઇ ગયો તે, તે ગયો તે ગયોજ, ફરી આપણા હાથમાં આવતો નથી. ભવિષ્ય કાળ, જે હવે પછી આવશે તે, તે આવે તો આપણો, પણ તે આવશેજ એવી ખાત્રી નથી. માટે વર્તમાન એટલે ચાલતો કાળ તેજ આપણો રહ્યો.

૨૫ વર્તમાનકાળજ તમારી જાતને સુધારવા માટે સર્વોત્તમ છે. તે કાર્યને માટે જો તમે આજે તૈયાર નહિં હો તો કાલે થશો—અગર હશો, એવી શી ખાત્રી ?

૨૬ લાંબુ આયુષ્ય ભોગવવાના ધોરણે તમારો કાર્યક્રમ ગોઠવશો નહિ, પણ બીજીજ પળે તમારા આયુષ્યની દોરી તુટી જવાની છે, એ ભાવનાથી કાર્યમાં તત્પર રહો, અને જીવનનું સાર્થક કરો. મુલતી રાખવાનાં હમેશાં માઠાં ફળ છે એ સતત્ લક્ષમાં રાખજો.

૨૭ પુરેપુરો બદલો લીધા સિવાય કાળની એક પળ પણ હાથમાંથી પસાર થવા દેશો નહિં. પ્રત્યેક પળ કેટલી કીંમતી છે તે જે લોકો મરણપથારીએ પડયા હોય, તેમને પુછી જોશો તો બરાબર સમજાશે. ગુમાવેલું દ્રવ્ય પાછું મળવાનો કોઇ દિવસ સંભવ રહે છે, પણ ગુમાવેલો વખત કદી પણ પાછો આવતો નથી.

૨૮ શાણા પુરૂષનું એ કર્તવ્ય છે કે આ જગત્ ઉપર જેટલો કાળ રહેવાનું હોય, તેટલા કાળમાં બને તેટલું જીવનનું સાર્થક કરી લેવું. પસાર થતી પળનો જે સારો ઉપયોગ કરી લે તેજ શાણો પુરૂષ છે. જેણે પોતાનું જીવન સારી રીતે ગાળ્યું હોય તેજ દીર્ઘાયુષી ગણાય છે. જે કાળનો દુરૂપયોગ થાય છે તે કાળને જીવ્યાની ગણતરીમાં લેવાનો નથી, કેમકે તે તો એળે ગુમાવ્યો ગણાય છે.

૨૯ તમે જો શાણા હો, તો કોઇપણ કામ આવતી કાલપર મુલતવી રાખશો. નહિં, કેમકે આવતી કાલનો સૂર્યોદય તમે નજર દેખી શકો એમ પણ કદાચ બને.

૩૦ દરેક કામને માટે નક્કી કરી રાખેલા વખતમાં તે કામ પુરૂં કરી દેવું, જેથી બીજા કામની આડે તે આવે નહિં. દિવસમાં જે કામ કરવાનાં હોય, તેનો ક્રમ તથા તેની પાછળ ગાળવાનો વખત સવારમાં કે આગલી રાત્રે નક્કી કરી રાખવો. જો તેમ નહિં કરો તો ઘણો કિમતી વખત નકામો ચાલ્યો જશે. 'વખત આવે થઇ રહેશે' 'થવાનું હશે તે થશે' એમ બોલનારો વિનાશ પામે છે.

૩૧ જે માણસ પોતાનું કામ નિયમિત રીતે અને વ્યવસ્થાસર કરે છે તે માણસ ચાર ગણું કામ કરવા છતાં પણ આખો દહાડો નવરો ને નવરોજ માલુમ પડે છે. આગળ ઉપર કરવાના કામનું ધોરણ આગળથી નક્કી કરી રાખનાર માણસ મુંઝાતો નથી.

૩૨ ઘણાં કાર્ય કરવાનાં હોય છે ત્યારે કયા કાર્યથી શરૂઆત કરવી? આવી મુંઝવણ ઘણી વાર થાય છે, એ વખતે જે કાર્ય સૌથી ઓછી રૂચીવાળું હોય તે પહેલું હાથ ધરવું. દેખાતી અરૂચીવાળું પણ કોઇ વખત તે પરિણામે લાભદાયક નિવડે છે. વળી જે વખતે સર્વ શક્તિઓ તથા મન તાજાં હોય અને થાકયા વગરનાં હોય છે, તે વખતે એવાં કામ જલ્દી સિધ્ધ થાય છે. અને જે કામ વિશેષ રૂચીવાળાં હોય તે કામ થાકયા પછી હાથ ધરવામાં આવે તો પણ હોંશે હોંશે કરાય છે.

૩૩ કાળ નિર્દય પણ છે, અને દયાળુ પણ છે. તેણે હજારો માણસોનાં જીવન ખરાબ કરી નાંખ્યાં છે, અને તેણે હજારોને સુખની પરાકાષ્ટાએ પહોંચાડ્યા છે, સારાંશ કે જેણે કાળનો જેવો વ્યય કર્યો છે તેવું ફળ તેને પ્રાપ્ત થાય છે.

૩૪ આયુષ્ય ક્ષણિક છે. જે ઘડી જાય છે તે આપણી છે, બીજી પળ કોને દીઠી છે ? આવાં વચન ઉપરથી કેટલાક એવો સાર ગ્રહણ કરે છે કે ચેનબાજી ઉડાવવી એજ ખરૂં છે. જેટલું ભોગવી લીધું તેટલું આપણું. પાછળ શું થશે ? કોણે દીઠું છે ? આ વિચાર શ્રેણી અત્યંત હાનીકારક છે. ગઇ કાલ પાછી આવવાની નથી એ વાત ખરી, પણ પ્રત્યેક પળની કૃતિનું ફળ ચીરસ્થાયી છે, માટે દરેક પળ સત્કાર્યમાં યોજવી જોઇએ. આયુષ્ય ટુંકું છે માટે તેનો દુરૂપયોગ નહિં કરતાં, સત્કર્મ કરવામાં તે વ્યતિત કરવું જોઇએ.

૩૫ આપણે જે કર્મ કરીશું તે ઉડી જવાનાં નથી, પણ તેના સંસ્કાર પાછળ રહી જવાના છે. આપણી કૃતિનાં ફળ ભોગવ્યા સિવાય છુટકો નથી. તો પછી તે કર્મો સારાંજ કરવાં જોઇએ. જેથી ચીરસ્થાયી શાન્તિ મળી શકે. સત્ય પૂર્ણ જીવન જીવો, અને બીજાને સંકટ સામે હિંમતથી બાથ ભીડતાં શીખવો. દીર્ઘદષ્ટી અને દઢ નિશ્ચય એ બેનો સુયોગ કરવામાંજ જીવનનું રહસ્ય રહેલું છે.

૩૬ પ્રત્યેક માણુસ પોતાના કાળનો કર્ત્તા છે. તેજ સારો અને નઠારો બનાવી શકે છે. સત્યયુગ પણ આજ છે અને કળયુગ પણ આજ છે. આપણી જેવી ભાવના હોય છે તેવી ભાવના કાળની પણ થાય છે. માટે સર્વે મનુષ્યોએ સત્યયુગ બનાવવા પ્રયત્ન કરવો. કાળ અમુલ્ય છે એટલુંજ નહિં, પણ તેની અસર કોઇપણ રીતે નાબુદ કરી શકાતી નથી.

૩૭ જેટલું બોલવું ઉચીત હોય તે કરતાં વધારે બોલી નાખવા બદલ પોતાની જાતને ઠપકો આપવાનો પ્રસંગ લગભગ દરેક માણુસને પ્રાપ્ત થતો હશે, પણ જરૂર કરતાં થોડું બોલ્યા બદલ પસ્તાવું પડે એવો પ્રસંગ તો વિરલજ હોય છે. **मौनं सर्वार्थ साधकं** એ વાકયાનુસાર મૌન કરવું તે સોના જેવું છે.

૩૮ રાજ્ય પ્રકરણને લગતા કામકાજમાં ધીમાસ કરતાં ઉતાવળની બીક વધારે રાખવાની છે. પુખ્ત વિચાર કર્યા વગર બાંધવામાં આવેલા કાયદા અત્યંત હાનીકારક નિવડે છે. એવા કામમાં ઉતાવળ કરવી તે શાણપણ નથી.

૩૯ જે માણુસ વગર વિચાર્યું બોલે ચાલે છે તેને પાછળથી પસ્તાવું પડે છે. જો શરૂયાતના કામકાજમાં થોડી ધીરજ રાખશો તો પસ્તાવામાંથી બચશો.

૪૦ કોઇ કામ દોડાદોડ કરી પૂરૂં કરી નાંખવામાં શાણપણ નથી—પણ તેમાં ગુંચવાડો ઉત્પન્ન થાય તો, તે કામ

તેમજ રહેવા દઈ વચમાં એક રાત્રી પસાર થવા દેવામાં લાભ છે. રાત્રીની શાંત નિદ્રામાં આપણો મગજ ગુંચવાયેલું કોકડું ઉકેલવાનો ઉપાય શોધી કાઢે છે. અથવા વખત જતાં સારી સલાહ મળે છે.

૪૧ ઉતાવળે કામ કરી પાછળથી તે ભૂલ સુધારવા બદલ. ઉજાગરા કરવા કરતાં, કામ અધુરૂં મૂકી ઉંઘ લેવી એ વધારે ડાહાપણ ભરેલું કામ છે. શાણપણને ઇમારત બાંધવા માટે જે સામાન જોઇએ તે જ્ઞાન પુરૂં પાડે છે. એ ઇમારતનો પાયો જ્ઞાનજ છે.

૪૨. શાણા માણસો બીજાના અનુભવને પોતાનો કરી લે છે. જે માર્ગે જવાથી બીજા માણસે ખત્તા ખાધા હોય છે તે માર્ગે તે કદી પણ જતા નથી.

૪૩ મૂર્ખ માણસ જાતે ખત્તા ખાય છે ત્યારેજ તેનામાં શાન આવે છે ત્યારેજ તે પાછો હઠે છે.

૪૪ સદુપદેશ વડે સુધરવું એ શાણપણનું લક્ષણ છે. જાતે ઠોકર ખાધા સિવાય બીજાની શીખામણ સાંભળવાથીજ સુધરવું તે સર્વોત્તમ છે. પણ બીલકુલ નહિં સુધરવું તેના કરતાં ઠોકર ખાઇને સુધરવું એ બહેતર છે.

૪૫ અનુભવની શાળા દુઃખથી ભરેલી છે પણ મૂર્ખ માણસ માટે તે સિવાય બીજી કોઇ શાળા કામની નથી. બીજાનું જોઇ તેઓ શીખી શકતા નથી, પણ જાતના

અનુભવ પછીથીજ તેની આંખો ઉઘડે છે. અર્થાત્ અનુભવની સંપ્રશાળામાં ઘડાયા સિવાય તેઓ સુધરી શકતા નથી.

૪૬ મનન કે અધ્યયનનું કામ ઘણું કઠણ છે. માનસિક શ્રમની આગળ શારીરિકશ્રમ છોકરાંની રમત જેવો છે. વળી સ્નાયુનો થાક, જ્ઞાનતંતુઓ કરતાં વધારે ઝડપથી ઉતરી જાય છે. અધ્યયન કે ચિંતનનો માર્ગ અત્યંત વિકટ છે ખરો, પણ તેનાથી કર્ત્તવ્યનો માર્ગ સરલ અને સ્પષ્ટ થાય છે.

૪૭ મર્યાદાનું ઉલ્લંઘન સર્વ બાબતમાં હાનિકારક છે. સદ્ ગુણને પણ મર્યાદા હોય છે અને તેનું અતિક્રમણ થતાં તે કેટલીક વાર દુર્ગુણ થઇ પડે છે. એકંદર રીતે ઉપયોગી, નિર્દોષ કે આખરે ક્ષમા કરવા યોગ્ય બાબતો પણ મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી ત્યાજ્ય કે નિંદ્ય થઇ ગણાય છે.

૪૮ ઉદારતા એ સદ્ગુણ છે પણ મર્યાદા કે વિવેક વગરની ઉદારતા એ ઉડાઉપણું ગણાય છે. તેવીજ રીતે ગજા ઉપરાંતની હિમ્મત એ અવિચારીપણામાં ખપે છે.

૪૯ દુર્ગુણ એ એવો ભયંકર પિશાચ છે કે તેને જોતાં વેંતજ તેના તરફ તિરસ્કારની લાગણી ઉત્પન્ન થાય છે, પણ જો રોજ ને રોજ તેના તરફ જોયા કરીએ, તેની સાથે પરિચયમાં આવીએ તો શરૂઆતમાં આપણે

તેની ઉપેક્ષા કરવા લાગીએ છીએ, પણ પાછળથી આપણા મનમાં તેના માટે દયા ઉત્પન્ન થાય છે અને આખરે આપણે તેને ભેટી પડીએ છીએ.

૫૦ દુષ્ટ પુરૂષોને શિક્ષા કરવા ઇશ્વર કાંઈ નવાં હથીયાર બનાવતો નથી પણ તેમના દુર્ગુણ વડેજ તેને શિક્ષા થાય છે. વ્યસની માણસોને તેનાં દુર્વ્યસનોજ ખરાબ કરે છે. પાપજ પાપીને ખાય છે.

૫૧ કોઇ કોઇ વખત મૂર્ખાઈ પણ દુર્ગુણ કે વ્યસનના જેટલીજ ઘાતક નીવડે છે. દુનિયા ઉપરના ઘણા અનર્થ મૂર્ખાઇને પણ આભારી છે. એક માણસ બીજા માણસને મારી નાંખે, પછી તે પૈસાના લોભે, જુના વેર નિમિત્તે કે ગાંડછાના આવેશમાં, એ બધાનો નિર્ણય તેને કેવી સજા કરવી, કેટલે અંશે દોષપાત્ર ગણવો, એ ગુન્હા શોધક ખાતાની બાબતમાં ઉપયોગી છે, પણ તેના કૃત્યથી જગતને નુકસાન થયું, એક જીવની હાની થઇ, તેમાં તેને લીધે કશો ફેર પડતો નથી. અર્થાત્ સમાજને શિર દુર્જનને સુધારવા જેટલીજ મુર્ખને સુધારવાની જવાબદારી રહેલી છે.

૫૨ જગત્માં ઘણો પરોપકાર નામના મેળવવાની લાલસાથી કે બીજો કોઇ સ્વાર્થ સાધવાની ઇચ્છાથી થતો હોય છે, છતાં એવી ઉત્તમ પ્રકારની સ્વાર્થ દૃષ્ટીથી દોરાઇને પણ જે સત્કર્મ થાય છે, તેનાથી જગતને તો શુદ્ધ પરમાર્થના જેટલોજ લાભ થાય છે.

૫૩ આપણુને જે શક્તિઓ મળેલી છે તેનો કેવો ઉપયોગ કરવો, તે આપણી મુનસફી ઉપર રહેલું છે. આપણુને માટે સદ્દગુણના કે દુર્ગુણના બન્ને માર્ગ ખુલ્લા છે. આ મુનસફીને બદલે જવાબદારી કહેવી વધારે યોગ્ય છે. આ બન્ને માર્ગ ખુલ્લા તો ખરા પણ એક માર્ગ સ્વર્ગે પહોંચાડે છે, જ્યારે બીજો માર્ગ નરકે લઇ જાય છે.

૫૪ યોગ્ય અવસરે જરા મદદ કરવી, સારી સલાહ આપવી, બે માયાળુ શબ્દ બોલી પ્રોત્સાહન આપવું. એવું એવું કર્યાથી ઘણા માણસોના દુઃખમાં ઘટાડો કરી શકાય છે. એક નાની સરખી મીણબત્તી પોતાનો પ્રકાશ કેટલે બધે દૂર સુધી પ્રસારે છે? એવી રીતે એક નાનું સરખું સત્કર્મ પણ દુષ્ટ જગતમાં સર્વત્ર દીપી રહે છે.

૫૫ પોતાની જાતની બાબત કરતાં બીજાની બાબતમાં શાણા થવું એ વધારે સહેલું છે.

૫૬ આપણા અંતરાત્માના જેવો શાણો માર્ગદર્શક આપણુને બીજે કોઇ સ્થળેથી મળનાર નથી. જ્યારે આપણા વર્તનના સંબંધમાં આપણુને શંકા પડે, કયો માર્ગ લેવો તે સહેલાઇથી સમજાય નહિ, ત્યારે તેની સલાહ લેવી. તે કોઇ દિવસ ખોટે માર્ગે દોરી આપણુને ફસાવશે નહિં. તેના ઉપર કોઇની લાગવગ કે સત્તા ચાલશે નહિ. વળી તે એવો સાક્ષી છે કે આપણે પોતે પણ કદી લાલચ આપી તેને ફોડી શકતા નથી આપણું કોઇ વર્તન તેનાથી છાનું રહેતું નથી.

૫૭ આપણે આપણી જીભને અંકુશમાં રાખી શકીએ. આપણા ખરા ભાવ છુપા રાખી મુખમુદ્રા ઉપર બીજા ભાવ પ્રગટ કરી શકીએ. મનોવિકારને નિગ્રહ કરી શકીએ, પણ આપણા હૃદયમાં વાસ કરી રહેલા અંતર્ આત્મા ઉપર, આપણો અમલ જરા પણ ચાલી શકવાનો નથી. આપણે દુષ્કર્મ કરવા જઇએ કે તરતજ તે આપણને ઠપકો આપી પાછા હઠાવે છે. ઠપકાની ઉપેક્ષા કરી આપણે દુષ્કર્મમાં પ્રવૃત્ત થઇએ તો પણ તે શાંત બેસી રહેતો નથી. આપણું અંતઃકરણ હમેશાં આપણને ડંશ દે છે અને આપણી ચિત્તની શાન્તિનો હંમેશને માટે નાશ થાય છે. માટે સર્વ કાર્યમાં તેની સલાહ માંગવી. અને તે જે સલાહ કે આજ્ઞા આપે તેનું અનુકરણ કરવું એજ ખરા શાણપણનું કામ છે.

૫૮ મનમાં દુર્વિચારનો પ્રવેશ થવા ન દેવો તે મનની શુદ્ધિ છે. શરીર અન્ન, વસ્ત્ર, જળ, ઇત્યાદિ વસ્તુઓ સ્વચ્છ રાખવી તે બાહ્ય શુદ્ધિ છે. બાહારની સ્વચ્છતા મનને પ્રફુલ્લ તથા શુદ્ધ રાખે છે. બાહારની મલીનતા મનને મલીન તથા વિકારી બનાવે છે. પવિત્ર વાતાવરણમાં ઉભા હોઇએ ત્યારે મનમાં વિચાર પણ પવિત્ર આવે છે. સ્વચ્છ સ્થળમાં મન પવિત્ર રહે છે. બાહ્ય શુદ્ધિ કરતાં આંતર્ શુદ્ધિ વધારે કીંમતિ છે. મન મેલું હોય તો ફક્ત બાહારનો ઠાઠમાઠ દુનિયાને છેતરવાનોજ અર્થ સારે છે.

૫૯ ઇંદ્રિઓને સ્વચ્છંદપણે વર્તવા દેવામાં આવે તો તે મનને વિષયોના ખાડામાં લઇ જઇ નાંખ્યા વગર રહેતી નથી, અને તે જેમ જેમ નિરંકુશ થતી જાય છે તેમ તેમ તેમને તૃપ્ત કરવા માટે મન પણ યથેચ્છ વર્તન કરવા માટે આપણને લલચાવે છે, અને પાપાચરણ કરાવરાવે છે. માટે તેને અંકુશમાં રાખવી.

૬૦ ધર્મના માર્ગમાંથી પતિત નહિં થવાની ઇચ્છા રાખનારાઓએ દરરોજ રાત્રે આખા દિવસનું વર્તન તપાસી જવું જોઇએ. પોતાની જાતને આ પ્રમાણે સ્વાલો પૂછવા કે શરીરને આરોગ્ય રાખવા પ્રયત્ન કર્યો છે ? વૃત્તિઓ અને મનોવિકારને અંકુશમાં રાખ્યા છે ? ખોટી લાલચોની સામે થઇ તેનો પરાભવ કર્યો છે ? કોઇ પાપાચરણ મેં આજે કર્યું છે? કોઇને ઇજા કરી છે ? માઠું લગાડ્યું છે. ? મેં કોઇનું ભલું કર્યું છે ? આ વિચારણાથી ભુલો સુધારવા સાથે નવિન માર્ગમાં આગળ વધી શકાય છે.

૬૧ ધર્મ ભાવનાને લીધે ગરિબ માણસ પણ ઉદાર, ઉદાત્ત અને પરોપકારી થઇ શકે છે. ધર્મનો ઉદ્દેશ મનુષ્યને સ્વર્ગમાં પહોંચાડવાનો નથી, પણ અંતઃકરણમાંજ સ્વર્ગ લાવી મુકવાનો છે. દુષ્ટ વિચારો મનમાં બન્યા રહે તો ધર્મનો ઉદ્દેશ સફળ થતો નથી.

૬૨ માણસ ઉઘાડાં પાપ જેટલાં કરે છે તે કરતાં હજાર-

ગણાં પાપ મનમાં વિચાર વડે કરે છે. જે માણસ નિરંતર દુષ્ટ વિચાર કર્યા કરે છે તેને આખરે પોતાના વિચારોને વર્તનમાં ફેરવી નાંખતાં વાર લાગતી નથી તેમ જે માણસ હમેશાં પવિત્ર વિચારોમાં રમ્યા કરે છે, તે અયોગ્ય વર્તન કરે એવો બહુ સંભવ હોતો નથી. મન ઉપર વિચારોનો પટ જલદી બેસી જાય છે. માટે મનને હમેશાં સારા અને પવિત્ર વિચારોમાં રોકાયેલું રાખવું.

૬૩ પરધર્મ તરફ અસહિષ્ણુતા બતાવવી એ આપણી પોતાની હલકાઇ બતાવે છે. જે માણસ પોતાથી જુદો ધર્મ પાળતો હોય છે તે પોતાના ધર્મનો વિરોધી છે એમ લોકો ગણે છે. તથા ધર્મની બાબતમાં શંકાશીલ વૃત્તિવાળાને માણસો નાસ્તિક ગણે છે, આ રીત પસંદ કરવા યોગ્ય નથી.

૬૪ ધર્મને લગતા કેટલાક ભેદ તો ફક્ત આચારના સંબંધમાં હોય છે, છતાં તેજ ધર્મના મુખ્ય સિદ્ધાંત હોય તેમ લોકો તેને માટે એક બીજાને ધિક્કારે છે. મુખ્ય બીનામાં મતભેદ ન હોય તો પછી એક ઉભું ટીલું કરે અને બીજો આડું ટીલું કરે અને ત્રીજો અંદર ટપકું વધારે કરે તેમાં શું બગડી જતું હશે ! સર્વને પોતાની આસ્થા પ્રમાણે ધર્મ પાળવાનો હક છે.

૬૫ ઉપદેશકોએ સાચું, પવિત્ર, આદર્શ રૂપ જીવન કહેવું જોઇએ, તેનો ખ્યાલ શ્રોતાઓને આપવો જોઇએ. ઉંચું

જીવન કેવું હોઇ શકે તેના વિચારમાં મગ્ન થતાં લોકો પોતાની દુનિયાદારીની ઉપાધીઓ વિસરી જાય, શાશ્વત સુખ અને શાંન્તિની આગળ આ દુનિયાનાં સુખ કશા હિસાબમાં નથી એવું લોકોને ભાન થાય, આવા ઉપ-દેશકો, કે આવી ધર્મ સંસ્થાઓને કોઇપણ જાતનો વિરોધ નડવાનો બીલકુલ સંભવ રહેશે નહિં.

૬૬. જેને ફક્ત એકજ ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન હોય છે તે કોઇપિણ ધર્મ બરાબર જાણતો નથી એમ કહેવું જોઇએ. તેની સાથે એમ પણ કહેવું જોઇએ કે જે માણસ ફક્ત એકજ ધર્મની ખુબીઓ સમજવાની કોશીશ કરી બેસી રહે છે તે કોઇપણ ધર્મની ખુબીઓ સર્વાંશે સમજી શકતો નથી.

૬૭ ચિત્ત સ્વસ્થ હોય ત્યારેજ સુવિચારો સ્ફુરે છે. જીત મેળવવા કરતાં શાંતિ જાળવવી તે વધારે કીંમતિ છે. પોતાના ચિત્તની શાન્તિમાં વિક્ષેપ પડવા ન દેવો એ માણસોના પોતાના હાથની વાત છે. આપણી ના-મરજી છતાં કોઇનો મગદુર નથી કે આપણી શાન્તિનો ભંગ કરી શકે. આપણી શાંતિનો શત્રુ આપણા સિવાય બીજો કોઇ નથી. દુર્જનોની સાથે પ્રસંગ પડતાં મનનું સમતોલપણું ખસી ગયા સિવાય રહેતું નથી. તેમ છતાં દૃઢ નિશ્ચયવાળાને માટે એ કામ કેવળ અશક્ય નથી.

૬૮ જ્યાં નિરંતર કલહનો વાસ છે એવા ભવ્ય મંદિરમાં

રહી મિષ્ટાન જમવા કરતાં, શાંતિવાળી ઝુંપડીમાં રહી સુકો રોટલો ખાવો તે સારો છે. વિરૂદ્ધ યા ઉંચા મન-વાળાનું મિષ્ટાન્ન જમવા કરતાં ભાવની ભાજી પણ સારી છે. મતલબ કે શાંતિની કીંમત અમૂલ્ય છે.

૬૯ માણસો નજીવી બાબતોમાં પોતાની શાંતિનો ભંગ કરી બેસે છે, અને તેથી શરીરની માફક મન પણ કોઇ વખત માંદું પડી જાય છે. શરીરના વ્યાધિની માફક મનના વ્યાધિનું શમન એટલી સહેલાઇથી થતું નથી. દરેક મુશીબત જેમ જેમ આવતી જાય તેમ તેમ તેનું નિવારણ કરતા જવાની ટેવ રાખવી.

૭૦ આપણે જગતને સુખી કરવા બેસીએ તો તે કદાચ આપણાથી ન બને એ સ્વભાવિક છે, પણ જો આપણે યોગ્ય પગલાં ભરીએ તો, આપણી જાતને તો સુખી કરી શકીએ. દરેક માણસ ધારે તો પોતાના ચિત્તને એકંદર રીતે શાંત, સંતોષી અને આનંદી રાખી શકે એમ છે.

૭૧ માણસ નિર્ધન હોય તો પણ, જો તે જીતેંદ્રિય, શાંત, સમદર્શી હોય, અને તેનું મન હમેશાં સંતુષ્ટ રહેતું હોય, તો તેને દશે દિશાઓ સુખમયજ છે. જો તમારા મનમાં શાંતિ નહિં હોય તો તેની બાહાર શોધ કરવાથી કાંઇ વળવાનું નથી.

૭૨ માણસ પોતાની જાતને (દેહાભિમાનને) ભૂલી જાય છે

ત્યારેજ તેને વિશ્રાંતિ મળે છે. દેહાભિમાનની વિસ્મૃતિ સિવાય આત્મ શાંતિ મળતી નથી.

૭૩ જે સંકટ ભવિષ્યમાં ગુજરવાનાં છે, તે કદાચ ન પણ ગુજરે. એવા સંકટના વિચાર કરીને આગળથી દુઃખી થવું એ મોટામાં મોટી મૂર્ખાઈ છે. સતત્ ચિંતા કરવી એ નાહકની આફત વ્હોરી લેવા જેવું છે. પ્રત્યક્ષ મૃત્યુ કરતાં મૃત્યુની બીક વધારે ત્રાસદાયક છે. આપ્તની સામે બાથ ભીડવાથી તેની તીવ્રતામાં ઘટાડો થાય છે, પણ તેનાથી હારી જઈ હાય વરાળ કરવાથી તે આપણા ઉપર ચડી બેસે છે.

૭૪ જે માણસ સંપત્તિના મંદિરમાં ભોગવિલાસના દ્વારે થઇ દાખલ થાય છે, તે પશ્ચાતાપના દ્વારે થઈ પાછો બાહાર નીકળે છે. સંપત્તિના સમયમાં જે મોજશોખ અને ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહે છે, તે આખરે વિપત્તિનો ભોગ થઈ પડયા વગર રહેતો નથી.

૭૫ ઇચ્છારૂપી ખજાનાની કુંચી ધૈર્યજ છે. બંધ બારણું. ખોલી નાંખનાર પણ ધીરજ છે. માણસની હિંમત મોઢાના તડાકા મારવાથી સમજાતી નથી, પણ તેની કીંમત તેની ધીરજથી નિર્ણિત થાય છે.

૭૬ જેના દ્વારથી ભિક્ષુક નિરાશ થઇ પાછો ફરે તેના જેવી શરમ, ઉદાર દીલના માણસને બીજી એકે પણ નથી.

૭૭ મન મોહોટું રાખ, જેવું તારૂં મન, તેવોજ તારાપર લોકો વિશ્વાસ રાખશે.

૭૮ યથાર્થ નિશ્ચય અને સંપૂર્ણ પ્રયત્ન સિવાય કોઇની ઇચ્છાઓ પાર પડી નથી, જે જે દિશામાં તારી નિશ્ચયતાની લગામ તું ફેરવે, ત્યાં એટલી સંભાળ રાખજે કે આનાકાનીને હાથે તે લગામને ઢીલી પડવા દેતો નહિં.

૭૯ માણસને મહેનત સિવાય કાંઈ મળવાનું નથી. મારી ઇચ્છાનો છેડો હું મજબુત પકડું તો જરૂર શોક અને દિલગીરીમાંથી છુટી શકું.

૮૦ ક્ષુલ્લક, નીચ કામ કરતાં પ્રાણ જાય તેના કરતાં કોઇ ઉત્તમ મહાન્ કાર્ય કરતાં આ દેહનો અંત આવે તે વધારે ઉત્તમ વાત છે કામમાં તો યત્નપૂર્વક મંડ્યાજ રહેવું. યત્નથી ગમે તેવી અસાધ્ય વસ્તુ પણ સાધ્ય થાય છે.

૮૧ સારા ભાગ્ય વડે તું ઉંચ્ચ દરજ્જે પહોંચ્યો છે ત્યારે તું દયા રાખવામાં પણ મજબુત રહે. જુલમી અધિકારીઓ જે જોરજુલમથી પોતાના આશ્રિતોને દુઃખ આપે છે તેજ કારણથી તે પોતાને દુઃખી મનવાળો બનાવે છે. જુલ્મી માણસ પોતાનાજ પુન્યના મૂળનો નાશ કરે છે. જેણે જુલમની કમાનપર અન્યાયનું બાણ ચડાવ્યું છે તેને તમે કહો કે અરે! તું સાવધાન થા. આ તારી પાછળ તેના નિશ્વાસનું હૃદયભેદક તીર છુપાઇ રહ્યું છે તેનો વિચાર કર.

૮૨ જેવો ક્ષમા કરવામાં આનંદ છે તેવો વેર લેવામાં નથી.

હું તારી સમક્ષ અપરાધી છું. તું પ્રભુની સમક્ષ અપરાધી છે. જો તું મને માફ કરશે તો પ્રભુ તને પણ માફી આપશે. ક્ષમા વૃત્તિએ મોટો સદ્‌ગુણ છે. જેનામાં ક્ષમાગુણ છે તે મોટો નસીબવાન છે. ક્ષમાના પ્રકાશથી હૃદય પ્રકાશીત થાય છે.

૮૩ તું પોતે બીજાની મદદ ઇચ્છે છે તો તું પણ બીજાને મદદ કર. દુ:ખી માણસનું દુ:ખ ટાળ–નાસીપાસ થયો હોય તેની ઇચ્છા પૂરી પાડ. ન્યાયથી તારા ધર્મને અને ઘરને આબાદ કર. આ અસ્થિર માનવ જીંદગીમાં કાંઈ હમેશ આપણે ટકી રહેવાના નથી, પણ સારૂં બુરૂં કામ હમેશાં યાદ રહે છે. તેમાં ખાસ કરીને સારા કામ માટે નાંખેલા પાયાની અસર જમાનાની સપાટીપરથી કોઈ દહાડો ભુસાતી નથી.

૮૪ સારા સ્વભાવ સિવાય બીજું કાંઈ પણ માણસાઇમાં સારૂં નથી. દરેક પ્રસંગોમાં આ વાત ભુલવી ન જોઇએ. લોકો જોડે ખુશમીજાજ રાખવો અને હસીને વાતચીત કરવી. અર્થાત્ શોકમાં ડુબી ન રહેવું.

૮૫ તારા મનમાં જે આવે તે વિચાર કર્યા વિના સાહસથી કર નહિં, કારણ કે તેમ કર્યાથી ભવિષ્યમાં તારે પસ્તાવું પડશે.

૮૬ તારા ઘોડાને એટલો તોફાની ન બનાવ કે તેની લગામ તું ખેંચી પકડી શકે નહિં. કોઈ પણ બનાવ બનતાં

પહેલાં તેનો ઉપાય કરવો જોઇએ. જ્યારે વાત હાથથી જાય છે ત્યારે દિલગીરી કાંઈ કામ આવતી નથી.

૮૭ ખુબસુરતિ છતાં પવિત્રપણે રહે અને મોટાઇ છતાં નમ્રતા પકડે તે ઉત્તમ મનુષ્ય કહેવાય છે

૮૮ તું તારા કામમાં સચ્ચાઇ વાપર તેથી તું છુટશે ને મોક્ષ પામશે. કોઈ માણસ ગમે તેટલો કાવત્રાખોર હોય તો પણ આખરે તેને સત્યવાદીઓના ગુલામ થવું પડે છે, કમાનની દોર ઘણી સખ્ત હોય છે તો પણ તીરની પાસે તેને નમ્ર થવુંજ પડે છે.

૮૯ હમેશાં વિચાર કર્યા વગર કાંઇ કામ કરવું નહિં. ઉતાવળીયાપણાનો રસ્તો છોડી દેવો. જે કોઇ પણ કામ કાજમાં ધીરજ રાખી વર્તે છે તેની અણછુટકે પણ મુરાદ પાર પડે છે.

૯૦ ઉતાવળ, કમાનમાંથી છુટેલા તીર જેવી છે; તે છુટયા પછી પાછું ફેરવી શકાતું નથી. ધીરજ હાથમાંની તલવાર જેવી છે, મરજી પડે તો તેને ઉપયોગમાં લઇએ, નહીંતર પડી પડી કાંઇ નુકશાન કરતી નથી.

૯૧ બની શકે ત્યાં સુધી તારી છુપી વાત કોઇને કહીશ નહિ. કારણકે તે કહ્યાથી આનંદ યાતો શોક થશે. તારી છુપી વાતના જનાનામાં કોઇ પણ માણસને કોઈ વખતે આવવા ન દેનો.

૯૨ ભિક્ષુકો આપણા ખરા મિત્રો છે તેઓ આપણે બારણે

આવે છે અને કહે છે કે તમારી પાસે કાંઈ હોય તો તે અમને આપો. તે તમારે સારૂ અમે ઉચકીશું. અર્થાત્ પૂર્વભવમાં તમને તેનું ફળ મળશે.

૯૩ હજાર વખત માફ માંગે તો પણ નીચ માણસ અરધો ગુન્હો પણ માફ ન કરે. પણ ખુશ થવાય તેવી મહેરબાની સાથે મોટાં માણસો હજાર અપરાધ ક્ષમા કરે છે.

૯૪ સારો સોબતી અત્તર વેચનાર જેવો છે, માનો કે કદાચ તે પોતાના અત્તરમાંથી કાંઇ ન આપે તો પણ તેનો સુવાસ લેવા જેટલો તો બીજાને ફાયદો થાય છે. તેમ ખરાબ મિત્ર લુહારની ભઠ્ઠી જેવો છે. એક વખત ધારો કે, તેના દેવતાથી કોઇ બળે નહિં તથાપિ તેના ગરમ ધુમાડાથી તો ઇજા થયા વિના રહેજ નહિં.

૯૫ સલાહકારે સલાહ આપવામાં તથા રસ્તો બતાવવામાં નરમાશની રીત રાખવી જોઇએ. તેમજ સભામાં કે મીજલસમાં શીખામણ આપવી ન જોઇએ. પણ એકાંતમાં અને એવે પ્રસંગે આપવી જોઇએ કે જ્યારે તેને એમ લાગે કે હવે મારા વચનોની તેનાપર અસર થશે. તે પણ નરમાશ અને સભ્યતાથીજ આપવી, કારણ હાલના જમાનામાં નરમાશથી બોલવું અને સારો સ્વભાવ રાખવો તેમાંજ સુખ રહેલું છે.

૯૬ આખી દુનિયાને અક્કલની ગરજ છે અને અક્કલને અનુભવની જરૂર છે. કારણ એવું કહેવાય છે કે અનુ-

ભવ અક્કલની આરસી છે તેમાં દરેક કામનો પડછાયો દેખાઇ આવે છે. અનુભવ મેળવવા માટે લાંબો વખત, લાંબી ઉમ્મર, અને બીલકુલ નિશ્ચિંતતાની જરૂર છે.

૯૭ અપૂર્ણ નીચ પતિત માણસોજ અહંકાર કરે છે. તેમનો સ્વાર્થ એટલોજ કે પોતાની અપૂર્ણતા ઢાંકવી, પણ ખરૂં જોતાં તો તેઓ પોતાના દુર્ગુણો ખુલ્લા પાડે છે.

૯૮ ડાહપણનો સ્થંભ સહનશક્તિ છે. જેનું મગજ હલકું તે હમેશ નીચ વૃત્તિનો હોય છે. ધૈર્ય સંપૂર્ણતાની મીલકત છે.

૯૯ ઉત્તમ કાર્ય કરનારાઓને લગતી વાર્તાઓ તથા તવારીખો મન તથા આંખને તેજ આપે છે તેમ વિદ્યા તથા ડહાપણ જોડે ઓળખાણ કરાવે છે.

૧૦૦ સારાં માણસ જોડેજ બેઠક રાખ જે તારા લાયકનો ન હોય તેની જોડે ન બેસ.

૧૦૧ પોતાની પાસે ચાડીઆને આવવા દેવો નહિં, કારણ એક પળમાં તે સો તોફાન ઉભાં કરે છે. તેમ પોતાની પાસે બોલાવીને તેને દબાવવો પણ નહિ. કારણ આખરે બીજા પાસે જઇ તારૂં તે જુઠું બોલશે.

૧૦૨ રાજા પાસે કોઇની નિન્દા કરવીજ નહિ. નિરપરાધિ માણસના નિસાસાથી ડરતો રહે, નિરપરાધિ માણસોના નિશ્વાસ બહુ ખરાબ અસર કરે છે.

૧૦૩ દુનિયામાં દ્વેષી માણસને તેનો દ્વેષજ બહુ છે. કારણકે

તે તેને હંમેશ આફત, દિલગીરી, અને શોકમાં રાખે છે. દ્વેષી બીજા માણસને બાળવાને અગ્નિ ચલાવે છે. જો બરાબર જોઇએ તો પોતાનેજ તે તેમાં બાળે છે.

૧૦૪ નરમાશ ને ધીમાશથી કાંઇ કામ થાય તેવું હોય તો ત્યાં ગુસ્સો અને સખ્તાઈ બતાવવાં નહિ, અને જો સખ્તાઈ તથા ગુસ્સાની જરૂર હોય તો નરમાશ ને મિત્રભાવ દેખાડવો નહિં.

૧૦૫ હંમેશ લોકોપર મહેરબાની બતાવી શકાતી નથી. વખત આવે ભ્રકુટી પણ ચઢાવ. મલમ પટ્ટા નકામા થઇ પડે ત્યારે જખમ ઉપર નસ્તર મૂકવાની પણ જરૂર પડે છે.

૧૦૬ જેના ઝાડનું મૂળજ કડવું હોય, તેને ઉત્તમ બાગમાં જઇને રોપીએ અને ઉત્તમ નદીનું પાણી સીંચીએ અથવા મીઠા પદાર્થોથી સીંચન કરીએ તો પણ આખરે પોતાની જાતને તે જણાવશેજ.

૧૦૭ નીચ સ્વભાવના માણસોની સોબત કરવી યા પ્રશંસા કરવી એ પોતાની આબરૂ ખોવાનું કામ છે, કારણ જે દુષ્ટ બીજમાંથી જન્મ્યા હોય તે પોતા પ્રત્યે ભલાઇ કરનારના ઉપર બુરાઇ કર્યા સિવાય આ દુનિયામાંથી ચાલ્યા જાય તે તેના ધર્મથી ઉલટું છે.

૧૦૮ હસતું મોઢું, ખુશમિજાજીપણું ને આનંદવૃત્તિ એ સખાવત કરવામાં ઘણાં અગત્યનાં છે.

વિચાર રત્નમાલા.

—:⌣⌣⌣⌣:—

૧ આત્મદૃષ્ટિનો વિસ્તાર, અભેદનું સામ્રાજ્ય, આનંદની મૌનતા, અને ભેદનું મિથ્યાત્વ અનુભવ કરો.

૨ નમ્રતા, અંતઃકરણની શુદ્ધતા, બુદ્ધિબળ અને હિમ્મત, આ ચારથી કાર્ય સિદ્ધ થાય છે.

૩ મન, વચન, શરીર, એ ત્રણેનું એક સરખું વર્ત્તન થવું જોઇએ. જેવું મનમાં તેવુંજ ક્રિયામાં.

૪ ગમે તેવું સાંભળીને કે દેખીને મન ખેદ કે આશ્ચર્ય ન પામે, તેવી સ્થીતિસ્થાપક દશા મનની થવી જોઇએ.

૫ પદાર્થ માત્રની કાળી બાજુ ન દેખતાં, ધોળી બાજુજ દેખવી જોઇએ. સૌંદર્યતાજ જોવી, તેથી આપણો ઉદ્ધાર થાય છે.

૬ પવિત્ર મહાપુરૂષના ઉંચામાં ઉંચા જીવનને દૃષ્ટી આગળ રાખી પોતાના મન, વચન, શરીરને તે પ્રમાણે પ્રવર્તાવવાની ટેવ પાડવી જોઇએ.

૭ મનને શુદ્ધ કરવા માટે કાયમ પવિત્ર મંત્રનો જાપ કરવો, અને મનને સ્થિર કરવા નિર્વિકલ્પ ધ્યાન કરવું જોઇએ

૮ યોગમાત્રનું પ્રથમ દ્વાર પ્રેમ, વિશ્વાસ, સાહસ, અને સ્વાર્પણ એ વિના અન્ય નથી. સત્યને અનુભવવાની ઇચ્છા હોય તો એ ચારે વાત ધારણ કરવી.

૯ આત્મ પ્રેમમાં પ્રારબ્ધનો અવકાશજ નથી. એતો કેવળ સ્વતંત્ર પુરૂષાર્થ છે. પોતાના વિચારથીજ સિદ્ધ થાય તેમ છે. એ તત્વાભ્યાસિઓએ સારી પેઠે મનન કરી સંગ્રહવા જેવું છે.

૧૦ જેવું જેવું આત્મસ્વરૂપ તેવોજ તેનો અનુભવ, અને તેટલોજ તેને આનંદ. દષ્ટિમાં સર્વસ્વ છે. જેવી જેની દષ્ટિ હશે, તેવી સૃષ્ટિ થશે એ વાત સારી રીતે લક્ષમાં રાખવા જેવી છે.

૧૧ મૌન આનંદ વિના સ્વરૂપાનુસંધાનનું અન્ય સ્થાનજ નથી.

૧૨ પ્રકૃતિનો એક પવિત્ર નિયમ, કે જે ઉલ્લંઘન કરી શકાય તેમ નથી, તે એ છે કે, તમ કોઇપણ અપવિત્ર વિચાર, અમંગળ ધ્યાન, કે તેવું કૃત્ય ગમે તેવા એકાંત સ્થળે કરો, તોપણ તમને પ્રકૃતિના દઢ અને કદી કોઇથી પણ ઉલ્લંઘન ન થાય તેવા નિયમ પ્રમાણે, તેનાં કૃત્યનો બદલો મળશેજ. દુઃખ અને દારિદ્ર પોતા ઉપર આવી પડશેજ.

૧૩ સર્વ નિર્બળતા અને દુર્ગુણોનું મૂળ માત્ર અજ્ઞાનજ છે. આત્માને ન ઓળખવો તેજ છે. લોકો પોતાના શરીરને આત્મા સમજે છે અને બાહ્ય જગત્‌માંથી સંપત્તિ પેદા કરી આનંદ મેળવવા ઇચ્છે છે, પરંતુ જડ શરીર એ આત્મા નથી. તમે પરમાત્મારૂપજ છે એવી દઢ ભાવના કરો, અને તે સાક્ષાત્કાર કરો.

૧૪ સામાન્ય અજ્ઞાનતાના પેટા વિભાગમાં પ્રકૃતિના નિય-
મોનું અજ્ઞાનપણું પણ મનુષ્યોને બાધા કરે છે.

૧૫ તમે પ્રકૃતિને છેતરી શકશો નહિં. એકાંતની એકાંત ગુફામાં જઇને છુપું પાપ કરો તો પણ જે ભૂમી ઉપર ઉભા રહી તે પાપ કરો છો તે ભુમી ઉપર ઉગેલું નિર્જીવ ઘાસ પણ તે વાતની સાક્ષી પુરશેજ.

૧૬ હૃદયમાં પાપી વિચાર ઉત્પન્ન થાય છે તેના પરિણામેજ બાહ્ય જગત્માં દુઃખદાયક બનાવો આપણને વિંટળાઇ વળે છે. આવા દુઃખનું ખરૂં કારણ ન જાણવાથી મનુષ્યો પોતાની સ્થીતિને દોષ દે છે, આસપાસના બનાવો ઉપર દોષ મૂકે છે. મિત્ર, બંધુ, સગા, આદિનો દોષ કાઢે છે, પણ આ પરમ સત્ય વાત સર્વત્ર જાણીતી થવી જોઇએ કે, જગત્ની આંખમાં ધુળ નાંખવાનો પ્રયત્ન કરવાથીજ આપણે પોતે અંધ બનીએ છીએ.

૧૭ પ્રકૃતિનો નિયમ ડંકો વગાડીને કહે છે કે પવિત્ર રહો! છતાં અપવિત્રતાનો આશ્રય લ્યો તો દુઃખો ભોગવવાને પણ તૈયાર રહો.

૧૮ દૈવયોગે આવી પડતા વ્યાધિરૂપ અતિથિનો જેઓ ઘટતો આદર સત્કાર કરતા નથી તેઓ ખરેખર કંગાળ અને કૃપણજ છે, મતલબ કે વ્યાધિ, એ આત્મ જાગૃ-તિનું ઉત્તમ નિમિત્ત છે.

૧૯ દેહાભ્યાસ (અહંકાર) નો ત્યાગ કરવો, અને પોતાનો

આત્મા એજ પરમાત્મા છે એવો, સ્વાનુભવ કરવો એ સર્વ પુસ્તકોનો સાર છે.

૨૦ બધા ભેદભાવ અને બંધનોનું મૂળ કારણ તે મિથ્યા અહંકારજ છે. તેનો નાશ કરો એટલે આત્મા પ્રત્યક્ષ થશેજ.

૨૧ વાદ વિવાદથી સત્ય કદી પ્રાપ્ત થતું નથી, પરંતુ ખરા આતુર અને ગંભિર વિચારથીજ તે પ્રાપ્ત થાય છે.

૨૨ શરીર અને મનનો ખરેખરો અને વ્યવહારિક ત્યાગ જ્યારે થઇ શકે છે ત્યારેજ આત્મામાં પ્રેમનો અગ્નિ પ્રજ્વલિત થાય છે, ત્યારેજ મનુષ્યના આત્મામાં રહેલાં સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થઇ જાય છે.

૨૩ કોઇએ આવીને કહ્યું કે લોક તમારે માટે આમ બોલે છે ને તેમ બોલે છે વિગેરે અરે ભોળા મનુષ્ય ! તું આવી વાતોથી તારા કર્તવ્યમાં અંતરાય પડવા ન દે, કેમકે જગત્‌રૂપ રેંટીઆમાં મનરૂપિ ત્રાક તું સિદ્ધિ નહીં રાખશે તો જરૂર કોકડું ગુંચાશે ને તાંતણો તુટશે માટે તું એમાં લક્ષ ન આપ, ચિત્તમાં ત્યાગ અને આત્માનંદ ભરી તો જો, કે તે સઘળી બલાઓ આંખ મીંચીને ઉઘાડતામાં સાત સમુદ્રની પાર પહોંચી જાય છે કે નહિં ?

૨૪ સમદૃષ્ટિ તો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે લોકોમાંથી ભલાઇ બુરાઇની ભાવના નષ્ટ થાય, રાગ દ્વેષનો અગ્નિ બુઝે અને છાતીમાં ઠંડક થાય.

૨૫ જો આત્મારૂપિ મહારાજાને મળવું હોય તો, કામના, વાસના, ને ઈચ્છા રૂપિ પુરાણાં ને ફાટેલાં ચીથરાંને ઉતારી મૂકો. રાજાને ત્યાં તો રાજાજ પરણુા હોય.

૨૬ મનમાં હરકોઇ પ્રકારની આશા કે ઇચ્છા હોય ત્યાં સુધી વૃત્તિ એકાગ્ર થતી નથી. જેને કોઈ આવશ્યકતા કે કર્તવ્ય ઘસડી ન જાય તેજ શાંત બની શકે છે.

૨૭ અંદર દેહાભિમાન રૂપી મેલ રાખી ઉપર સોહંનો ઢોળ ચડાવવો તે વ્યર્થ છે.

૨૮ દેહાદિ સ્વપ્નને દૂર ફેંકીને, ભેદ ભાવનાનો ત્યાગ કરીને, અંતર્ દ્રષ્ટિ ઉઘાડો તો સંસારનાં સર્વ તત્ત્વ તમારાં બની જશે અને એ સર્વને તમારી પોતાની ઇચ્છાનુ-સાર નચાવી શકશો.

૨૯ લોઢું અગ્નિમાં પડે છે એટલે અગ્નિનો ગુણ તેમાં આવી જાય છે એવીજ રીતે જ્યારે મન ચૈતન્યમાં થોડો કાળ અભેદ રહે છે એટલે તેમાં વિચિત્ર શક્તિ આવી જાય છે.

૩૦ કોઇ મહાન્ કાર્ય માથે લીધું હોય તો નિરંતર એકાં-તમાં બેસી સર્વ દિશામાંથી વૃત્તિને ખેંચી લઇને આ-ત્મામાં અભેદ ભાવના કર્યા કરો એટલે યશઃકીર્તિ ખેંચાઇને તમારે આંગણે નૃત્ય કરવા માંડશે.

૩૧ જ્યાં સુધી દેહમાં પ્રીતિ અથવા કોઇ પણ પ્રકારની કામના હોય છે ત્યાં સુધી તો હૃદયમાંથી ભેદ ઉપા-સનાજ નીકળવાની. મન વિક્ષિપ્ત રહેવાનુંજ.

૩૨ જે પુરૂષ સંશય રહિત થઇને પોતાની જાતને પૂર્ણબ્રહ્મ, શુદ્ધ સત્‌ચિદાનંદ જાણે છે અને સર્વમાં શુદ્ધ સ્વરૂપનેજ દેખે છે. તેના ભાગ્યમાંજ નિર્ભયતાનું સામ્રાજ્ય છે બીજા કોઇના નસીબમાં નથી.

૩૩ જો પૂર્ણ ત્યાગ કર્યો હોય તો પછી સર્વ જગત્ તમારૂંજ છે. ખરી રીતે તો શક્તિઓ–સિદ્ધિઓ તમને ખોળતી આવે એજ રસ્તો પકડવો જોઇએ. તે શક્તિઓની પાછળ તમારે દોડવું ન જોઇએ. પોતાની તૃષ્ણાઓમાં બંધાઇ રહેલાંઓજ માત્ર ભૂત પિશાચનાં રૂપ ધારણ કરે છે.

૩૪ જ્યારે તમે નિરિચ્છ અને નિઃસ્પૃહ થશો ત્યારેજ તમે જગત્ તરફથી સન્માન પામશો.

૩૫ જ્યાં સુધી ઇચ્છાઓ કરો છો ત્યાં સુધી તમે એક માંગણ ભિખારી છો. જે વખતે ઇચ્છાઓને તમે લાત મારો છો અર્થાત્ ઇચ્છા રહિત થાઓ છો તેજ ક્ષણે તમે દેવ બનો છો.

૩૬ દેહાભિમાન અને દેહાધ્યાસને નિર્મૂળ કરવું એ અનંત જીવનનું પુનરૂજ્જીવન છે. જેટલા પ્રમાણમાં આ પ્રમાણે જીવતા છતાં મૃત્યુ પામેલા જેવા બનીએ છીએ તેટલાજ પ્રમાણમાં આપણું કાર્ય સિદ્ધ થાય છે.

૩૭ જગત્ આપણે માટે શું કહે છે તેના જે ક્ષણે આપણે વિચાર કરવા માંડીએ છીએ, તેજ ક્ષણે આપણે

સત્ય જીવનમાંથી અહં, મમત્વ રહિત જીવનમાંથી પતિત થઇએ છીએ આપણા ચારિત્રને ખીલવવા માટે દુઃખ જરૂરનું છે.

૩૮ જ્યાં સુધી આપણે પોતાના શરીરના બચાવની વૃત્તિ-વાળા અને પોતાને નુકસાન કરનાર પ્રત્યે વેર લેવાની વૃત્તિવાળા છીએ ત્યાં સુધી આપણે સત્ય જીવનથી મરણ પામેલાજ છીએ, માન અપમાનનો પ્રસંગ આવતાં તેની જરા પણ આપણા ઉપર અસર થવા ન દેવી એ આપણા મહાન્‌પણાની ઉત્તમમાં ઉત્તમ કસોટી છે.

૩૯ તમે નિસ્પૃહપણાના દરવાજામાંથી સ્વામીપદના મેહેલમાં પ્રવેશ કરો. આત્મજ્ઞાનના દરવાજામાંથી મુક્તિપદના ખુલ્લા મેદાનમાં વિચરો, જે કાંઈ તમારી પાસે છે તે અન્યને આપી દ્યો. તે સર્વ ઉપરથી તમારો હાથ ઉઠાવી લ્યો. અને પછી જુઓ કે તમે અખિલ બ્રહ્માંડના સામ્રાટ અને અધિરાજ બની જશો.

૪૦ દિવ્ય સ્વરૂપ સાથેનો સંબંધ શાથી છુટે છે? બાહ્ય અસર, લોકો સાથે હદ ઉપરાંત સંસર્ગ રાખવો અને ઉચ્ચ આધ્યાત્મિક જીવનમાંથી ઘણીવાર વિમુખ રહેવું. આ સર્વ બાબતોને લઇ ઉચ્ચ સ્થિતિમાંથી આપણો અધઃપાત થાય છે.

૪૧ હે આત્મન્! તું શુદ્ધ છે, અવિનાશી છે. તુ સર્વ જ્ઞાન-રૂપ છે, તું સર્વ શક્તિરૂપ છે. તું સર્વ શક્તિનો નિયંતા

છે. તું સર્વ સૌંદર્યનો દાતા છે. તું આ વિશ્વમાં સકળ આનંદ સ્વરૂપ છે. આ શરીર તે તું છે એમ માનીશ નહિં. આ જગતની વસ્તુ ઉપર તું આધાર રાખીશ નહિં. એ બધાથી તું પર થા. તેનો વિચાર કર. શત્રુ અને મિત્ર તું પોતેજ છે.

૪૨ ક્ષુદ્ર સ્વાર્થી ઇચ્છાઓ કે જે તમને ગુંગળાવી નાંખે છે તેનો ત્યાગ કરવાથી તમે નિવૃત્તિની સ્થિતિ પ્રાપ્ત કરી શકશો. ઇચ્છાઓનો ત્યાગ કરો એટલે તમે લોહચુંબકની માફક આકર્ષણ સ્વરૂપ બનશો.

૪૩ દુનિયાની દૃષ્ટીમાં જે ફતેહ જણાય છે તે તો કેવળ ઇંદ્રિયોનો ભ્રમ છે. ખરી ફતેહ તો ત્યારે તમને મળે છે કે જ્યારે તમે "હું પરમાત્મ સ્વરૂપ છું" "હું દિવ્ય સ્વરૂપ છું" હું જાતેજ ફતેહરૂપ છું એવી ભાવના કરશો.

૪૪ પરમાત્મ સ્વરૂપ અને આનંદ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ હું પોતેજ સાક્ષાત્ પ્રભુ અને આનંદ સ્વરૂપ છું, એવી આત્મ પ્રતીતિ કરવી તેજ છે.

૪૫ મનુષ્યની સંગતિ અને કૃત્ય ઉપરથી તેના ઉચ્ચ નિચ્ચ જીવનની તુલના કરશો નહિં, પણ તેના આંતર્ વિચારો ઉપર ખરૂં ધોરણ બાંધવાનું છે, જ્યાં આપણા વિચારો હોય છે ત્યાંજ આપણે હોઇએ છીએ.

૪૬ તમારામાં ઉચ્ચ વિચારોને ઉત્પન્ન કરી શકે તેવા તેમજ તમારા હૃદયમાં દિવ્યતા, ઉત્સાહ, આનંદ અને ઉન્નત ભાવ

પ્રેરે તેવા શબ્દોને તમે પાસે રાખો, નોટમાં ઉતારીને પાસે રાખો પછી જ્યારે કોઇ વખત પ્રતિકુળ સ્વભાવવાળા માણુસ સાથે વાતચિત્તનો પ્રસંગ આવ્યા પછી તમારા મનને તે થયેલી વાતચિત્તમાં જવા નદેતાં તરતજ તે નોટ બુકમાંના ઉત્તમ ઉત્તમ ફકરાઓ તમારે વાંચવા અને મનને સ્થીર કરવું.

૪૭ ઓ રાજાધિરાજ ! આત્મદેવ ! અજ્ઞાનાવરણમાં દાસત્વ ના સ્વીકારો, ઉઠો, જાગૃત થાઓ, ને તમારી પરમ સત્તા અનુભવો. તમે ઇશ્વર છો, તમે ઇશ્વર છો, તમે ઇશ્વર છો. બીજું કાંઇ નથી.

૪૮ તમને બંધનમાં કોણ નાખે છે ? તમને દાસત્વ કોણ આપે છે ? તમારી પોતાની તૃષ્ણાજ. રાજા સમક્ષ સંકોચ પામો છો, ડરો છો, કોકડું વળો છો, કારણ કે તમે તેમની કૃપાની અભિલાષા રાખો છો. ઇચ્છાઓથી મુક્ત થાઓ તો બાદશાહોના પણ તમે બાદશાહ છો.

૪૯ દરેક કામ કરતી વખતે ઉંચામાં ઉંચી ભાવનાથી તે કામ શરૂ કરવું. તેનું રહસ્ય કે ફળ ઉંચામાં ઉંચી કોટીવાળું કલ્પવું અને તેમાં તદાકાર તદ્રુપ થઇને તે કામ કરવું અને તે સર્વેકામ આત્માની ઉચ્ચ ભુમિ માટેજ કરવું.

૫૦ એક ઉપયોગી સુચના એ છે કે પ્રાતઃકાળે તમે જ્યારે પથારીમાંથી ઉઠો અથવા જ્યારે ફરતા હો કે કાંઇ

કાર્યમાં મશ્ગુલ હો તે સમયે તમારા વિચારોને ભ્રમણામાં ન રાખો. નિરંતર આત્મકેન્દ્રમાં સ્થિર રહો. કદી પણ દૂર ન ખસો.

૫૧ ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે કહો, કે સમાધિ અવસ્થાએ પહોંચવા માટે "કેવળ પ્રકાશમય છું, આ સર્વે વ્યવહાર પ્રકાશમય છે" એ ભાવના અત્યંત હિતકારક હોઈ, આવશ્યક છે.

૫૨ સંસારિક ઉપાધિ અને સુખ દુઃખથી જે પર રહી શકે છે, તે લોકોજ સાચા સુખી છે, સુખ અને દુઃખ બન્નેનો ત્યાગ કરવામાંજ, આનંદથી ભોગવવામાંજ સાચા સુખનું રહસ્ય સમાયેલું છે. જે સુખનો સ્વીકાર કરે છે તેણે દુઃખના ભોગ પણ થવુંજ જોઇએ.

૫૩ આત્મ અનુભવમાં મગ્ન રહેતાં કોઈ વિક્ષેપ પાડી શકશે નહિં. પ્રકૃતિ મુક્ત પુરૂષની દાસી બની રહે છે. સત્તાને સત્ય બનાવવામાંજ તમે અધોગત થાઓ છો. મનુષ્ય જે વખતે જગત્માં દ્દશ્ય પદાર્થોમાં કાર્ય કારણ સત્તાનો વિશ્વાસ રાખી તેને સત્ય (પ્રાપ્તવ્ય તરિકે) માનવા માંડે છે, તેજ પળે તેની અધોગતિ થાય છે.

૫૪ તમને નુકશાન કરવા જેઓ ઇરાદો રાખતા હોય તેમના ભણી મમતા અને પ્રેમભરી લાગણી દર્શાવો. બીજાઓના અવાસ્તવિક અભિપ્રાયોનો વિચાર ન કરતાં કાયમ પરમેશ્વર સંબંધીજ વિચાર કરો. પ્રભુતામાં વિરામ પામો.

૫૫ કાંઇ પણ આશાના પાશમાં ન બંધાઓ, ચિંતા, ભય, ઉપાધિથી દૂર રહો, તમારી વાસનાઓ તમારી નિર્બળતા છે. પોતાની વાસનાઓથીજ મુશ્કેલીઓ અને વ્યાધી ઉત્પન્ન થયાં છે તેમ બરાબર સમજો.

૫૬ જ્યારે જ્યારે નિર્બળતાને અંતઃકરણમાં સ્થાન આપીએ છીએ, કે વિષય સુખની વાસનામાં ધસીએ છીએ, ત્યારે ત્યારે દુષ્ટ વિચારરૂપી દુસ્મનો નાના પ્રકારનાં મોહક સ્વરૂપ કરી મોહ જાળમાં ફસાવે છે આત્મ સાક્ષાત્કારની ઇચ્છાવાળાએ તો નીચ વૃત્તિઓ નિર્મૂળ કરવીજ જોઇએ. એ વૃત્તિઓના મૃત્યુમાંજ તમારૂં સાચું જીવન રહેલું છે.

૫૭ લેવામાં નહિં પણ દાન કરવામાં, ત્યાગ કરવામાંજ સાચું સુખ સમાયેલું છે. જે ક્ષણે તમે યાચના કે પ્રાર્થના કરવાનો ભાવ તમારા અંતઃકરણમાં લાવો છો તેજ ક્ષણે તમે તમારી શકિતને સંકેલી લ્યો છો. તમારૂં આત્મબળ સંકોચાઇ જાય છે, ને તમે તમારા આત્મસુખથી વિમુખ થાઓ છો.

૫૮ દોષો થવાનું કારણ શોધી તે સંબંધી વ્યાખ્યાન તમે તમારી જાતને સંભળાવો. તમેજ તમારા ઉપદેશક બનો. પોતાનું કામ પોતેજ કરવું જોઇએ. ઉપાધિનું મૂળ અજ્ઞાનજ છે આત્માનું અજ્ઞાન, દેહમાં મિથ્યા અભ્યાસ, અને બહારના પદાર્થોમાં સુખની ઇચ્છા, એજ દુઃખ. શોક, ખેદ કે ઉપાધિનું મૂળ છે.

૫૯ મનુષ્ય જ્યારે ભયંકર દુઃખવાળું પરિણામ સહન કરે છે, ત્યારેજ પોતાની નીચ વાસનાનો ત્યાગ કરે છે. એકજ વખત પવિત્ર વિચારોને પોષણ આપવામાં વિજય મળ્યો, તો પછી ગમે તેટલો વખત પણ ચિત્તની એકાગ્રતા રાખી શકશો.

૬૦ પોતાનો હક બજાવવો સહેલો છે, પણ ધર્મ બજાવવો મુસ્કેલ છે. ફળ ખાવા તૈયાર હોય છે પણ બીજ રોપવા અને પાણી પાવાનો ધર્મ બજાવવા તૈયાર રહેનાર થોડા છે. કર્તવ્યને વળગી રહો, ફળ મળશેજ. જે આત્મસેવા કરી શકે છે તે દેશસેવા કરી શકશે. બોલવા કરતાં આચરણથી ઉપદેશ કરો.

૬૧ નીચે રહેલાની બુમ કોઈ સાંભળશે નહિં, શુદ્ધ આચરણના શીખર ઉપર જઈ બુમ મારો સર્વે સાંભળશે. જગત્‌ને જાગૃત કરવાની ઈચ્છા હોય તો તમે પહેલા જાગ્રત થાઓ, તમે જેટલે અંશે જાગ્યા હશો તેટલે અંશે જગત્‌ને જાગૃત કરી શકશો. જેના ઉપર ઉભા રહી આખી પૃથ્વીને હલાવી શકો તે સ્થાન તમારો આત્મા છે.

૬૨ પોતાના માર્ગનો ભોમિયો પોતેજ છે, દુર્બળ મનને આત્મ લાભ થતો નથી. જગત્‌ સાથેનો સંબંધ આપણી હિમ્મત અને ભાવનાના પ્રત્યુત્તર જેવો છે.

૬૩ જેવી ભાવના તેવું ફળ. ખાડો ખોદે તેજ પડે. જે દોષ આપણે બીજામાં શોધીએ છીએ, ખરી રીતે તેજ દોષ

આપણામાં લાવીએ છીએ. લાયક થાઓ, ઇચ્છા નહિં કરો તોપણ તમને મળશે. મોહ અને અહંભાવનો ત્યાગ કરીનેજ મહાત્માઓએ અમરપણું મેળવ્યું છે.

૬૪ મન પવિત્ર થયા સિવાય જ્ઞાનનો રંગ ચડનાર નથી. વિષયોમાં ઝેર સાથેજ રહ્યું છે, કારણ કે તેની મીઠાશ ઝેરની અસર કર્યા વિના ક્યાં રહે છે ? વિષયો જેને ડોલાવી શકતા નથી તેજ દુનિયાંને ડોલાવે છે.

૬૫ તેલ, બત્તી ઉપર ચડવાથી પ્રકાશરૂપ બને છે, તેમ શાક્તનો વ્યય નીચલા ભાગમાં ન થતાં ઉપરના ભાગ તરફ ચઢે તો, આકર્ષણશક્તિ, તેજની વૃદ્ધિ અને પરમાનંદ પ્રાપ્ત થાય છે.

૬૬ બ્રહ્મચર્યની પૂર્ણ જરૂર છે. બાપનો કુવો કહેવાથી તૃષા છીપતી નથી, પણ પાણી પીવાથીજ. શાસ્ત્રો રાખવા કરતાં તે પ્રમાણે વર્તન કરો. સત્યનો જય થાય છે. પ્રેમને ખુશામત ગમતી નથી.

૬૭ રાખી મૂકવાજ હોય તો પથ્થર અને સોનું સરખાંજ છે. જ્ઞાનની આપ, લે ન કરવાથી પોતાનેજ નુકસાન છે. અપચાથી અશકિત અને અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. જઠર સારી સ્થીતિમાં ન હોય તો ચિંતા અને ઉચાટ વધે છે. તબિયત સારી ન હોય તો સહજમાં ગુસ્સો ચડે છે.

૬૮ બ્રહ્મચર્યના અભાવે આત્મિક અને શારીરિક શક્તિનો પણ અભાવ થાય છે.

૬૯ સ્વાર્થ અને દેહભાવના અહંકારનો નાશ કરવો તે ધર્મ છે.

૭૦ મુસ્કેલી ભર્યાં કાર્યથી જેનું મન ડગી જાય છે તે મનુષ્ય છતાં ઝાડથી પણ હલકો છે. રાત્રી હો કે દિવસ, પવન હો કે તોફાન, પણ અરણ્યનાં વૃક્ષો તેને ક્યાં ગણકારે છે?

૭૧ જે વસ્તુ વડે મન અને બુદ્ધિ પોતાના અનિર્વચનીય મૂળ સ્થાન પરબ્રહ્મ તરફ વળીને તેમાં મળી જાય છે એવો એક ગહન વ્યાપાર તે ધર્મ છે.

૭૨ એકાગ્રતાને લીધે મનને જ્યારે સમાધિ ચડી જાય છે, ત્યારે તેનાસાં પ્રકાશ પડે છે. અને એવી સમાધિ ચડતાં સત્યનો વરસાદ વરસે છે. જ્ઞાનનો પ્રવાહ ચાલવા માંડે છે. અને વિશ્વનાં સર્વ ગુપ્ત તત્ત્વો સમજાય છે.

૭૩ વિભાવમાંથી એક ક્ષણ પણ મુક્ત થવું તેનું નામજ ખરો આનંદ છે.

૭૪ સ્વાત્મનિષ્ટ મનુષ્યને આખા જગતે એક બાજુ થઇને માર્ગ આપવો જોઇએ, જગતના પ્રભુ તમે થાઓ, નહિં તો જગત્ તમારા પરજ પોતાનું પ્રભુત્વ જમાવી દેશે.

૭૫ બીજાના વર્તનમાંથી દોષો કાઢવામાં આપણે આપણી શક્તિનો જેટલો વ્યર્થ વ્યય કરીએ છીએ તેટલીજ શક્તિ આપણું વર્તન ઉચ્ચ બનાવવાને પુરતી થાય તેમ છે.

૭૬ કેવળ તમારા મનનીજ કલ્પના તમારા મિથ્યા, સંકુચિત, એક દેશીય, માયિક એવા અહંભાવપર સત્તા

ચલાવે છે. તમારા નસીબના સ્વામી તમેજ છો. તમારે જોઇએ તો ભય અને નરકની અંદર અથડાતા તેમના નીચ ગુલામ રહો, અને જોઇએ તો જન્મ સિદ્ધ હક્કનો વૈભવશાળી મુકુટ ધારણ કરો.

૭૭ આત્માની જેટલે નજીક આપણે હોઇશું તેટલા અધિક આપણી આસપાસ સમાનશીલ મનુષ્યો ઉપસ્થિત થશે. માત્ર, પ્રથમ તમારેજ સત્યના ઝરાની પાસે ઉભા રહેવું જોઇએ.

૭૮ ત્યાગ એટલે પોતાનું સર્વસ્વ સત્ય સ્વરૂપને અર્પણ કરવું તે. આત્મજ્ઞાન વિના કાર્ય કરનાર મનુષ્યની સ્થીતિ અંધારી કોટડીમાંના મનુષ્ય જેવી થાય છે.

૭૯ દીન અને પતિત લોકોને ખરી લાગણીથી અને માતાના જેવા પ્રેમથી જે જુએ છે તેજ ખરો ઉદાર મહાત્મા છે.

૮૦ ઉત્સાહ ભંગ કરનારી ટીકા કરવા કરતાં આશાજનક સ્નેહ ભરેલા ઉપદેશનીજ જરૂર છે. ગટરનો બધો કાદવ રસ્તા ઉપર પાથરવાથી હિતકારી પરિણામ નહિ આવે, તેવીજ રીતે બીજાના દોષો તરફ કરડી નજર રાખવાનું પરિણામ સારૂં નહિં આવે. શાંતતા અને શુભેચ્છારૂપી પાણીનો પ્રવાહ એ ગટરમાં વહેવરાવો જેથી બધો કાદવ આપોઆપ ધોવાઇ જશે.

૮૧ જ્યારે ટીકા રૂપ કાતર આપણા ઉપર ચાલતી હોય, ત્યારે આપણા અંતર્માં શું છે. તે તપાસી જોવું.

કદાચ ક્ષુદ્ર મનોવૃત્તિઓ તરફ ઘસડાઇ જવાની ઇચ્છા દિલમાં પેદા થઈ હશે અને તેથીજ આ ચેતવણી કાં મળી ન હોય? આવી ટીકાથીજ ભયંકર સ્થીતિ વિષે સાવધ રહેવાય છે તેમ સમજો.

૯૨ જે પુરૂષ લોક નાયક થવાને લાયક હોય છે તે કદી પણ "મારા સોબતીઓ મૂર્ખ છે, મારા અનુયાઇઓ બેઇમાન છે, લોકો કૃતઘ્ની છે, સમાજમાં કીંમત કરવાની શક્તિ નથી." એવો બડબડાટ કરતો નથી. નિરાશાથી હારીને ભાગી ન જતાં તેની સામે થવામાં ખરૂં સામર્થ્ય રહેલું છે.

૯૩ સ્વાનુભવ કરતાં વધારે યોગ્ય બીજો કોઇ ગુરૂ નથી. તમારી શક્તિઓને ઉંચા વિચારો તરફ વાળશો તો ક્ષુદ્ર વિષયાશક્તિ વિષે વિચાર કરવાનો સમય પણ તમને મળશે નહિ.

૯૪ બીજાની હાજરીથી સંકોચાવું એ ખરા દેવ (અંતર્ આત્મા) નો દ્રોહ કર્યા બરાબર છે. અંતરાત્મા સાથે પ્રમાણિકપણે વર્તવાથીજ તમે જગત્માં પ્રકાશ ફેલાવી શકશો.

૯૫ જેની વૃત્તિ સ્વતંત્ર હોય છે તે પોતાના આત્મા સાથે પ્રમાણિકપણે વર્તે છે, અને આત્મ સંતુષ્ટ બને છે.

૯૬ જ્યાં ઉદ્યોગનો તિરસ્કાર કરવામાં આવે છે ત્યાં પરિણામ શુન્યજ સમજવું. દુઃખ અને દારિદ્ર ત્યાર તેડ્યે આવવાનાજ.

૮૭ જેવા તમે વિચાર કરો છો તેવાજ તમે થશો. જેવી તમારી મતિ છે તેવીજ તમારી ગતિ થશે. કર્મનો સખ્ત કાયદો તમને કદી પણ છોડશે નહિં.

૮૮ કૃત્રિમ પ્રેમ અને કૃત્રિમ સહૃદયતા ધારણ કરવી એ ઇશ્વરનું અપમાન કર્યા બરાબર છે.

૮૯ લોકો બીજાની કૃતઘ્નતા માટે બડબડાટ કરે છે. કોઇનું જરા કાંઇક કામ કર્યું હોય, તો બળાત્કારે વ્યાજ સહિત બદલો લેવા દોડાદોડ કરી મૂકે છે. પરંતુ જરા ધીરજ રાખો. શાંતિ પકડો. આ હાથે નહિં તો બીજા હાથે પણ તમને તે બદલો મળશેજ.

૯૦ તમારૂં નિઃસ્વાર્થ કર્મ ઇશ્વિરને દેણદાર બનાવે છે. લેતી વખતે તેણે જે હાથ વાપર્યો હતો તે હાથ કદાચ આપતી વખતે ન વાપરે. પરંતુ કોઈ બીજા હાથ દ્વારા તે તમારૂં દેવું વ્યાજ સહિત ચુકાવી દેશે.

૯૧ દોષ શોધવાની દૃષ્ટી દૂર કરીને, ગુણ ગ્રાહકતા વધારો. બંધુભાવ, કાર્ય કરવાની વૃત્તિ, સંપસંપીને કામ કરવાની ટેવ, અને મહેનત ભરેલાં કાર્ય કરવાની, હાલ ઘણી આવશ્યક્તા છે.

૯૨ શત્રુતા રાખવાથી અને વેર લેવાથી આપણું કલ્યાણ થશે નહિં. પણ આપણું કર્તવ્ય બજાવવાથી અર્થાત્ પ્રેમ રાખવાથીજ કલ્યાણ થશે. પ્રેમ સર્વને જીતે છે. પ્રેમથી આખી દુનિયાં તમારી છે એવો અનુભવ તમને મળી શકશે.

૯૩ દરેક વસ્તુની તેનાં નામ ઉપરથી નહિં પણ ગુણદોષ ઉપરથી પરિક્ષા કરતાં શીખો તમારે પોતેજ તમારી બાબતનો વિચાર કરીને તમારો માર્ગ નક્કી કરવો જોઇએ.

૯૪ સતત્ કર્મ–પુરૂષાર્થ અદ્રશ્ય રીતે તમને ઉચ્ચ પગથીએ ઉપર અને ઉપર લઇ જાય છે મન લગાડીને ખરાં કાર્ય કરો.

૯૫ તમારૂં કર્મ સફળ કરવું હોય તો તેના પરિણામ તરફ ધ્યાન આપશો નહિં. ફળની આશા રાખશો નહિં. આપણા સ્વાર્થ મૂળક ખળભળાટથીજ સર્વ કાર્ય બગડે છે. લોકો તરફથી કશાનીએ અપેક્ષા રાખશો નહિં. અને તમારાં કર્મો ઉપરની અનુકુળ કિંવા પ્રતિકુળ ટીકાઓથી ગભરાશો નહિં.

૯૬ ફકત યોગ્યતાજ મેળવો, ઇચ્છા કરવાની કાંઇ જરૂર નથી. દીવાએ ફકત બળતા રહેવું જોઇએ પતંગોને આમંત્રણ કરવાની જરૂર નથી.

૯૭ સદા દાતાર બનો. નિરપેક્ષ સેવા કરનારા બનો. યાચનાની આશાભૂત વૃત્તિને તમારામાં પેસવા દેશો નહિં.

૯૮ પોતાના અંતઃકરણમાં શુદ્ધતા અને પવિત્રતા લાવો એટલે અશુદ્ધ કે અમંગળ કાંઇજ તમારી સામે આવી શકશે નહિં.

૯૯ આત્મ વિશ્વાસ એજ આનંદ અને સુખનું મૂળ છે.

પોતાની જાતને પતિત કે પાપી માની બેસશો નહિં. તમે અનંત અને સર્વ શક્તિમાન ઇશ્વર છો.

૧૦૦ જેવી તમારી ભાવના હશે તેવાજ તમે બનશો. તમે તમારી પોતાની જે કિંમત ઠરાવશો તેના કરતાં અધિક કિંમત કોઇ કરી શકશે નહિં.

૧૦૧ વિચાર એ નસીબનું બીજું નામ છે જેવી જેની મતિ તેવી તેની ગતિ. જ્યાં તમારા હાથ કામ કરે છે, ત્યાં તમારૂં હૃદય પણ રાખો, હાથ પગ કામ કરવા વડે સદા ગરમજ રહેવા દો, માત્ર મગજ ઠંડું અને શાંત રાખો.

૧૦૨ સુચના જેટલી મોઘમ આપવામાં આવે તેટલી તેની અસર વધારે થાય છે. બળાત્કારે નીતિનો ઉપદેશ આપવાથી સાંભળનારની વૃત્તિ તેથી વિરૂદ્ધ વર્તવા તરફજ દોરાય છે.

૧૦૩ લોકો પોતેજ પોતાની કલ્પનાથી આસપાસ કારાગ્રહ અને નરકવાસ બનાવે છે અજ્ઞાનતા, નીચ અહંત્વ, ક્ષુદ્ર સ્વાર્થિ સ્વભાવ, કે જે તમારા દિવ્ય જીવનને નરક સમાન બનાવે છે. એ સર્વને જ્ઞાનાગ્નિમાં બાળીને ભસ્મ કરો.

૧૦૪ સાવધાન અને હુંશીઆર રહો, થોડો વખત પણ દુનિયાંની વસ્તુની અસરથી અલગ રહો. આત્મામાં સ્થિત થાઓ, અંતઃસ્ફુર્ણ થાય તેવાં પુસ્તકો વાંચો. સત્સંગમાં

રહો અથવા સદા એકાંત સેવો. કેટલોક વખત ધ્યાનમાં ગાળો.

૧૦૫ તમારી વાસનાઓને ઇચ્છારૂપી સાંકળોથીજ તમે બંધાયેલા છો એજ તમને બંધનકર્ત્તા છે.

૧૦૬ સત્યને જાણવા માટે, દિવ્યતાનો સાક્ષાત્કાર કરવા માટે તમારી વ્હાલામાં વ્હાલી, પ્રીયમાં પ્રીય ઇચ્છાઓને વિંધી નાંખવી પડશે. પ્રીય લાગતાં બંધનો તમારે તોડી નાંખવાંજ જોઇએ, દેહમાંની વાસનાઓ, જગતની જાળો તોડી ફોડીને દૂર નાંખી દેવી જોઇએ.

૧૦૭ તમારે પવિત્ર થવા માટે તમોને અધમાવસ્થાએ લેઇ જનાર અધોગતિએ પહોંચાડનાર તમારી વિષય વાસનાઓથી તમારે સ્વતંત્ર થવુંજ જોઇએ. ભોગ આપ્યા વિના આત્મ સાક્ષાત્કાર થવો કઠીન છે.

૧૦૮ હૃદયમાં પાપી વિચાર ઉત્પન્ન થાય છે, તેના પરિણામેજ બાહ્ય જગતમાં દુઃખદાયક બનાવો આપણને વિંટળાઇ વળે છે. પવિત્ર રહો ! પવિત્ર રહો ! છતાં અપવિત્રતાનો આશ્રય લ્યો તો તેનાં ફળ ભોગવવા તૈયાર રહો.

વિચાર રત્નમાલા.

૧ કુદરતની સુંદરતા રગે રગે પોતામાં ઊતારવી તે જીવનનો ખરો આદર્શ છે;

૨ કુદરતની સુધારણાને તમે રોગ કહો છો પણ તેની જરૂરીયાત છે. તે તમને સુધારવા મદદ કરવા માટેજ પ્રયત્ન કરે છે. રોગ દ્વારા તે તમારા શરીરમાંથી ઝેર બાહાર કાઢે છે કુદરતની પ્રવૃત્તિ ઠીક નથીલાગતી તેથી રોગ ખરાબ દેખાય છે. વિના જરૂરનાં તત્વો અંદર નાંખવાં તે રોગ છે. તે બહાર નીકળવાથી શાંત થાય છે.

૩ પોતાની હાજતો માટે બીજા ઉપર આધાર રાખવો અને પોતે બીજાને આધાર આપવો. માગીને લ્યો નહિં પણ આપીને લ્યો. બધાની મદદ હશે તો તમે નિર્અભિમાની થઇ શકીશો.

૪ સ્થુલ જગતનું મૂળ કારણ ઇચ્છા છે. આ જડ દેખાય છે તે ઇચ્છાનું રૂપ છે. ઇચ્છા પ્રવાહી પદાર્થ છે તેનું નક્કરરૂપ આ જડ દૃશ્ય છે. આત્મ દૃષ્ટિ વિકાશ થઇ છે તે આ પ્રમાણે સર્વ વ્યાપિ ઇચ્છા બળને જુવે છે;

૫ જેમ મનુષ્ય મહાન્ તેમ તેની ઇચ્છાની નજીક પ્રાપ્તિ સિદ્ધ થાય છે.

૬ વ્યવહાર જ્ઞાન સત્તા આપે છે પણ આત્મ જ્ઞાન આનંદ આપે છે. વ્યવહાર જ્ઞાન બળ આપે છે આત્મજ્ઞાન આનંદ આપે છે. વ્યવહાર જ્ઞાન શરીરને સ્પર્શે છે. આત્મજ્ઞાન આત્માને સ્પર્શે છે.

૭ દરેક જીવંત વસ્તુમાં શાશ્વત રસ રેડાયેલો છે તેને ભેટીએ છીએ, તેને દેખીએ છીએ, ત્યારે આપણી નજરબંધી ખુલી જાય છે તે મુક્ત થાય છે.

૮ છુટા છુટા મંકોડા કોઈ કામના નથી. સાંકલ ઉપયોગમાં આવે છે તેમ ઉચ્ચ કોટીના લોકો શરીર તથા મનવડે અન્ય તરફથી છુટા થવા કદી ઇચ્છિતા નથી. તેઓને પેહેલેથીજ ભાન થયેલું છે કે સર્વ સાથે આત્મિક સંબંધ રાખવાથીજ આનંદ પ્રાપ્ત થાય છે.

૯ ઇચ્છાઓ સાધનને સાધ્ય મનાવે છે, ખરી જીંદગી ભષ્મ થાય છે છતાં ઇચ્છાઓ નાચ્યા કરે છે. વિચાર કરતાં ઇચ્છાઓ દ્રોહ કરતી માલુમ પડે છે.

૧૦ અનેક જીવોના જુદા જુદા અનુભવો એક બીજાને મદદગાર–ઉપયોગી હોવાથી તે રસ્તે થઇ એક બીજા પાસેથી લઇ સર્વે એકસ્થાને પૂર્ણપણે આવી મળે છે.

૧૧ વિશ્વદૃષ્ટિ કરવા માટે આપણે અખંડ બ્રહ્માંડ સાથે આપણી લાગણીઓ જોડી દેવી પડે છે.

૧૨ કુદરતના કાયદાને અનુસરતું જીવન ગાળવામાં આવે છે તેમ તેમ તેને બ્રહ્મજ્ઞાનના ઊંચામાં ઊંચા હક મલતા રહે છે.

૧૩ મફત કાંઇ મલતું નથી. દેહભાન સ્વાર્થભાન ભૂલતાં પોતાનો સ્વાર્થ સધાતો જાય છે.

૧૪ નિષ્કામપણે આપ તને મલશેજ. સ્વાર્થબુદ્ધિથી પ્રયત્ન કરનાર બીજાની અવગણના કરે છે બીજાને પોતાનું ભક્ષ સમજે છે.

૧૫ સાચું જીવન સાક્ષાત્કાર કરવો તેજ છે. અણુએ અણુમાં તેને જોવો. વિકલ્પથી વિકલ્પોને મારો. બ્રહ્મ સ્વરૂપ હું આવિકલ્પથી અન્ય મનોવિકલ્પને હઠાવો.

૧૬ બ્રહ્મકલ્પના નથી પણ સાચું સત્ય છે. મનને મુંચવાડનાર નથી પણ અમર્યાદિત દૃષ્ટિ વાળું છે.

૧૭ જે જીવન રસ જગત્માં અનેક પર્યાયો બદલાવે છે તેજ જીવન મારામાં છે.

૧૮ સર્વમાં જીવન છે. આ વિશ્વ જીવન રસથી ભરપુર છે. મોજાંની માફક જીવન અથડાય છે. તેને જન્મ મરણ કહે છે.

૧૯ દૃષ્ટિની વિશાળતા એ બાહીરની ક્રિયા નથી, પણ અંતર્ દૃષ્ટિની ક્રિયા છે. તેમાં દરિઓ ઊલેચી ચાલવા જેવું નથી પણ દરીયામાં વાહણ ઊતારી તરવા જેવું છે. એક પછી એક સર્વનો અનુભવ કરવા જેવું નથી પણ પોતાની અંદરનો નિશ્ચય કરવાથી સર્વનો અનુભવ થાય છે.

૨૦ સર્વેનો અનુભવ કરવાનો પ્રયત્ન તમને થકાવનાર થશે. દૃષ્ટિ મર્યાદા વિસ્તારવાથી પોતાનો ભાર હલકો થાય છે. સાંકડી દૃષ્ટિ મૂકી દઈ સર્વ સાથે મળવાથી એક રસ થવાય છે.

૨૧ યુક્તિથી ભાર ઓછો થાય છે વધારે બોજો આવી પડે ત્યારે વિચાર કરવો કે કાંઇક ભુલ થઇ છે.

૨૨ વિવિધતાની સાથે ઐક્યતાનું સૂત્ર જોડાયેલું છે એકને જાણવાથી સર્વ જણાય છે. વિવિધતાને એક રૂપે જોવો તેજ સત્ય છે.

૨૩ જુદી જુદી નીચે પડતી વસ્તુ જોતાં તે શા કારણથી નીચે પડે છે તેનો નિર્ણય જીંદગીમાં થઇ નહિં શકે, પણ ગુરૂત્વાકર્ષણનો નિયમ જાણવાથી તે સર્વ સમજાઇ જશે. બીજા દાખલાઓ એકઠા કરવાની જરૂર નહિં પડે. તેવીજ રીતે એક વસ્તુ આત્માને પકડો એટલે જગત્ જણાઈ જશે.

૨૪ સત્યનો પ્રકાશ આનંદ આપે છે એજ મનની મુક્તિ છે. જુદી જુદા સંબંધ વિનાની વસ્તુને જોવાથી કાંઈ લાભ થવાનો નથી. સત્ય પ્રકાશતાંજ પડદો ઉચકાઇ જાય છે.

૨૫ પહેલું કાંઇક સ્વીકારવું તો પડશેજ ત્યાર પછી તેનો અનુભવ થશે, વાંચવા માટે અક્ષરો શીખવાની માફક પ્રથમ આત્માને ઓળખો.

૨૬ જીવભાન ભુલી શીવભાન કરાવી આપનારાઓજ આપણા

નાર છે. આવા પુરૂષો જીવતાં તો અપમાન પામે છે. લોકો તેને ફાંસીએ ચડાવે છે. આ માર્ગે ચાલનારાને પરિષહો આવી પડે છેજ, આવા પરીષહો જાગ્રતિ આપનારા બળની વૃદ્ધિ કરનારા છે. તેના કર્મ મળનો નાશ કરનારા છે. જગતની આવી સેવા કરતાં તેઓ માર્યા પણ ગયા છે. તેઓ ગગન વિહારી છે. તેમને દેહભાન હોતું નથી. તેઓ આપણને પોતાના દાખલાથી શીવભાન ઉત્તમોત્તમ છે તે બતાવી આપે છે.

૨૭ અન્યને દેખીને જે સુખ દુઃખ થાય છે તેનું કારણ તેમાં આપણે આત્માને જોયો છે તેટલો દેહભાવ આપણો ગયો છે. પ્રેમનાં કુંડાળાં પણ કેટલીક વખત બંધાઇ જાય છે તે બીજા તરફ દ્વેષ ઉત્પન્ન કરનાર છે, તે આપણને વિઘ્નરૂપ છે તે સ્વતંત્ર પ્રમાણમાં નડતર રૂપ છે. છતાં પેલું પગલું તો છેજ.

૨૮ ધર્મનું રહસ્ય આત્માને ગુરૂ પાસે ઓળખવો. સર્વમાં આત્મભાન થાય તે તેની પૂર્ણાહુતી છે.

૨૯ પ્રથમ સમાનતાનું જ્ઞાન થાય છે તે સામાન્ય જ્ઞાન છે તેને દર્શન કહે છે. પછી દરેક સાથે વ્યક્તિનું જ્ઞાન થાય છે કે આ પણ એવું છે આ પણ એવું છે. એવું વિશેષ જ્ઞાન થાય છે.

૩૦ અંતર્ આત્મજ્ઞાન સામે થવું તેજ પાપ છે. હુંની ટુંકી

વૃત્તિની સ્ફુરણા થવી તે પાપ છે. મનને ગમે તેવી પ્રવૃત્તિ તે પાપ છે. આત્મભાન ભુલાવું તે પાપ છે.

૩૧ અંદરથીજ પ્રકાશ પ્રગટ થવાનો છે; બાહારનું ગમે તેવું સારૂં હો, પણ તેમાંથી પ્રકાશ પ્રગટ થવાનો નથી.

૩૨ જેને સ્વતંત્ર થવું હોય તેણે પરમાત્માને આધિન થવું તોજ તે ખરેખર સ્વતંત્ર થઇ શકશે.

૩૩ પરમાત્માને પ્રેમથી આમંત્રણ આપો તો તમારી પાસે આવશેજ.

૩૪ જીવન દુઃખદાઇ હોય છતાં આપણે તેનો ત્યાગ કરતા નથી. તેજ જણાવે છે કે જીવન જીવવા જેવું છે પણ જીવતાં આવડવું જોઇએ, તે દોષરૂપ નથી.

૩૫ કેટલાએક કાળી બાજુ જોનારા છે. કાળું થોડું છે છતાં ઘણું જોવે છે. ધોળું ઘણું હોવા છતાં તે તરફ ડીટેકટિવની માફક તદ્દન નજર પણ કરતા નથી તેથી તે તેની પાસે જતું પણ નથી.

૩૬ દોષોને હઠાવવાથી આત્મબળ પ્રગટ થાય છે. બાહ્ય આંતર્ દોષોને હઠાવીને બળ મેળવવાથી આગળ વધાય છે.

૩૭ સ્થુળ જીવવા માટે ખોરાકની જેમ જરૂર છે તેમ અધ્યાત્મિક જીવન ટકાવવા માટે દોષોનો ભોગ આપવોજ પડશે. જીવન આ પ્રમાણેજ ચાલવું જોઇએ. દોષના ડુંગરોમાંથી નીકળતી જીવન નદીની ગતિ આત્મા સમુદ્ર તરફ વહન થાય છે.

૩૮ ભાવદ્રવ્ય સત્ અને શાશ્વત છે. દરેક દેશકાળમાં આ સતજ કીંમતિ છે. સત્ ઓળખી શકીએ છીએ, ચાહીએ છીએ તે પ્રગટ કરનાર મહાન્ પુરૂષ તરફ ભક્તિ રાખીએ છીએ.

૩૯ વસ્તુ પ્રાપ્ત થયા પહેલાં તેની આગાહિ પડછાયો પ્રથમ જણાય તો તેથી તે દશા વધારે સારી જણાય છે. દ્રષ્ટિ બદલાઇ જાય છે. પછી વિખરાયેલી ઇચ્છાઓ મનોબળનું રૂપ પકડે છે. વિસ્તાર પામતા જીવનની ઇચ્છાનો અમલ ત્યાં જામે છે. ઇચ્છા વિસ્તીર્ણ જીવનનું શુકાન બને છે તેથી ભૂલો થતી અટકે છે.

૪૦ જ્ઞાન પછી જીવન લાંબે વખતે થાય છે. ચારિત્ર લાંબે વખતે બંધાય છે. પછી ઇચ્છાઓ ઇંદ્રિયો–શરીર તરફ વળે છે. મન વિસ્તિર્ણ જીવન તરફ દોડે છે, આમ આપસમાં યુદ્ધ ચાલે છે. વર્તમાન ઇચ્છાઓ અને સત્ તે બે વચ્ચે શું વિરોધ છે તે સંબંધી વિવેક જાગે છે. તેમાંથી આત્મજીવનને નિભાવનારી ઇચ્છાઓ સત્ છે. અસત્‌ને નિભાવનારી ઇચ્છા અસત્ છે. આ વિવેક થાય છે.

૪૧ સત્યની મદદના અધિકારી થવા પહેલાં થોડો પણ પરમાર્થ કરવાની સર્વને જરૂર રહે છે.

૪૨ ચારિત્રમાં ફેરફાર થાય છે પણ દર્શનમાં શ્રદ્ધામાં ફેરફાર થતો નથી. દોષ ઇજા કરનાર છે છતાં આગળ પણ

તેજ લઈ જાય છે. આપણી ઇચ્છા એ કાયદો નથી. કુદરતના કાયદાને આપણી ઇચ્છા અનુકુળ કરવી. તેમ ન હોય તો આપણો કાયદો વારંવાર બદલાવવોજ પડશે. એકવાર આપણી ઇચ્છા સુખરૂપ હોય છે પણ બીજાજ વખતે તે ઇચ્છા દુઃખરૂપ થાય છે, માટે આપણે ઇચ્છા ન કરવી પણ તેનો કાયદો સમજી લેવો.

૪૩ વીર્યવાન્ થવું હોય તો કુદરતના કાયદાને સમજીને ચાલવા પ્રયત્ન કરવો.

૪૪ પૂર્ણ સ્થીતિએ પહોંચાડવાનું ચિન્હજ દુઃખ છે. શાશ્વત પ્રેમ પ્રગટ કરાવનારજ દુઃખ છે. દુઃખનો સ્વિકાર કરવામાં જેને આનંદ થતો નથી તે માણસ દુનિયામાં અધમ બનતો જાય છે. સ્વાર્થની ખાતર જો દુઃખ લઇએ ત્યારે તે ખોટું છે તે વેર લે છે, ઉપાધિમાં ઉતારે છે. માટે પરમાર્થ અર્થે દુઃખનો સુખરૂપે સ્વીકાર કરો.

૪૫ દુઃખ એ સતી છે. પરમાત્મા—પૂર્ણતા તે પતિ છે. પૂર્ણતા માટે દુઃખનો સ્વીકાર કરવામાં આવે છે તો તો તે દુઃખ પોતાનો કાળો પડદો કાઢી નાખી છેવટે સુંદર શ્વેત વસ્ત્રમાં સજ થઇ મદદગાર થાય છે. જગતની સેવા રૂપ યજ્ઞવેદીમાં તે દુઃખ આવતાંજ પોતાનો કાળો પડદો કાઢી નાખે છે અને આનંદથી ભરપુર પોતાનું મુખ ખુલ્લું કરે છે. પોતાના સ્વાર્થને માટે જ્યારે

દુઃખનો સ્વીકાર કરો તો તે પોતાનો કાળો પડદો મજબુત રાખી ખેદ-કષ્ટજ આપવાનું છે.

૪૬ જીવાત્મારૂપ દોરો છે તેને જીવનરૂપિ સાળમાં વણીને પરમાત્મ દશારૂપ કપડું બનાવવાનું છે.

૪૭ અવિદ્યાથી જુદા પડી જાઓ. તમારા ખરા આત્માને ઓળખો. જીવાત્માની બેડીમાંથી નીકળી જાઓ. સતને ઓળખવાથીજ મુક્તિ મળે છે.

૪૮ ધર્મનું કર્ત્તવ્ય સ્વભાવનો નાશ કરવાનો નથી પણ જીવને પૂર્ણ દશાએ પોહોંચાડવાનો છે.

૪૯ સત્ય ભાષામાં આવી શકાતું નથી. દિશા બતાવી શકાય છે. ભાવ-અનુભવ-હૃદયનોહાર્દ અન્યને બતાવી શકાતો નથી પણ અનુભવી શકાય છે.

૫૦ જેમ ગંભીર-ઊંડા અનુભવના વિચારો તેમ તે વિચાર જીવના પ્રસંગના અનુભવ વિના તેના શબ્દોનું રહસ્ય સમજી શકાતું નથી. આજ કારણે અનેક મતમતાંતરો અને દર્શનો જુદાં પડ્યાં છે.

૫૧ અવિદ્યાથી મુક્તિ તેજ મુક્તિ છે. કોઇ વસ્તુના નાશથી મુક્તિ નથી પણ સતનો વિકાશ કરવાથી આવરણ અજ્ઞાન દૂર થવાં તેજ મુક્તિ છે. બંધ આંખવાળાની આંખો ઉઘડવી ને આંખો ફોડવા જેવું નથી તેમ મુક્ત થવું તે અજ્ઞાન તોડવાનું છે પણ કાંઇ જીવનો નાશ કરવાનો નથી.

૫૨ વિષયોપભોગના તાપનો ભડકો ભલે કરો પણ તેનાથી પકાવવાની વસ્તુ તમારી પાસે નહિં હોય તો તે તાપનો ભડકો બુઝાઇ જશે, તેમ તમે અનેક પ્રયત્નથી વસ્તુ એકઠી કરશો પણ જેમાંથી વસ્તુ મેળવવાની છે તે પરમાત્મા સાથે સંબંધ થયા વિના તે ભડકામાં તમેજ પકાઇ જશો.

૫૩ સત્‌ના દર્શન પછીનું જીવન સત્ થાય છે. પછી તે જે ક્રિયા કરે છે તેમાં તે સત્‌નો પ્રકાશ આવી શકે છે. અંતર્ સ્વભાવ–ખરૂં સત્ય–ખરૂં તત્ત્વ તે ધર્મ છે. પરમાત્મા તરફ પાછો વાળે તે ધર્મ છે. પરમાત્માને પહોંચવા માટે જે કર્મ કરાય છે તે ધર્મ છે.

૫૪ સત્ય ધર્મ અંદર છુપો–ઉંડો રહે છે, તેને લઇને લોકો ઉપરથી માણસનો સ્વભાવ પાપરૂપ જોઇને પાપરૂપ માને છે.

૫૫ બીજને રસાયણની પ્રયોગશાળામાં મોકલી પૃથક્કરણ કરતાં માંહિથી ડાળાં પાંખડાં ફળાદિ કાંઇ નહિં નીકળે, પણ થોડો કાર્બન પોટાસ વિગેરે નીકળશે, તેમ જ્યારે તે વસ્તુ પોતાના ખરા ધર્મમાં આવશે ત્યારે તે વૃક્ષ ફાલશે ફુલશે અને વિસ્તાર પામશે. તેમ આ જીવ પણ અત્યારે જેની તમને કાંઇ પણ કીંમત લાગતી નથી તે પણ તેના ખરા ધર્મમાં આવતાં ફાલશે વિસ્તાર પામશેજ.

૫૬ વૃક્ષરૂપે થવું તે બીજની મુક્તિ છે તેમ જીવની મુક્તિ પોતાના ખરા ધર્મમાં આવવું પૂર્ણ સ્વરૂપે પ્રકાશવું તે છે. ત્યાગ તે મરણ નથી પણ વિઘ્નરૂપ અંતરાયને તોડનાર છે.

૫૭ દીપક તેલ એકઠું કરે છે ત્યાં સુધી તેની પાસે અંધારૂં જ રહે છે. તેજ જીવન ટકાવી રાખવા કે વિશેષ પ્રકાશીત કરવા પોતાના સંગ્રહીત તેલના ખજાનાનો વ્યય–ત્યાગ કરે છે. ત્યાર પછીથીજ તે પ્રકાશ પામે છે. તેમ જીવ સર્વ સંગ્રહનો ત્યાગ કરવાથીજ પૂર્ણ પ્રકાશીત થાય છે. સંગ્રહ કરે છે ત્યાં સુધી આત્મપ્રકાશ તેને મલતો નથી.

૫૮ ભૂમિતાકર્ષણના નિયમ પ્રમાણે જ્યારે આપણા હૃદયમાં ઇચ્છા હોય છે ત્યાં સુધી વસ્તુને આકર્ષી રાખવાનું મન થાય છે. મનુષ્યમાં જ્યારે પ્રેમ ઉભરાય છે ત્યારે તે રાજી ખુશી થઇને પાકાં ઝાડનાં ફળોની માફક બીજાને આપી શકે છે.

૫૯ ગમે તેવું કાર્ય પ્રેમથી કરી શકાય છે. પ્રેમમાંજ મુક્તિ છે. ક્રિયા કરવાથી આપણો સ્વભાવ પ્રગટ કરી શકાય છે તે ક્રિયા આનંદથી–પ્રેમથી કરવી જોઇએ, બીકથી કરાતી ક્રિયા, તથા જરૂરીયાત માટે કરાતી ક્રિયા આપણા શુદ્ધ સ્વભાવ આડે પડદા રૂપ છે.

૬૦ એક ચિતારો આનંદપૂર્વક પોતાનાં ચિત્રો શરૂ રાખશે તો આગળ પર વિશેષ જ્ઞાન સંપાદન કરશે, તેમ આપણે કોઇ કાર્યનો પ્રારંભ આનંદથી કરવો. પ્રેમથીજ કળાવાન્ તે કળાને બાહાર પ્રકાશે છે અને તે પ્રેમ-માંજ પોતાનું જ્ઞાન છેલ્લી ટોચે પોચાડે છે.

૬૧ મન બ્રહ્મના કિરણો લેવાથી શાંતિ મેળવે છે. શરીર સૂર્યનાં કિરણોથી તંદુરસ્તિ મેળવે છે. નાતંદુરસ્ત મનુષ્યને અગીયારથી પાંચ વાગ્યા સુધીમાં કેટલોક વખત સૂર્યનો તાપ લેવાની જરૂર છે. સૂર્યનો તાપ શરીરને સુધારનાર છે.

૬૨ જ્યાં આનંદ છે ત્યાંજ પરમાત્મા પ્રગટ થાય છે જેમાં આનંદ વધારે તેની કીંમત વધારે છે. બ્રહ્મના આનંદમાં આ વ્યક્તિ ભળી જાય છે ત્યારેજ તેની કીંમત તેને મળે છે.

૬૩ મૃત્યુ એ નિર્જીવ વસ્તુ છે. જીવનના એક નિશ્વાસ જેટલુંજ મરણ છે. મૃત્યુ એ જીવનનો સોબતી છે. માયા છે. દ્રવ્યનું વિકાશીત જીવન પર્યાય છે. પર્યાયનું રૂપાંતર એ મરણ છે. જીવાત્મા ક્ષણે ક્ષણે રૂપો બદલે છે તે સ્થિતી ક્ષણે ક્ષણે બદલાવે છે તેજ મૃત્યુ છે.

૬૪ શરીરની મુક્તિ તંદુરસ્તી મેળવવી તે છે. સમાજીક ભાવના ઇચ્છા સાથે આપણી ઇચ્છા મેળવી દેવી તે સમાજીક પ્રકૃતિની મુક્તિ છે. જીવાત્માની મુક્તિ આત્મા

વિશ્વ સાથે પ્રેમ થાય ત્યારે થાય છે. અહંતાનો ત્યાગ કરવો તે છેલ્લી મુક્તિ છે. ત્રીજી મુક્તિ ખીલવવા માટે બીજી મુક્તિ ઉપયોગી છે. બીજીમાં હજી સ્વાર્થ હોય છે. પ્રેમ આવવાથી અહંતા જાય છે. આથી અજ્ઞાનતામાં જવાતું નથી પણ પ્રકાશમાં જવાય છે.

૬૫ કુદરત પોતાની મેળે નિયમસર નાચે છે, તે લડાઈ જેવું બેસુર નથી લાગતું પણ આનંદજનક છે. આથી એમ જણાય છે કે તેની અંદર વિરોધી તત્ત્વ નથી પણ સંપ છે, છતાં વિરોધ લાગે તે માયા છે.

૬૬ પોતાનું ભાન પોતાને હોય તેજ બીજાને પોતાના જેવો બનાવે છે. જે મનુષ્ય પોતેજ પોતાને (આત્માને) જાણતો નથી તે બીજાને કેમ છૂટા કરી શકશે ?

૬૭ સૂર્યના પ્રકાશની માફક આત્માનો પ્રકાશ પોતાની શુદ્ધિથી બીજાને પ્રકાશ આપે છે. સૂર્યની માફક આત્મ-પ્રકાશ વડે મનની સૃષ્ટિ ચાલે છે.

૬૮ જન્મ મરણનું ચક્ર છે તેનો પણ કાયદો જાણવો જોઇએ. મુશ્કેલી એ છે કે કાયદો જાણીને અટકી પડાય છે તેમ વર્તન થતું નથી. કાયદો હાથમાં આવ-વાથી મુક્તિ થતી નથી તેથી બુદ્ધિને તો સંતોષ થાય છે તે કાયદો આખા દેહમાં ઉતારીએ નહિં ત્યાં સુધી અનંતતાનું ભાન થતું નથી.

૬૯ છુટા છુટા શબ્દોમાં રસ નથી આવતો પણ તેની આખી કવિતા અથવા વાક્ય પુરૂં થવાથી તેનો ભાવ સમજાય છે. રસ સમજાય છે. વિચારની સંકલના, સંગીત, તથા ભાવની આકૃતિ આ ત્રણ કવિતાના કાયદા સમજાય ત્યારે તેમાં રસ આવે છે આ કાયદો પણ મર્યાદિત છે. દશ્ય વસ્તુને અવલંબીનેજ છે. જે થવું જોઇએ તેમાં ફેર પડતો નથી તે કાયદો બતાવે છે. માણસો કારણો શોધ્યાજ કરે, કાર્ય કારણમાં અટકી પડે તો તે કાયદો જુલમ કરે છે. કાયદાથી બચી ન જાઓ તો તમારૂં મગજ કાયદાના દબાણ આગળ રાંક બની જાય છે. તમારે તો વસ્તુસ્થીતિ આમ થવાનીજ છે તે સમજી તેમાંથી છટકી જવું જોઇએ.

૭૦ કુદરતનો કાયદો એ પહેલું પગથીયું છે. સૌંદર્ય કાયદાથી પર છે. કાયદાની મર્યાદા સાથે રહીને પર જાય છે. છોડવાએ ફુલ પેદા કરવું, ફુલે ફળ પેદા કરવું. જો તે કામ ન કરે તો ફુલને મરવું પડે છે. વિઘ્નને ખસેડી આગળ ન વધે તો તેનું નામ નિશાન રહેવાનું નથી. વિઘ્ન દૂર કરી આગળ વધતાં ફુલ પછી ફળાદિ પેદા કરતાં ફરીને તેમાંથી છોડવા ફુલાદિપણ ઉત્પન્ન થાય છે. તેમ વિઘ્નને દૂર કરી કામ કરો, નહિંતો દુનિયામાંથી સદા માટે નાશ પામો. કામ કરવાથી શક્તિ ખીલે છે—શક્તિ બાહાર આવે છે.

તેનાથી આગળનાં મોટાં કામ કરવાનું બળ પ્રગટ થાયછે.

૭૧ જરૂરીયાત માટે પ્રવૃત્તિ, શાંતિ માટે નિવૃત્તિ, આનંદથી જન્મ, આનંદથી નિભાવ, આનંદમાં વૃદ્ધિ, આનંદમાં પ્રવેશ.

૭૨ આ સર્વ આનંદથીજ બનાવેલું છે. તેજ કુદરતનો ખરો કાયદો છે. આનંદને લઇ આકૃતિ બનાવવીજ પડવાની. ગાનારને આનંદ થાય ત્યારે તેને ગાઇ બતાવવુંજ જોઇએ. ગાનારનો આનંદ તેના ગાયનની આકૃતિમાં બાહાર આવે છે. કવિનો આનંદ કવીતાની કૃતિમાં બાહાર આવે છે. માણસો આનંદના પ્રમાણમાં આકૃતિઓ બનાવતાજ રહે છે. દરેક મનુષ્યો કર્ત્તા છે. આનંદને લઇને આકૃતિઓ બાહાર સ્ફુરે છે—નીકળે છે. આનંદને પણ બે બાજુ છે. ગાયક ગાવાના જુસ્સામાં બે ભાગ પાડે છે. એક પોતે સાંભળે છે અને બીજું બીજાને સંભળાવે છે.

૭૩ જેટલી આત્મ જાગૃતિ તેટલું દુઃખ ઓછું. જાગૃતિ પૂર્વક જેટલું કર્મ થાય છે તેનું દુઃખ લેશ પણ લાગતું નથી. સંબંધ કલ્પો તો સુખ દુઃખ છે. જાગૃતિમાં સુખ દુઃખ નથી પણ આનંદ છે.

૭૪ પોતાની ચારે બાજુ પ્રેમનો વિકાશ કરવો. ગમે તે કારણે પ્રેમને અંતરાય પડવો ન જોઇયે. અનહદ પ્રેમ વધારવો. એક તરફ પ્રેમ રાખવાથી બીજા તરફ

ઘાતકીપણું કે તીરસ્કાર ન થાય તેવો પ્રેમ હોવો જોઇએ. સુતાં બેસતાં ચાલતાં સર્વ કાળે સર્વ સ્થળે રાખવો જોઇએ.

૭૫ કઠોરતા તેટલો પ્રેમ ઓછો. જેટલો પ્રેમ તેટલી કઠોરતા ઓછી. પ્રેમ નથી ત્યાં તેનો વિરોધી દ્વેષ હોવો જોઇએ. જાગૃતિની પરકાષ્ટા એજ પ્રેમ છે. આપણે પરમાત્માને ઓળખ્યો નથી માટે પ્રેમ નથી.

૭૬ આપણી જાગૃતિને–બુદ્ધિને એટલી વધારો કે તેને પ્રેમ સુધી લઇ જાઓ. સર્વત્ર વ્યાપક કરી દો, ત્યારે બ્રહ્મમાં વિહાર કરી શકાશે. પ્રેમને લઇને આપણે તદ્દન ખલાસ થઈ જઇએ તેટલે સુધી જગત્‌ને આપી શકીએ છીએ. અમુક વ્યક્તિમાં પ્રેમ છે તેની કીંમત પૂર્ણ પ્રેમ વિના નથીજ, અંતઃકરણમાં સદાને માટે પ્રેમ રાખો મૂકવો.

૭૭ ઉપયોગીતાનો પ્રેમ થોડા વખતનોજ છે. તે એક પક્ષમાં ધસડી જાય છે તેથી તે કાંઈ આત્મિક પ્રેમ નથી. ઉપયોગી વસ્તુનો પ્રેમ ઉપયોગીતાના સ્થળેજ હોય છે. ઉપયોગતા પુરી થઇ કે તે વસ્તુ નુકશાનકર્ત્તા કે નિરૂપયોગી બોજારૂપ લાગે છે. આ વખતે તે પ્રેમ નાશ પામે છે.

૭૮ આપણી ઇચ્છાઓ આપણને આંધળા કરે છે તે સત્ય આત્માને જોવા દેતી નથી. આપણી જાગૃતિને બંધ પાડી દે છે. તે ધર્મનો આત્મઘાત છે. આ ઇચ્છાઓ સુધારા

રૂપ દડા ઉપર કાણાં પાડી તેના ઉપર બેસી પાણી તરવા બરોબર હોઇ પોતાને ડુબાડનાર છે.

૭૯ ઇચ્છાઓ બુદ્ધિની મર્યાદાને ટુંકી કરે છે. પાપવૃત્તિ જગાડે છે. આ દુર્બુદ્ધિ મોટામાં મોટું આવરણ છે. પરમાત્માથી તેજ અલગ રાખે છે. તે સાથેનો વિયોગ કરાવે છે. માત્ર ક્રિયા અમુક કરી તે પાપ નથી. નિશાન પૂર્વક—ઇરાદાપૂર્વક ક્રિયા કરવી તે પાપ છે. લક્ષ ખરાબ છે તેજ પાપ છે. વ્યક્તિપણાની વૃત્તિ તે પાપવૃત્તિ છે. આ વૃત્તિથી જીવાત્માની તૃપ્તિ થાય તે માટે પ્રયત્ન થાય તે પાપનું મૂલ છે.

૮૦ ભોગની તૃષાથી પ્રવૃત્તિ કરશો ત્યાં સુધી સત્‌નો ખ્યાલ નહિં આવે. પ્રેમથી પ્રવૃત્તિ કરશો—પ્રેમની દૃષ્ટિ કરશો ત્યારે સત્‌નો—સૌંદર્યતાનો આનંદ થશે. સત્ દેખાશે. ભોગની દૃષ્ટીથી લાગણીઓ થાય છે. મન પોતાની વૃત્તિ પ્રમાણે અર્થ લે છે. મહાસત્તાસામાન્ય દૃષ્ટિમાં ભળવાથી આશક્તિ તુટે છે.

૮૧ કેળવણીની કીંમત હૃદયના વિકાશથી કરવાની છે. દિવ્ય વૃત્તિના પ્રકાશથી કેળવણીની કીંમત છે. ડીગરીયો મેળવવાથી કેલવણીની કીંમત આંકવાની નથી. કેળવણી પામેલાને પ્રશ્ન કરો કે આ મનુષ્યોને તમે ભોગોપયોગના યંત્ર તરિકે જુઓ છો કે દિવ્યાત્મા

પ્રમાણે જુઓ છો? તમને શું ગમે છે તે કહો, એટલે તમે કેવા માણસ છો તે હું કહી આપીશ.

૮૨ જેમ જેમ જુદારો થતો ગયો તેમ તેમ પડદા આવતા ગયા. માણસની કીંમત ઘટતી ગઇ. સ્થુલ ઇચ્છા વધ-વાથી ખરી હૃદયની કેળવણી ઘટતી ગઈ છે. ઉંચી ટેકરી ઉપર ચડો એટલે બધી વસ્તુ સરખી લાગે છે. જેમ નીચા હશો તેમ નાની મોટી લાગશે.

૮૩ દરેક મનુષ્યને શરૂવાતમાં મદદગાર માનો. ગુલામ નહિં માનો. દરેક પોતપોતાનો પાઠ ભજવશે પણ મદદગાર છે એ ચોકસ માનો. આથી આગળ દિવ્યરૂપ માનો તેથી દિવ્ય દૃષ્ટિ ઊઘડશે. બધાં સરખાં પાત્ર છે આત્મ-ભાવે જુઓ. સર્વે પાત્ર સુખરૂપ છે. હલકી દૃષ્ટિજ દુઃખરૂપ છે.

૮૪ પોતાના બળનો ઉપયોગ બીજાને દબાવવામાં કરવ લાગ્યા ત્યારથી તે સત્યનું મૂળ કપાવા લાગ્યું. સ્વતંત્ર પ્રેમ નષ્ટ થવા લાગ્યો. ખરી કેળવણી હિંસક વૃત્તિમાં–ઉપભોગ વૃત્તિમાં ટકી શકેજ નહિ. સદ્દષ્ટિને પોષક **દિવ્યપ્રેમ**, અને ન્યાય હોય તોજ તેનું પોષણ થાય છે.

૮૫ જેમ કોઈ રાજા પાસે નિરંતર ગુલામજ ફરતા રહેતા હોય તો તે રાજાનું માન શું? તે ગુલામ જેવોજ. માટે તેની પાસે સરખી સ્થીતિના કે ઊંચી સ્થીતિના લોકો આવતા હોય તોજ તેની કીંમત છે. માટે સર્વને

સરખા માનવા. આત્માથી (પોતાથી) હિન જાતિના લોકો સાથે રહેવું જેમ અધમ લાગે છે તેમ પોતાથી અન્ય બધાને અધમ માનીને રહેશો તો તમને આનંદ નહિં આવે. સરખે સરખા વિના આનંદ નહિં આવે. જગત્ સરખું છે.

૮૬ મૃત્યુએ પિંજરામાંથી જેમ પક્ષી ઉડી જાય તેવું છે. પિંજરૂં નાશ પામશે પણ આત્મા તેથી જુદો છે. એનો વિયોગ તો છેજ. તે શાશ્વત નજ થઇ શકે. પિંજરાને જોવાને બદલે વિશ્વ તરફ નજર કરતાં જણાશે કે સત્યને મૃત્યુ નથીજ.

૮૭ પ્રેમથી વિરોધનો નાશ થાય છે. પ્રેમમાંજ એકતા છે દ્વૈતભાવ છે. પણ શત્રુ તરિકે નથી પણ એક તરિકે છે. પ્રેમ એકતા કરે છે. વ્યવહારમાં જુદાઇ છે. પ્રેમમાં ગતિ અને સ્થિતિ બન્ને છે. અંદર શાંતિ, બાહાર ગતિ છે. પ્રેમને પ્રથમ શોધવા રખડે છે. મળ્યા પછી શાંતિ કરી એક સ્થળે બેસે છે. પ્રેમથી હૃદયમાં અપૂર્વ શાંતિ અને શાંતવેગ ઉત્પન્ન થાય છે.

૮૮ પ્રેમમાં આપવું એજ લેવા બરોબર છે. ત્યાગ એ ગ્રહણ કરવા બરોબર છે. પ્રેમના ચોપડામાં જમા ઉધાર એકજ બાજુ જમે થાય છે. આપવું તે પોતાના ભલા માટેજ છે. આ પ્રેમનો એક મહાન્ યજ્ઞ છે તેમાં પ્રેમ હોમ્યા કરે છે. પ્રેમ લેવાને માટે પ્રેમ, ત્યાગ ગ્રહણ

એકજ કરી નાખે છે. પ્રેમના બે છેડા હોય છે—સ્વાર્થી અને પરમાર્થી. પેલા છેડામાં અહંતા હોય છે, બીજે છેડે અહંતાનો નાશ થઇ જાય છે.

૮૯ સ્વતંત્રાની સાથે સેવા કરવાની પણ ઇચ્છા આપણામાં બની રહે છે. પ્રેમબંધનવાળો અને બંધનની પારપણ છે. મર્યાદિત વ્યક્તિઓ માટે પ્રેમ પોતામાં આવકાશ આપે છે છતાં તેની પાર પણ તે પહોંચી શકે છે. પ્રેમ સર્વથી સ્વતંત્ર છે તેમ પ્રેમ જેટલી આધિનતા પણ કયાંઇ નથી પ્રેમથી બધાત થવું તે મોક્ષ જેવું પણ છે.

૯૦ લીલાં ઘાસ, વિશાળ નિર્મળ આકાશ, વસંતરૂતુનો બાહાર, ભુરા રંગનો શિયાળો, મનુષ્યનો ભવ્યદેખાવ, શાંત જીવનશક્તિનો અમલ, જ્ઞાનની પ્રાપ્તિ, દુઃખના સામા થવું આ સર્વ વસ્તુઓમાં આનંદ છે, પણ આ ઉપલક આનંદ છે. ખરો આનંદ એકતારૂપિ સત્યતાના ગ્રહણમાં છે. પરમાત્માની સાથે આપણા આત્માની એકતા કરવી તેમાં આનંદ છે.

૯૧ સિદ્ધાંતથી તો આત્મા મુક્ત છે, પણ તે મુક્તતા બાહાર લાવવા ક્રિયાની જરૂર છે. જેમ જેમ માણસ ક્રિયા કરતો જાય છે, અંદર મુક્તિ છે તેને બાહાર કાઢતો જાય છે તેમ તેમ તે પરમાત્માની નજીક જતો જાય છે. જેમ જેમ અંદર રહેલ છે તેને ક્રિયાની અંદર બાહાર બતાવતો જશે તેમ તેમ તે વધારે નિર્મળ થશે.

પોતાને નવા નવા રૂપમાં દરેક વખતે તે જોશે. જેમ જેમ નવાપણું પોતાને લાગશે તેમ તેમ મોક્ષનો માર્ગ મળ્યો છે તેમ સમજાશે.

૯૨ પોતે પોતાને ઓળખવા માટે બાહાર નીકળવું પડે છે એમ માનો કે એક જંગલને મેદાન કર્યું, તેમાંથી સુંદર વાડી બનાવી, પ્રથમ બેડોળ હતું વાડી થતાં સુંદર દેખાવ થયો તેમ પ્રથમ પોતે મલીન હતો ક્રિયા કરીને સુંદરતા બનાવી. આ જમીનની અંદરજ સુંદરતા હતી તે તેણે બાહાર બતાવી તેમ અંદર સુંદરતા છે તે બાહાર ન બતાવે ત્યાં સુધી મુક્તિ નથી. બાહાર આવો ત્યારેજ મુક્ત કહેવાશો.

૯૩ ક્રિયા કરવાની હશે તો સો વરસ જીવવું ગમશે, નહિંતર ક્ષણ પણ તમને ગમશે નહિં. આ શબ્દો જેણે કહ્યા છે તેણે આત્માનો આનંદ ચાખ્યો છે. જેણે પોતાના આત્માને ઓળખ્યો નથી તેને ક્રિયામાં કંટાળો આવે છે ખેદ થાય છે. આ લોકો ફુલથી પણ નબળી ડાંડીના જેવા છે તેઓ ફળ ઉત્પન્ન કર્યા સિવાય પડી જવાની ઇચ્છા કરનારા ફુલના જેવા છે.

૯૪ ક્રિયામાં આનંદ સમજનારા પોતાની જીંદગી લાંબી વધારવા ઇચ્છે છે. તે કહે છે કે ફળ ન આવે ત્યાં સુધી પાછા હઠીશું નહિં—મરશું નહિં તેમ માનનારા છે. તેઓ ક્રિયામાં અને જીંદગીમાં પોતાનો આત્મા આનંદથી

પ્રદર્શીત કરે છે. દુઃખ અને દિલગીરીથી નિરાશ અંતઃકરણો તેનાં થતાં નથી. અંતઃકરણના ધક્કાથી તે નમતા નથી પણ સામા થાય છે. લડાઇમાં લડવા ગયેલા યોદ્ધાની માફક જીવનની લડાઇમાં તે સિદ્ધો થઇને ચાલ્યો જશે. પોતાના આત્માને પોતે જુવે છે, અન્યને બતાવે છે. તેઓના જીવનનો આનંદ પરમાત્માના આનંદ સાથે વિશ્વને ચીરીને જોડી દે છે, પરમાત્માના આનંદ સાથે મળી જાય છે.

૯૫ ક્રિયાથી દૂર રહીને આત્માને ઓળખવાનું નહિંજ બની શકે. તે પ્રયત્નો નિષ્ફળ જવાનાજ. દબાણથી થતી ક્રિયા અસત્ય છે. દબાણ વિના આનંદ છે. દબાણથી થતી ક્રિયા જરૂરીયાતને લઈ માર પડશે ત્યારેજ તમે કરશો.

૯૬ ચેતનમાં ચેતનપણું ચેતન આત્માજ પ્રગટ કરાવે છે. દીવાથીજ દીવો થાય છે. પુસ્તકની જરૂરીયાત ચેતન આત્માની ખોટ વખતેજ છે.

૯૭ બેસી રહેવામાં થોડો વખત મઝા આવે છે પણ જીવનનું કર્ત્તવ્ય બંધ થવાથી તેના અસ્તિત્વના હેતુનો નાશ થાય છે. જેમ માણસ મોટો થાય છે તેમ કદનો નાશ થવા છતાં વધતો જાય છે તેમ તેને મહેનત ઘણી કરવી પડે છે. તેના પરિણામે વર્ત્તમાન સ્થીતિને ઓળંગી નવું કદ અને નવી સ્થીતિએ તે પહોંચે છે.

આ ઉપરથી એટલો વિચાર કરવો કે પોતાની અ.જુ બાજુમાં બંધાઇ રહેવામાં તમારી કીર્ત્તિ નથી.

૯૮ ક્રિયા કરવા જીવવું અને જીવવા માટે ક્રિયા કરવી આ બે સાથે રાખવું. જીવન અને ક્રિયા એવી રીતે સંધાએલાં છે કે બન્નેને સાથે રાખવાની જરૂર છે.

૯૯ અંતર્‌ની લાગણીથી જીવાતું નથી પણ આંતર્ લાગણી માટે બાહાર વિષય શોધી કાઢવો પડે છે. અંતરાત્માને વિચાર અને લાગણીનો ખોરાક અંતર્‌થી છે. બાહાર તે લાગણી અને વિચારને ક્રિયામાં પ્રગટ કરવી પડે છે તે તેનો ખોરાક છે. આ બે ક્રિયા ઉપરથી ખરૂં સત્ય શોધી કાઢવું.

૧૦૦ એક અંશને પકડો અને બીજા ભાગને ત્યજી દ્યો તો તમારી પડતી થવાનીજ. બાહાર લાગણી રાખો અને અંતર્ ન રાખો અંતર્ લાગણી રાખો અને બાહાર નહિં રાખો તો નહિં ચાલે. બન્ને તરફ રાખવાની જરૂર છે.

૧૦૧ પાશ્ચિમાત્યો બાહારના ક્ષેત્રતરફ આત્મા માટે લક્ષ આપે છે. આંતર્‌ના ભાગ તરફ લક્ષ કરતા નથી તેથી આં-તર્‌માં આનંદ તેમને મળતો નથી. બાહ્ય આનંદ મળે છે. રસાયણ શાસ્ત્રીઓ તો કહે છે કે અનંતકાળ જાય તોપણ બાહારની શોધો પુરી નહિંજ થાય.

૧૦૨ કોઇપણ કાર્ય કરો છો તે કુદરતના કાયદાનુસાર થાય છે. તેની પરીક્ષા એ છે કે, તેમાં જરાપણ અભિમાન–

કર્ત્તાપણાની લાગણી હોવી ન જોઇએ તો તે કાર્ય કુદરતના કાયદાનુસાર થયું છે એમ સમજવું. કાર્ય ઉપરથી માલીકી ઉઠાવી લ્યો તમે સેવક થઈ કામ કરો. આપણી દરેક કૃતિ-કાર્ય પરમાત્માની સાથે સમાગમ સંબંધવાળી થવી જોઇએ.

૧૦૩ તમારામાંજ પરમાત્મા કામ કરે છે. આમ ધારીને કાર્ય કરો. તમારા કાર્યમાં આનંદ માનો, અને તે આનંદમાં પણ આનંદનો દાતા વસે છે એમ જાણો. બ્રહ્મમાં જેને આનંદ છે તે સર્વમાં શ્રેષ્ટ છે.

૧૦૪ આત્મવિકાશ સંપૂર્ણ થયા પછી બધું સુંદરજ થઈ જવાનું. દૃષ્ટિના વિકાશની શરૂઆતમાં સૌંદર્ય અસૌંદર્ય એ બે ભેદ રાખવાની જરૂર છે. જેમ બુદ્ધિ વિચારણા સુક્ષ્મ થતી જાય છે તેમ આ ભેદની લીંટીઓ પાતળી થઇ થઇને સર્વથા લોપ પામી જાય છે.

૧૦૫ પ્રથમ દૃષ્ટિને સુંદરતા જોવાની ટેવ પાડો. સુંદરતાનો ખ્યાલ એવા વેગથી આવે છે કે તે પ્રથમ પોતામાંથી પ્રમાદને દૂર કરે છે તે વખતે વ્યક્તિનું ભાન ભુલાઈ જાય છે. તેથી આપણે તેમાં ઉંડા ઉતરી શકીએ છીએ.

૧૦૬ ઇંદ્રિયોની દૃષ્ટિથી જોવાનું મુકી દઇ પરમાર્થ દૃષ્ટિથી જોશો તો સર્વ સ્થળે સુંદરતાનુંજ ભાન થશે. પહેલાં જે અણગમતું તેમાં લાગતું હતું તે આપણે ઇંદ્રિયોની દૃષ્ટિથી જોતા હતા તેમાં સુંદરતા તો હતીજ પણ

આપણી દૃષ્ટિ નિર્મળ ન હતી. વિશ્વની રચનામાં અ સુંદરતા નથી પણ આપણી ભ્રમીત દૃષ્ટિમાં છે. આકૃતિનો આનંદ હૃદયમાં જેમ ઉતરે છે તેમ સુંદરતા સાચા રૂપે બાહાર આવે છે.

૧૦૭ સત્ય એજ સુંદરતા અને સુંદરતા એજ સત્ય છે. આપણું હૃદય બધી વાસનાથી પર થાય છે ત્યારે એવું બળ આવે છે કે દરેક વસ્તુની અંદર પ્રવેશ કરીને બ્રહ્માનંદનો પરિપૂર્ણ આનંદ અનુભવીએ છીએ. અંદર જ્ઞાન અને બાહાર ક્રિયા કરી બતાવો. પ્રેમ અંદર થાય છે તે બાહાર બતાવો. સંગીત એ સૌંદર્યતાને બાહાર પ્રદર્શિત કરવાનું મુખ્ય સાધન છે.

૧૦૮ ત્યાગ એજ સ્વયંપૂર્ણ છે. તે આત્માનો ધર્મ છે "આની મને જરૂર નથી" એજ બતાવે છે કે સત્ય તેનાથી પર અને જુદું છે. છોકરી ઢીંગલી રમાડે છે પણ મોટી થતાં તેને ફેંકી દે છે એ બધી વસ્તુઓ તાબામાં રહે છે તે ઉપરથી જણાય છે કે આપણે તેનાથી મોટા અને અધિક છીએ. જે વસ્તુ આપણાથી નાની છે આધિન છે તેને વળગી રહેવું તેજ દુઃખનું કારણ છે.

વિચાર રત્નમાળા.

૧ પોતે અશક્ત છે એમ કદી પણ ન માનો. પોતાને ચાહતાં અને પોતાની કીંમત આંકતાં શીખો.

૨ બીજાના વિચારોના ગુલામ ન થાઓ.

૩ દરેક કાર્યનો કોઇ પણ મુખ્ય ઉદ્દેશ રાખો.

૪ હાર થવા છતાં પણ નિરાશ ન થાઓ. ઉત્સાહથી આગળ વધો.

૫ પ્રયત્ન કરો. નિરાશા મળ્યા છતાં પ્રયત્ન ચાલુ રાખો.

૬ દુઃખ આવતાં કોઇની મદદ ન માંગો તે દુઃખ તમારાથીજ પેદા થયેલું છે. તેને શાંત કરવા તમેજ સમર્થ છો.

૭ સારા વિચારોથી દુઃખને દબાવો. દૂર કરો.

૮ તમારા પોતા ઉપર વિશ્વાસ રાખો.

૯ આળશુ–પ્રમાદિ ન થાઓ.

૧૦ અશુભ માર્ગે ગમન કરતા મનને પ્રયત્નથી રોકો.

૧૧ આરોગ્યતાના નિયમો બરોબર સાચવો.

૧૨ ઇષ્ટસિદ્ધિ માટે સતત્ પ્રયાસ ચાલુ રાખો.

૧૩ છોડવાઓ, વૃક્ષો, જાનવરો અને મનુષ્યો દરેક સતત્ અભ્યાસથી કેવી રીતે આગળ વધ્યા છે તેનો વિચાર કરો.

૧૪ દરેક જીવો આગળ વધવાની શક્તિ ધરાવે છે એ ચોકશ માનો.

૧૫ સુખ દરેક પદાર્થમાં, દરેક સ્થળમાં, દરેક કાળમાં છે. તે મેળવવા માટે તમારા આત્માની સહાય તમારે લેવી.

૧૬ વચન અને મન આત્માને વિષય કરી શકતાં નથી.

૧૭ સર્વે દુનિયાના જીવો પુન્ય પાપરૂપ કર્મને આધિન છે.

૧૮ સ્વતંત્ર જીવ કે સ્વતંત્ર સુખ આ દુનિયામાં નથી.

૧૯ વિષયજન્ય યા પુદ્‌ગલજન્ય સુખનો અવસ્ય નાશ છેજ

૨૦ વૈરાગ્ય પ્રાપ્ત થાય તો દીનતા રહેતી નથી.

૨૧ એકલા વૈરાગ્ય વડે અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી.

૨૨ આત્મજ્ઞાન વડે અજ્ઞાનની નિવૃત્તિ થઇ શકે છે. આત્મજ્ઞાન પરમહિતકારી છે.

૨૩ જ્યાં ક્રોધ છે ત્યાં વૈરાગ્ય નથી. ઇચ્છાને નિષ્ફળતા મળ્યા સિવાય ક્રોધ ઉત્પન્ન થાય નહિં.

૨૪ ઇચ્છાનો ત્યાગ તેજ વૈરાગ્ય છે.

૨૫ જે મનુષ્યમાં કામ, ક્રોધની અધિકતા છે અને તેનો જે ત્યાગ કરી શકતો નથી તેણે જ્ઞાની પુરૂષોની સોબત અને તત્વજ્ઞાનનાં પુસ્તકોનું વાંચન કરવું. તેથી કામ ક્રોધ ઓછા થશે.

૨૬ જેની પ્રાપ્તિથી ભવિષ્યમાં શાંતિથી રહી શકાય તે માટે પ્રયત્ન કરવો.

૨૭ સત્તામાં રહેલાં કર્મો તે શુદ્ધ ઉપયોગે નિર્જરી જાય. (નાશ પામે.)

૨૮ પોતાના (આત્માના) દ્રવ્ય, ગુણ, પર્યાયમાં તદાકાર રહેવું તે શુદ્ધ ઉપયોગ.

૨૯ મિથ્યાત્વ વડે બંધાયેલ કર્મો સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન વડે નિર્જરે.

૩૦ અવિરતિ (ઇચ્છા) વડે બંધાયેલ કર્મ વિરતિ (ઇચ્છાના નિરોધ) વડે નિર્જરે.

૩૧ ક્રોધાદિકષાય વડે બંધાયેલ કર્મ ઉપશમભાવથી નિર્જરે.

૩૨ પ્રમાદ વડે બંધાયેલ કર્મ અપ્રમાદથી નિર્જરે.

૩૩ મનાદિ યોગવડે બંધાયેલ કર્મ—અયોગ—યોગ નિરોધ વડે નિર્જરે.

૩૪ શુભ ઉપયોગે—મનાદિના પ્રશસ્ત વ્યાપાર વડે પુન્ય બંધ થાય.

૩૫ અશુભ ઉપયોગે (મનાદિના અપ્રશસ્ત વ્યાપાર વડે) પાપ બંધ થાય.

૩૬ પુન્યકર્મથી શાતા—સુખની પ્રાપ્તિ થાય.

૩૭ પાપ કર્મથી અશાતા—દુઃખની પ્રાપ્તિ થાય.

૩૮ શુભાશુભ કર્મથી સંસારની વૃદ્ધિ પ્રાપ્ત થાય.

૩૯ આત્માનો સ્વભાવ તે ધર્મ છે. ધર્મથી મોક્ષ થાય છે.

૪૦ વિકલ્પોથી કર્મ આગમન થાય છે.

૪૧ નિર્વિકલ્પ સ્થીતિથી ધર્મ થાય છે.

૪૨ શાસ્ત્રાદિ પઠન એ દ્રવ્ય જ્ઞાન છે.

૪૩ આત્મ સ્વરૂપને જાણવું—તે ભાવ જ્ઞાન છે.

૪૪ આત્મ પ્રદેશ સાથે બંધાયેલ કર્મ કાઢી નાખવાં તે દ્રવ્ય નિર્જરા છે.

૪૫ રાગ દ્વેષની પરિણતિ બંધ કરવી કે ઓછી કરવી તે ભાવ નિર્જરા છે.

૪૬ જીવ જ્યાં સુધી સંકલ્પ વિકલ્પમાં પરિણમે છે ત્યાં સુધી કર્મબંધ છે.

૪૭ જેવી ભાવના તેવો અનુભવ થાય છે.

૪૮ વાદવિવાદમાં ન ઉતરવું પણ વસ્તુતત્ત્વના નિશ્ચય માટે સરલતા અને નિરભિમાનથી યોગ્ય મનુષ્યને પૂછવું.

૪૯ નિરંતર સર્વ સ્થળે એક પવિત્ર મંત્રનો જાપ હૃદયમાં જપતા રહેવું.

૫૦ શાંત રાત્રીએ માનસીક વૃત્તિથી તીર્થયાત્રા અને દેવનું પૂજન કરવું.

૫૧ તાત્વિક પુસ્તકો વાંચવા અને સદ્ વિચારો આવે તે લખવા.

૫૨ રાત્રીએ પોતાની દીનચર્યા સંભારવી, અને પ્રાતઃકાળમાં દિવસે વર્ત્તન કરવાના નિયમોનો નિશ્ચય કરવો.

૫૩ કોઇ પણ અર્થી જીવને છતી શક્તિએ નિરાશ ન કરવો.

૫૪ વિવિધ કલ્પનાઓનું અનુસંધાન મૂકી દઇ સ્વ સ્વરૂપના અનુસંધાનમાં તત્પર રહો.

૫૫ નિરંતર આત્માનું અનુસંધાન રાખવું તેજ મનને શાત કરવાનો ઉપાય છે.

૫૬ અખંડ આત્મ ઉપયોગની જાગૃતિવાળી સ્થિતિ તે બ્રહ્માકારવૃત્તિ કહેવાય છે.

૫૭ કોઇ પણ વિષય ઉપર સ્પૃહા ન રાખવી એ મનને જીતવાની ઉત્તમ યુક્તિ છે.

૫૮ વિષયાકારે મનનું પરિણમવું તે ભેદ દૃષ્ટિ છે. અજ્ઞાનીઓનો ભેદ માર્ગ છે.

૫૯ આત્માકારે મનનું પરિણમવું તે અભેદવૃત્તિ છે. જ્ઞાનીઓનો અભેદ માર્ગ છે. ભેદ ત્યાં સંસાર, અભેદ ત્યાં મુક્તિ છે.

૬૦ આત્મસ્વરૂપમાં સ્થિરતા તે સ્વભાવદશા–પુદ્ગલાકારે પરિણમવું તે વિભાવ દશા કહેવાય છે.

૬૧ પાણીમાં મીઠું જેમ એક રસ થાય છે તેમ આત્મામાં મનનું ઐક્ય થવું તે સમાધિ છે.

૬૨ જ્યારે પ્રાણનો નિસ્પંદ અને મનનો લય થાય ત્યારે સમરસપણું પ્રાપ્ત થાય છે, અને તેજ સમાધિ કહેવાયછે.

૬૩ લાંબા વખત સુધી અનાહદ નાદનું અનુસંધાન કરવાથી વાસના ક્ષીણ થાય છે. મન મૂર્છિત થાય છે.

૬૪ સિદ્ધાસને બેસી, બાહ્યદૃષ્ટિ નિમેષોનીષ રહિત કરી અંતરમાં લક્ષ આપી નાદ સાંભળવાથી અનાહત નાદ પ્રગટ થાય છે.

૬૫ સર્વ વિષયો પ્રત્યે સર્વ પ્રકારે પરમ અનાસ્થા થવી એજ યુક્તિ મનને જીતવાની છે.

૬૬ ભૂત, ભવિષ્યનું અનુસંધાન મૂકી દેવાથી મનનો નાશ થાય છે.

૬૭ પરસ્પર ક્ષમા કરો, ક્ષમા માંગો, અને ક્ષમા આપો.

૬૮ મધુર ગીતનો આલાપ કરો પણ સંકલ્પનાં તીરો ન ફેંકો. જીવ્હામાં મંગલમય સરસ્વતીજ રાખો.

૬૯ સંકલ્પોની થોડી યા ઝાઝી અસર આ દુનિયામાં થયા સિવાય રહેતી નથી. માટે સંકલ્પો શુભજ કરવા.

૭૦ મન, વચન, શરીરથી દાવાનળ સળગાવો નહિં પણ બુઝાવો.

૭૧ જ્યાં પ્રેમ છે ત્યાં શંકા કે સ્પૃહાને અવકાશજ નથી. જ્યાં તે જણાય ત્યાં શુદ્ધ પ્રેમની ખામીજ સમજવી. ત્યાં પ્રેમ નથી પણ સ્વાર્થ છે.

૭૨ જીવ સહજ સ્વરૂપથી રહિત નથી પણ તેનું ભાન માત્ર જીવને નથી. જે થવું તેજ સહજ સ્વરૂપે સ્થિતિ છે.

૭૩ માન, વસ્તુની પ્રાપ્તિ, કીર્ત્તિ અને સિદ્ધિઓ એ સર્વ આત્મગુણ લુંટનારા છે. તેનો જરા પણ વિશ્વાસ ન કર. અખંડ પ્રવાહમાં આગળ ચાલ્યો જા.

૭૪ અંતર્ મુખ વૃત્તિ કરી નિર્વિકલ્પપણે આત્મધ્યાન કર. અનાબાધ અનુભવ સ્વરૂપમાં સ્થીરતા થવા દે. જે તર્કાદિ ઉઠે તે નહિં લંબાવતાં ઉપશમાવતો ચાલ.

૭૫ બીજાના કરતાં કરોડો ગણી તું તારી ચિંતા કર. હીમ્મત રાખ. કર્મોનો ઉદય નિરંતર એક સરખો રહેતો નથી.

૭૬ આત્માની અજ્ઞાન દશા એજ મિથ્યાત્વ છે.

૭૭ ક્ષણે ક્ષણે આત્મ ઉપયોગ સ્થિર કરો.

૭૮ નિર્વિકલ્પ દશા સિવાય ઉપયોગ સ્થિર થતો નથી.

૭૯ મનની નિરાકાર સ્થીતિ તેજ નિર્વિકલ્પ દશા છે.

૮૦ સત્સંગ અને સદ્‌વિચારથી વિચાર દૃષ્ટિ શુદ્ધ થાય છે.

૮૧ આત્મ ઉપયોગની અખંડ જાગૃતિ તેજ મોક્ષ છે.

૮૨ પ્રવૃત્તિ અને પ્રતિબંધનું પરિણામ સુખરૂપ છેજ નહિં.

૮૩ જેને માટે પ્રવૃત્તિ કરો છો તેજ બંધન માટે થાય છે.

૮૪ આગ્રહ પકડાતાં સત્ય પણ પાડનાર થાય છે. જ્યાં ઉપાય ન હોય ત્યાં મૌન પણું ઉચિત છે.

૮૫ ભજવવાનો પાઠ આનંદથી ભજવવો. પ્રારબ્ધ પ્રમાણે ભોગવી લેવું. નવું ન બાંધવું એ પુરૂષાર્થ છે.

૮૬ જગત્ ગુરૂ છે તેમાંથી શીખવાનું ઘણું છે. દરેકમાં ઉચ્ચ ઈશ્વરી ભાવ રાખવો.

૮૭ ગુણ ગ્રહણ કરવા. દોષ ખાલી થતાં તે સ્થાન ગુણ લેશે.

૮૮ કદાગ્રહ બંધાતાં શીખવાથી વેગળા જવાય છે. પ્રહાર તે કસોટી છે.

૮૯ આત્મ બળથી પાર પહોંચાય છે. આઘાત ખમી લેવા, પણ કરવા નહિં.

૯૦ શરણે થવું. અગર આંતર્ મૌનતા ભજવી. અહંકાર કાઢવાના આ બે ઉપાયો છે.

૯૧ સ્વાનુભવથી જે અસર સુધરવા કે આગળ વધવા માટે થાય છે તે કહેવાથી કે સાંભળવાથી થતી નથી.

૯૨ પોતાના ડાહાપણથી (અહંકારથી) મનુષ્યો આગળ વધતાં અને નવીન જ્ઞાન લેતા અટકે છે.

૯૩ સામા થવા કરતાં અનુકુળ થઇ કામ લેવાથી ઘણી સહેલાઇથી કામ સિદ્ધ કરી શકાય છે.

૯૪ સામા મનુષ્યનું પુરૂં સાંભળી લીધા સિવાય, તેનું સમાધાન કરવા કે તેના વિચારો તોડવા માટે વચમાં જેટલું બોલાય છે તેની અસર કાંઇ થતી નથી. તે શબ્દો વચમાંજ ઉડી જાય છે. તેનું હૃદય ખાલી થયા સિવાય આપણા શબ્દો તેમાં પ્રવેશ કરી શકતા નથી.

૯૫ અદૃશ્ય શક્તિ બન્ને છાબડાં સરખાં રાખવા પ્રયત્ન કરે છે. તેની આડે જેટલા આવે છે તેટલાઓ રૂપાંતરથી પણ પોતાના પ્રયત્નમાં નિષ્ફલ નિવડે છે.

૯૬ સારા કામમાં આળસ અને નઠારા કામમાં કરેલી ઉતાવળ પશ્ચાત્તાપ માટે થાય છે.

૯૭ જ્યાં સુધી તને અન્યના દોષો જણાય છે ત્યાં સુધી તે તે દોષો તારા પોતામાંજ છે એ ચોકસ સમજજે.

૯૮ અન્યને સુધારવા પહેલાં પોતાને સુધરવાની જરૂર છે.

૯૯ પ્રારબ્ધ પ્રમાણેજ યોગ્યાયોગ્યની પ્રાપ્તિ થાય છે. અન્ય તરફ કટાક્ષ ન કરતાં પ્રારબ્ધને સુધારવા પ્રયત્ન કરો.

૧૦૦ મનુષ્યોને સુધારવા કે આગળ વધારવા માટે આ દુનિયા મોટામાં મોટી નિશાળ છે.

૧૦૧ સંપત્તિમાં પરિમિત્ત આચરણ રાખવું અને વિપત્તિમાં ધૈર્ય રાખવું એ મહાન્ સદ્ગુણ છે.

૧૦૨ આત્મભાન ભૂલાવે તે કુસંગ. આત્મ જાગૃતિ કરાવે તે સત્સંગ.

૧૦૩ હે પુષ્પ ! તું પ્રથમ વિકાશ તો પામ. ભમરાઓ તેની મેળેજ તારી તરફ ખેંચાઈ આવશે.

૧૦૪ અતીત ભોગને યાદ ન કર. અનાગતની ઇચ્છા ન કર. અને મળેલ વિષયોમાં આનંદિત ન થા.

૧૦૫ આશા રહિત થા. મમતા મૂકી દે. કોઇની મદદની અપેક્ષા ન કર. સંસર્ગ રહિત રહે. સ્વતંત્ર આત્માપર શ્રદ્ધા રાખ.

૧૦૬ આત્મવત્ સર્વને જો. મૌન કર. સહનશીલ થા. મોક્ષનું કારણ વેશ નથી પણ જ્ઞાન છે.

૧૦૭ લાભાલાભથી હર્ષશોક ન કર. સત્કાર અને લાભથી આપનારનાં બંધનમાં બંધાવું પડે છે. સર્વ જીવોને અભય આપ. તને ભૂતો તરફથી ભય નહિ થાય. શિષ્યોનાં બંધનમાં બંધાઇશ નહિં.

૧૦૮ જગતને જાગૃત કરવાની ઇચ્છા હોય તો પ્રથમ તમારા આત્માને જાગૃત કરો. જેટલા તમે જાગૃત થયા હશો તેટલાજ જગતને જાગૃત કરી શકશો. જેના ઉપર ઉભા રહી આખી પૃથ્વીને હલાવી શકાય એવું સ્થાન તમારો

આત્માજ છે. સ્વરૂપમાં સ્થીર થઇ જે હીલચાલ કરશે તેથી આ જગતને હચમચાવી શકશો.

વિચાર રત્નમાળા.

૧ આપણે જો ક્ષમાની યાચનાકરતાં તે મેળવવાની ઇચ્છા રાખીએ છીએ તો પછી આપણે બીજાને ક્ષમા આપવાને તત્પર રહેવું જોઇએ.

૨ સુખ દુઃખ આપવામાં મનુષ્યાદિ નિમિત્ત કારણ છે ખરૂં કારણ પોતાનાં શુભાશુભ કર્મો છે. સુખી થવા માટે તે કર્મોનેજ સુધારવાં જોઇએ. પ્રવૃત્તિ ભાવાનુસાર થાય છે, માટે ઉત્તમ પ્રકારની પારમાર્થિક ભાવનામય થવાનો અભ્યાસ અવશ્ય કરવો.

૩ અજ્ઞાનીઓ ધિક્કારને પાત્ર નથી, પણ દયાને પાત્ર છે, તેવા અજ્ઞાનીઓ પર દયા લાવી તેમને શુદ્ધ માર્ગે દોરવા જોઇએ પણ તેમનાપર ક્રોધ નહિ કરવો જોઇએ. કારણકે તેથી તેઓ આપણા સદુપદેશથી વિમુખ થાય છે.

૪ સંપત્તિ સમયે આત્મસંયમ ન ખોવો. તેમ વિપત્તિ સમયે નિરાશ બની પુરૂષાર્થ પણ ન મૂકવો. કેમકે જય, પરા-

જય, સુખ, દુઃખ, માન, અપમાન, હર્ષ, શોક વીગેરે કાંઇ કાયમ ટકી રહેનાર નથી.

૫ જે મનુષ્યને આત્મશક્તિમાં (પોતામાં) વિશ્વાસ નથી તે મનુષ્ય ધર્મના ઉંચા પગથીઆ ઉપર ચડવાને લાયક નથી. આત્મશક્તિ અનંત છે. એક ક્ષણમાં અનંત કર્મોનો, નાશ કરી શકે છે, માટે ગમે તેવી આપત્ત કે વિઘ્નો આવે તો પણ તેનો પાર તેથીજ પામી શકાય છે. જેને આત્મ સામર્થ્યમાં વિશ્વાસ નથી તે કદાપિ કોઈ મહત્વનું કાર્ય સિદ્ધ કરી શકવાનો નથી.

૬ ધીમે ધીમે મોટા પર્વતો પણ ઓળંગી શકાય છે. જેઓ ઉંચે ચડયા છે તેઓ આપણા જેવા મનુષ્યોજ હતા, પણ તેમને પોતામાં વિશ્વાસ હતો.

૭ આત્માને કશું અસાધ્ય નથી. અત્યારની મારી ધીમી પ્રવૃત્તિ દેખી ભલે તમે અત્યારે મને હસી કાઢો, પણ આગળ જતાં તમેજ મને માન આપશો અને પ્રશંસા કરશો.

૮ પ્રથમ પ્રયત્નેજ તમે કદા નિષ્ફળ નીવડો તો પણ આરંભેલું કાર્ય મૂકી દેશો નહિ, ફરીથી તે કાર્યનો પ્રારંભ કરજો. આ પ્રમાણે એકવાર નહિ, પણ હજાર વાર નિરાશ થવું પડે છતાં પણ ગભરાશો કે હિમ્મત હારશો નહિ. જોકે તમને હમણાં વિજય દેખાતો નથી

છતાં દરેક વખતે તમે વિજયની સમીપમાં જતા જાઓ છો અને અંતે તમારો પવિત્ર આત્મા વિજયીજ નિવડશે.

૯ જ્યાં સુધી મનુષ્યોને આત્મ શ્રદ્ધા છે ત્યાં સુધી ભલેને આખું જગત્ તેનો ત્યાગ કરે, તો પણ તેને બીલકુલ ભય રાખવાનું કાંઈ કારણ નથી, કારણ કે મનુષ્ય આત્મબળથી આખું જગત્ સ્વાધિન કરવાની શક્તિ ધરાવે છે.

૧૦ પાપી આત્માઓ ને મહાત્માઓ વચ્ચે આજ તફાવત છે કે, આ જીવો પોતાની શક્તિ ઉપર કાબુ ધરાવે છે ત્યારે પેલા જીવો જડ વસ્તુના કબજામાં આવેલા છે.

૧૧ નિરંતરના સતત અભ્યાસથી તમારા મનોબળને એકત્ર કરતાં અને યોગ્ય સમયે એકજ બાબત ઉપર તેને વાપરતાં શીખો, જો મહાન્ શક્તિ મેળવવાની તમારી ઈચ્છાજ હોય તો મૌન, ગંભીરતા, અને ધીરજતા ધારણ કરવાની સૌ કરતાં પ્રથમ જરૂર છે.

૧૨ જે મનુષ્ય પોતાને વશ કરતાં અને કાબુમાં રાખતાં શીખ્યો છે તેજ મનુષ્ય બીજાને વશ રાખી શકે છે અથવા આજ્ઞા કરી શકે છે.

૧૩ જેઓ શાંતિપ્રિય છે, ભયરહિત છે, વિચારશીલ છે, અને સંયમવાન્ છે, તેઓને માટે જંગલ, ઉદ્યાન કે પર્વતના શિખરનું એકાંત સ્થાન સ્વહિતાર્થે ઉત્તમ છે.

૧૪ હલકી વાસનાઓ, મનની અસ્ત વ્યસ્ત સ્થીતિ, વચનની ચપળતા, અને શરીરનો અસંયમ એ પોતાની શક્તિનો દુરૂપયોગ છે, અથવા શક્તિને વિખેરી નાખનાર સાધન છે.

૧૫ જે વસ્તુ સ્વભાવથીજ અનિત્ય :અને વિયોગશીળ છે, તે વસ્તુ ઉપરની લાગણીથી શાશ્વત સુખ મેળવવાની આશા કેમ રાખી શકાય ? અનિત્ય અને વિયોગશીળ વસ્તુઓ ઉપર રાગ ધરવાનું કે તેને માટે ઝુરવાનું મુકી દેવુંજ જોઇએ અને નિત્ય, સ્થાયી વસ્તુનું મનન, સ્મરણ, પરિશીલન, અને એકી કરણ કરવું જોઇએ. તો જરૂર શાશ્વત વસ્તુરૂપ (આત્મ સ્વરૂપ) થઇ રહેવાશે.

૧૬ તમે તમારી વસ્તુ બીજાને દાનમાં આપી દ્યો છો, તે છતાં જ્યારે તેના તરફથી તમારો આભાર માનવામાં ન આવે તે વખતે જો તમારૂં દીલ દુભાય તો તમે અવસ્ય સમજજો કે તમે આપેલું દાન ખરા પ્રેમનું ન હતું, પણ ખોટી મગરૂરીનું પરિણામ હતું.

૧૭ ધ્યાન વગર કરેલી માત્ર અરજ રૂપ સ્તુતિ, પ્રાર્થના અથવા માગેલી માફી, તે જીવ વગરનાં ખાલી ખોખાં સમાન છે. આવી પ્રાર્થના કે માફી, મનુષ્યને પાપ કે દુઃખથી મુકત કરી ઉંચે લઇ જઇ શકતી નથી.

૧૮ ભગીરથ પ્રયત્ન સિવાય આત્મિક સુખ આપોઆપ આવી, તમને ભેટી પડે એવો ખ્યાલ સ્વપ્નામાં પણ

લાવશો નહિ. આ માટે તો આળસને કે પ્રમાદને દૂર કાઢો. આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો અને આચારોને જલાંજલી આપો; અને આત્મ સત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિશુદ્ધ થવા વિભાવોનું વિસર્જન કરો.

૧૯ જે મહાન્ પુરૂષો ઉંચે માર્ગે ચડયા છે અને ત્યાં ટકી રહ્યા છે તે કાંઇ એક ફલાંગે કે એક કુદકે ચડયા નથી, પરંતુ જ્યારે દુનિયામાં મનુષ્યો ઘોર નિદ્રામાં ઘેરાતા હતા ત્યારે પણ તેઓ ઉચ્ચ માર્ગ તરફ ચડવાનો પંથ કાપતાજ રહ્યા હતા.

૨૦ આત્મજ્ઞાનના ઉપાસકોએ એકાંત અને ઉગ્ર આત્મ સંયમનું સેવન કરવુંજ જોઇએ. પ્રાણી માત્ર ઉપર દયા અને મનુષ્ય માત્રના દુખની દાઝ, એ બે લક્ષણો આ સ્વરૂપ પ્રાપ્તિનાં જીવન છે.

૨૧ ઉચ્ચ ભાવનારૂપી પાંખોવડે આનંદ વર્ગમાં ઉડો, નિડર બનો, મહાન્ શક્તિઓની પ્રાપ્તિ સંભવિત છે એમ દૃઢ માનો, તદ્દન શાંત અને ડાઘ વગરની જીંદગી સંભવિત છે એમ શ્રદ્ધા રાખો, ઉંચામાં ઉંચું સત્ય મળી શકે છે એ વિશ્વાસ રાખો, આવું લક્ષ રાખી પ્રયત્ન કરનાર માનવ, સ્વર્ગીય ઉંચાઇ તરફ ઝપાટાથી આગળ વધે છે. પણ જેઓનામાં આવું શ્રદ્ધાન નથી તેઓ વહેમના ઝાકળમાં ભટકયાજ કરે છે, અને દુઃખ પામ્યાજ કરેછે.

૨૨ તમે જે જે વસ્તુઓના સંબંધમાં આવો તે પ્રત્યેકનાં બાહ્ય સ્વરૂપ–ઉપાધિમાં જે કાંઇ અપ્રિય દેખાય તે ઉપર અલક્ષ કરી, તેમના આંતર્ સત્તાગત શુદ્ધ આત્મા ઉપરજ લક્ષ આપો, આત્મા સ્વરૂપે શુદ્ધ છે. છતાં જે જે ઉપાધિદ્વારા મલીન દેખાય છે તે તે સર્વે ઉપાધિ દોષથી દૂષીત ભાગ છે એમ માનો. આમ કરવાથી દ્વેષદૃષ્ટી દૂર થશે, અને ગુણદૃષ્ટી પ્રગટ થશે.

૨૩ મદદ આપવાની ઇચ્છાથી તમે જેને સારામાં સારા વિચાર સંભળાવો છો. અને ઉત્તમ ક્રિયા માર્ગમાં પ્રેરોછો છતાં તે જ્યારે તેને રૂચતાં નથી ત્યારે તે ગ્રહણ કરવાની તેમની યોગ્યતા નથી એમ નિશ્ચય કરો. અને તેમની લાયકાતાનુસાર ઉપદેશ આપો અથવા માર્ગ બતાવો. યોગ્યતાથી વિશેષ ન આપો અને વિશેષ સંભળાવો પણ નહિ. તેમ કરવામાં નહિ આવે તો ઉલટું લાભને બદલે તેમને નુકસાન થશે. યોગ્યતા તપાસવાની ઉપદેશકોને પૂર્ણ જરૂર છે.

૨૪ આપણા વિચારોજ આપણને વિચાર જેવા બનાવે છે. પાપના વિચારો આપણને પાપી બનાવે છે. ધર્મના વિચારો આપણને ધર્મી બનાવે છે. પ્રથમ વિચારોને શુદ્ધ કરો.

૨૫ હજારો કાર્ય પડતાં મૂકો, પણ આખા દિવસમાં એક પણ ખરાબ વિચાર ન આવે તેવી સ્થીતિ તમે મેળવો.

२६ સવારમાં ચાર વાગે ઉઠો. કોઇપણ જીવોના શબ્દ ન સંભળાય ત્યાં પદ્માસન કરીને બેસો. શરીરને બીલકુલ હલાવો નહિ. મનને એકાગ્રતા કરવા આંખોને બે પાંપણોની વચ્ચે, યા નાસીકાની ડાંડી ઉપર સ્થાપન કરો. ખટખડાટ થાય કે મચ્છરાદિ જંતુ શરીર ઉપર આવી બેસે તો પણ શરીરને હલાવો નહિ. શ્વાસોશ્વાસની ક્રિયા ઘણીજ શાંતિથી હળવે હળવે કરો. વધારે વખતના અભ્યાસે મન ઘણીજ શાંતિમાં આવશે.

૨૭ કોઇ કાર્યને માટે પોતે અશક્ત છે એમ કદી પણ નહિ માનવું. બીજાના વિચારોના ગુલામ નહિ થવું. દરેક કાર્યનો મુખ્ય ઉદ્દેશ લક્ષમાં રાખવો. હાર થયા છતાં પણ નિરાશ ન થવું. પ્રબળ ઉત્સાહ રાખવો. આત્મવિશ્વાસ કદી ખોવો નહિ. આળસ અને પ્રમાદને તો દેશવટોજ આપવો. કાર્યસિદ્ધિ માટે સતત અભ્યાસની જરૂર છે. નાના નાના છોડવાઓ, વૃક્ષો, જનાવરો, અને મનુષ્યો, દરેક સતત્ અભ્યાસથી કેવી રીતે આગળ વધ્યા છે ? અને વધે છે ? તેનો વિચાર કરો દરેક જીવો આગળ વધવાની શક્તિ ધરાવે છે.

૨૮ શોચ નહિ કર. તે આર્તધ્યાન છે. તારા સિવાય તારૂં ભલું કે બુરૂં કરનાર કોઇ નથી. તું બીજાનું ભલું કે બુરૂં નજ કરી શકે. કારણકે ભલા, બુરાનો આધાર તેના કર્તવ્યોપરજ છે.

૨૯ જે ઇચ્છા કરે છે તેવું કર્તવ્ય કર્યું હશે તો વગર ઇચ્છાએ પણ તે મળશે તેવું કર્મ નથી તો ગમે તેટલી ઇચ્છા કર્યાથી પણ તે નહિજ મળે.

૩૦ મન, વચન, શરીરને નિત્ય શુભમાં પ્રવર્તાવ. જગત્ જીવો કર્માધિન છે. આશ્ચર્ય ન પામ. આત્મહિત સિવાય બીજા વિચારો ન કર. દુનિયાના કર્ત્તવ્યોથી છેવટે નિરાશાજ છે. આત્મ ઉપયોગમાં લીન થા.

૩૧ વિકલ્પો એ ચિત્તની શાંત અવસ્થારૂપ સરોવરમાં પથ્થર ફેંકવા તુલ્ય અશાંતિ કરનાર છે.

૩૨ અમુક હદ આવ્યા સિવાય પોતાનુંજ ભલું કરવા તરફ કાળજી રાખવી જોઇએ લાયકાત સિવાય બીજાનુ ભલું કરવા જતાં પોતે પતિત થવાય છે. પોતે પાણીમાં તરતાં શીખ્યો નથી તે બીજાને પાણીમાં બુડતાં કેવી રીતે બચાવી શકશે ?

૩૩ મનુષ્યો અને વસ્તુઓ પોતાનો જેવો સ્વભાવ હોય તેવો પ્રગટ કરી બતાવે છે. તેમાં આશ્ચર્ય, દ્વેષ, કે હર્ષ, શા માટે કરવો જોઇએ ? લીમડાને જઇને પુછો કે તું કડવો શા માટે ? અને આંબાને જઇને પુછો કે તું મીઠો શા માટે ? આનો ઉત્તર તેનો સ્વભાવજ તેવો.

૩૪ આત્મ વિશુદ્ધિમાં આગળ વધવાનો ટુંકો માર્ગ આ છે કે, આહારનો જય, આસનનો જય, નિદ્રાનો જય, શરીરનો

જય, વચનનો જય, મનનો જય, તિવ્ર વૈરાગ્ય, અપ્રમત્તતા, એકાંતવાસ સર્વજ્ઞ ધ્યાન, આત્મવૃત્તિ.

૩૫ અલ્પઆહાર, અલ્પનિદ્રા, અલ્પવિહાર, નિયમિત ભાષા, નિયમિત કામ, અનુકુળ સ્થાન, મનને વશ કરવાનાં આ ઉત્તમ સાધનો છે.

૩૬ નિર્વિકલ્પ, મૌન, અને કાર્યોત્સર્ગ કરવાથી કર્મો આવતાં બંધ થાય છે.

૩૭ દુઃષમકાળ, તત્વજ્ઞાની ગુરૂનો વિરહ, પૂર્વકર્મનું જોર, સત્સંગનો અભાવ, પુદ્દગલાનંદિઓની સોબત, ભવાભિનંદિઓનો સહવાસ, આ અધઃપતન થવામાં પ્રબળ કારણ છે.

૩૮ આત્મગુણોની અભેદતા, યા જડ ચૈતન્યની ભિન્નતા તે જ્ઞાન છે. નિર્વિકલ્પ મન તે ધ્યાન છે. માનસિક મલીનતાનો ત્યાગ તે સ્નાન છે. અને ઇંદ્રિયોનો નિગ્રહ તે શૌચ યાને પવિત્રતા છે.

૩૯ પૂર્વનાં કર્મો મને આ કર્તવ્ય કરવા પ્રેરે છે. આ વિચારને પ્રબળ પ્રયત્નથી નીચો બેસારી દો, પ્રત્યક્ષથી પૂર્વનું બળવાન્ નહિ થાય. આ જન્મનો પ્રબળ પ્રયત્ન પૂર્વ કર્મને હઠાવશે, પણ અત્યારનો પ્રયત્ન મંદ હશે અને પૂર્વનો પ્રયત્ન બળવાન્ હશે તો અત્યારના પ્રયત્નને હઠવું પડશે. છેવટે અનુદ્યોગીનો વિજય થશે, માટે પ્રયત્ન કરો.

૪૦ જેમ જેમ ધ્યાન વિશુદ્ધિ, તેમ તેમ કર્મનો ક્ષય થશે જ્યાં સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ થાય છે.

૪૧ વિષય ઇચ્છાથી જેનું મન ઇંદ્રિઓ સંતાપિત છે તેને શીતળ આત્મસુખની પ્રાપ્તિ ક્યાંથી થાય ?

૪૨ નિરાશા વખતે મહાત્મા પુરૂષોનાં ચરિત્રો સંભારો. તેમનો સતત્ અને લાંબા કાળનો પ્રયત્ન તપાસો. તેઓએ નીરાશ થઇને પ્રયત્ન મુકી દીધો હોત તો મહાત્માના નામને લાયક થાત કે ? જગતને અનુકરણીય થાત કે ! માટે નીરાશ ન થાઓ, આગળ ચાલો.

૪૩ આગળ વધનારનેજ વિઘ્ન આવે છે, અને તેની યોગ્યતાની પરિક્ષા પણ ત્યાંજ થાય છે, ધનવાનને લુંટવાનો ભય છે. ચડેલાનેજ પડવાનો ભય છે, પણ તેથી ગભરાશો નહિ. દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિ અનુકુળ આલંબનો લઈ ઉત્સાહથી પ્રબળ પ્રયત્ને આગળ વધો, યાહોમ કરીને ચાલો, અવશ્ય વિજયજ થશે.

૪૪ જો તમારે આગળજ વધવું છે તો તમારો સર્વ સ્થળે પથરાયેલો સ્નેહ, પ્રેમ, આશક્તિ કે લાગણીને ખેંચી લ્યો અને સર્વ તરફ વિરાગભાવ કરો. તે સર્વ લાગણીઓ એક આત્મભાવ તરફજ વાળો, તે કર્ત્તવ્યનેજ મુખ્ય કરો, બાકીનાં કર્ત્તવ્યને ગૌણ કરો, જરૂર આગળ વધશો.

૪૫ જો તું વીર પરમાત્માની આજ્ઞાપાલક નિગ્રંથજ હોય તો તારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અપ્રમત્તપણું અને અપ્રતિબદ્ધપણું રાખવું જોઇએ.

૪૬ વિષયનો વિશ્વાસ જરા પણ કરવા લાયક નથી. મને અંતર્દૃષ્ટિ થઇ છે એમ ધારી તે વિષયોનો જરાપણ વિશ્વાસ ન કરજે. મનઃપર્યવ જ્ઞાન પર્યંતની હદવાળા જીવો પણ આ વિશ્વાસથી ઠગાયા છે. અને નર્કાદિ ગતિઓમાં ગયા છે.

૪૭ પુદ્ગલોનો અનુભવ અનાદિ કાળનો હોવાથી મનુષ્યો સ્વાભાવિક રીતે તે તરફ આકર્ષાય છે, અને સહજ વારમાં પોતાનું ભાન ભૂલી જાય છે. ચોદ પૂર્વ ધરો પણ આત્મસ્થિતિ ભૂલાયાથી નરક અને નિગોદમાં ગયા છે.

૪૮ વસ્તુનો કેવળ વિનાશ કદી પણ થતો નથી, પણ તેનું રૂપાંતર થયા કરે છે આ પ્રમાણે આત્મા માટે પણ બન્યા કરે છે.

૪૯ આ જગત્‌સમુદ્ર સ્થુળ સુક્ષ્મ પુદ્ગળોથી ભરપુર છે પાણીમાં પરપોટા ઉત્પન્ન થઇ તેમાં વિલય પામે છે. તેમ કર્મના સંબંધે નાના પ્રકારની આકૃતિઓ બને છે. અને તેનો વિલય પણ પાછો તેમાંજ થાય છે. આ આકૃતિઓના રૂપાંતરથી આત્મા મરણ પામતો નથી.

૫૦ કર્મો અવશ્ય ફળ આપવાનાંજ એમ જાણી તત્ત્વદષ્ટીએ કર્મબંધનના હેતુઓથી દૂરજ રહેવું. વીર પુરૂષોના માર્ગમાં દુઃખે પ્રવેશ કરી શકાય તેમ છે.

૫૧ જીર્ણ ઇંધણાંને અગ્નિ ઘણીજ ત્વરાથી ભસ્મીભૂત કરે છે તેમ તું જો સ્નેહરહિત થઇશ તો આત્મસમાધિવડે કર્મોને જલદી બાળી શકીશ.

૫૨ આ અજ્ઞાન અને પ્રપંચી દુનિયાની દેખાદેખીએ તું ન ચાલીશ, પણ પૂર્વાપર વિચાર કરી, સમજીને લાભાલાભનો નિશ્ચય કરી પછી આગળ પગ ધરજે.

૫૩ સર્વ કાળમાં સર્વ સ્થળે સર્વ પ્રકારે પ્રમાદી જીવોને ભય રહેલો છે. અપ્રમાદિ જીવોને કોઇ પણ રીતે ભય નથી. તે સર્વદા નિર્ભય છે.

૫૪ વિચારની તીક્ષ્ણ પરિણતીથી તેમજ આત્મભાવ પ્રત્યેની સ્થીરતાથી સમયે સમયે સંયમ પરિણામ વૃદ્ધિ પામે છે.

૫૫ લોકોની સોબતથી, માનની ઇચ્છાથી, સ્ત્રીના પ્રસંગથી અને અજાગૃતીથી આત્મશક્તિ અવરાય છે, દબાય છે, અધઃપતન થાય છે.

૫૬ વસ્તુ ધર્મનું કે તત્ત્વજ્ઞાનનું શ્રવણ કે જાણપણું કરવાથી તરતજ અંતરાત્મપણું થતું નથી, તેમજ તે પ્રમાણે આચરણ કે ગુણો તરતજ પ્રાપ્ત થતા નથી. તેની દૃઢતા માટે પુનઃ પુનઃ અભ્યાસની જરૂર છે.

૫૭ સારા વિચારો કરો. સારા કાર્યમાં પ્રયત્ન રાખો. તો ખોટાં કર્ત્ય કરવાના વખત નહિ મળે. જીંદગી ટુંકી છે બીજે વખત કાઢી નાંખવાથી તે સફળ નહિ થાય. ઉદ્યોગની જરૂર છે. એક ભાખરી માટે જમીન ખેડવાદિકથી લઇ તૈયાર થવા પર્યંતમાં કેટલી મહેનત પડે છે? વિચાર કરો. ત્યારે આત્મવિશુદ્ધિ માટે કેટલી મહેનતની જરૂર છે.

૫૮ આળસ મુકો, થોડા પણ નિરંતરના અભ્યાસથી અંકુરાથી લઇ આ મજબુત ઝાડપણાને પામેલા વૃક્ષને તમે જુઓ. તે કેટલું બધું આગળ વધ્યું છે? થોડો વખત ઉદ્યમ કરી આગળ વધવામાં તેણે આળસ કરી હોત તો તે આ સ્થીતિએ પહોંચી શકત?

૫૯ પડી રહેલા લોઢા ઉપર કાટ ચઢી જાય છે. તેમ આળસુ મનુષ્યોનાં મન, વચન, અને શરીર આત્મહિત માટે નબળાં થઇ જાય છે લોઢાની માફક તેને તો નિરંતર સદુપયોગમાં લેવાંજ જોઇએ.

૬૦ ખેતર ન ખેડવાથી તેમાં જાળાં, ઝાંખરાં ઉગી નીકળે છે. તેતો સાફસુફ કર્યાથીજ (ખેડયાથીજ) સારૂં રહે છે તેમ મનુષ્યનું હૃદય પણ સદ્ભાવનારૂપ શીરાથી (હળથી) સંસ્કારીને–ખેડીને સાફ રાખવુંજ જોઇએ નહિંતર કર્મરૂપ જાળાં, ઝાંખરા ઉગી નીકળી તે નિરૂપયોગી અથવા દુઃખદાયી થઇ પડે છે.

૬૧ વહેતું પાણી નિર્મળ રહે છે. તેમાં ઝરણુ આવે છે પણ બંધેજ પાણી બગડી જાય છે. ઝરણુ બંધ થાય છે તેમ સાધુ, જ્ઞાન અને ધનને વહેતાંજ રાખવાં જોઇએ. એકજ સ્થાને અને વપરાશ વિના રાખવાથી તેમાં વૃદ્ધિ ન થતાં ઉલટો બગાડ થાય છે.

૬૨ આ અસ્થિર માનવાદિ પર્યાયોમાંથી મનુષ્યોએ સ્થીર થવાનો પ્રયત્ન અવશ્ય કરવોજ જોઇએ. આળસ દુઃખની માતા છે.

૬૩ આત્માનો શરીર તથા મન ઉપર અંકુશ ન રહેવો એજ પરમ દુઃખનું કારણ છે. જેના ઉપર જન્મ મરણ અસર નથી કરી શકતાં ત્યાંજ ખરેખર સુખ રહેલું છે. જેટલો મોહ તેટલુંજ દુઃખ, જેટલો હર્ષ તેટલોજ શોક.

૬૪ આ મહાન્ દુઃખનું કારણ કેવી જાતનું અજ્ઞાન હોવું જોઇએ ? ગમે ત્યાં ભરાઇ બેસો. કર્મોનું ફળ અવશ્ય મળશેજ. કામ્ય કર્મો કરતાં અટકવુંજ જોઇએ.

૬૫ એક વસ્તુનો ત્યાગ કરી, તેના અભાવમાં તેને બદલે તેના જેટલા પ્રેમથી બીજી વસ્તુનું સેવન થતું હોય, તો તે ત્યાગ નથી, પણ રૂપાંતર છે. ત્યાગ એવો હોવો જોઇએ કે રૂપાંતરની આગ્રહપૂર્વક મદદ સિવાય ચલાવી લેવું જોઇએ. દરેક વસ્તુનો ઉપયોગ સાધન રૂપે કરવો જોઇએ.

૬૬ વસ્તુનું ખરૂં સ્વરૂપ જાણ્યા કે સમજાયા છતાં કદાગ્રહ કે આગ્રહ કરવો તે અનંતાનુબંધી કહેવાય છે. ક્રોધાદિ ઘટાડવામાંજ લાભ છે. જેમ કષાય ઓછા તેમ આવરણ ઓછુંજ થવાનું.

૬૭ કોઇપણ વસ્તુનો સર્વથા નાશ થતો નથી. પણ પર્યાય બદલાય છે. પુદ્ગલોની આકૃતિ બદલાય છે, પણ તેના પરમાણું તો જગત્માં કાયમજ રહે છે. આ રૂપાંતર થવું તેજ દરેક વસ્તુનો પુનર્જન્મ છે.

૬૮ સુખ દુઃખ એ પૂર્વે ક્રિયાને અનુસારે થાય છે, એ વાત સ્વાનુભવ સિદ્ધ છે. તો ગર્ભમાં આવ્યો તે કઈ ક્રિયાથી ? તે ક્રિયાનો કાળ ગર્ભમાં આવ્યા પહેલાંનો માનવોજ પડશે, એટલે ગર્ભમાં આવ્યા પહેલાંનો જે જન્મ, તેજ આત્માનો પુનર્જન્મ.

૬૯ આ જન્મ્યો, આ મરી ગયો. આ આવ્યો તે કયાંથી ? અને ગયો તે કયાં ગયો ? આ ગતિ આગતિ પુનર્જન્મનેજ સુચવે છે.

૭૦ કાર્ય કારણનો વિચાર કરતાં કારણ પહેલું સંભવે છે. તો આ માનવદેહરૂપ કાર્ય તેનું કારણ આ દેહ ઉત્પત્તિ પહેલાંજ માનવું પડશે. એજ પુનર્જન્મ.

૭૧ સર્વે, સુખીયાં શા માટે નથી ? સર્વે દુખીયાં કેમ થતાં નથી ? રંક શા માટે થાય છે ? આનું કાંઇપણ કારણ સમજાવશો ! આજ પુનર્જન્મ.

૭૨ પર્યાયો અનિત્ય છે, તેમાં જરાપણ વિશ્વાસ કરવા જેવું નથી. સંયોગો વિયોગશીળ છે. સંપદા અંતે વિપદા-રૂપ થાય છે. સ્વાર્થ એ મનુષ્યોમાં મુખ્ય દુર્ગુણ છે. પરમાર્થ સિદ્ધ કરવો તે ઉત્તમ સદ્‌ગુણ છે.

૭૩ ઓ અમર ધર્મવાળા આત્મા ! મરણ ધર્મવાળા શરી-રમાં શા માટે આશક્તિ કરે છે ! આ દેહનો તો અવસ્ય ત્યાગ કરવોજ પડશે, જરૂર બાજે જવું પડશે. આ ઘરની આટલી બધી ચિંતા શામાટે કરે છે ? આ ઘરના નાશથી તારો તો નાશ થવાનોજ નથી.

૭૪ ઓ અનંત બળવાન્ આત્મા ! નિર્બળ વિચારોથી તારા બળનો નાશ નહિં કર તું જેવી ઇચ્છા કરીશ તેવો થઇ શકીશ. અનંત બળવાન્ વીર પરમાત્માનું જીવન યાદ કર અને તેનું પ્રબળ પ્રયત્ને અનુકરણ કર.

૭૫ એકલા બાહ્ય ત્યાગથી શાંતિ મળવાની નથી. વિષયો સાથેનો શારીરક સંબંધ છોડયા પહેલાં માનસીક સંબંધ અવસ્ય છોડવોજ જોઇએ ત્યારે ખરી શાંતિ અનુભવાય છે. કોઇ અપેક્ષાએબાહ્ય ત્યાગ પણ ઉપગારી છે.

૭૬ જનહિતાર્થે કામ કરવાં પડે તેમાં નિષ્ફળતા મળે કે સફળતા મળે તથાપિ હર્ષ શોકથી લેપાવું ન જોઇએ. જે મનુષ્યને માન–અપમાન સરખું છે. તે ત્યાગ માર્ગના અને પરોપકારના માર્ગના શીખરપર પહોંચી શકે છે.

૭૭ આત્મ ઉન્નતિના ઇચ્છિકોએ, બાહ્ય સૃષ્ટિની પછાડી પડવું (દોરાવું) તે વ્યર્થ છે. આખા વિશ્વનું મથન કરવાથી પણ આ બાહ્ય સૃષ્ટિમાંથી આત્માનો સાક્ષાત્કાર કદી થવાનોજ નથી. તેને માટે તો પોતાના આત્માનીજ પછાડી પડવું, અને તેનેજ શુદ્ધ કરવો પડશે.

૭૮ વડના બીજમાં વડવૃક્ષને ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી છે. બીજમાં વડ દેખાતો નથી. તથાપિ જમીન, હવા, પાણી વિગેરે સામગ્રી મળતાં તે શક્તિ બાહાર આવે છે. તેમ જ્ઞાનાંશ, સત્તામાં રહેલા પૂર્ણ જ્ઞાનને પ્રગટ કરી શકે છે. જ્ઞાનના એક વિભાગપરથી બીજા વિભાગ ઉપર જઈ શકીએ છીએ તો તેના છેલ્લા ભાગપર શા માટે ના જઇ શકીએ ?

૭૯ પાણીના ઊંડા તળીએ પડેલું રત્ન, પાણીની મલીનતાથી દેખાતું નથી. તે મેલ દુર થાય તો અવસ્ય દેખાય છે તેમ રત્નતુલ્ય નિર્મળ યા અમુલ્ય આત્મા મનની મલીનતા નીચે દબાયેલો છે, માટે મનની મલીનતા દૂર કરો તો અવસ્ય તેની પ્રભા દેખાશે.

૮૦ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરી યોગ્ય અવસરે જે મનુષ્ય દૃઢ પ્રયત્ન કરે છે, તે અવસ્ય ઇચ્છિત કાર્ય સિદ્ધ કરી શકે છે. અવસર વિનાનું બોલવું અને કરવું તે નિરર્થક છે. ઇષ્ટ ફળદાયક થતું નથી.

૮૧ આ દૃસ્ય જડ વસ્તુઓનું ઉપાદાન (મૂળ) કારણ પર-

માણુ છે. તેમાં પરિણમન ધર્મ રહેલો હોવાથી અનેક પરમાણુઓ મળી અનેક પ્રકારના સ્કંધ ઉત્પન્ન થાય છે. તે સ્કંધોને જીવો શરીર દ્વારા ગ્રહણ કરી નાના પ્રકારની આકૃતિઓમાં ગોઠવે છે. કરોળીઓ જેમ પોતાની લાળથી ઉત્પન્ન કરેલી જાળમાં ઘુંચાય છે તેમ જીવો આ આકૃતિની માયામાં ફસાય છે, અને રાગ દ્વેષ કરી સંસાર પરિભ્રમણ કરે છે.

૮૨ ઉપાસના (ભક્તિ) કરવાવાળા મનુષ્યોનો પ્રેમ પોતાના ઉપાસ્ય પરમ પુરૂષ પરમાત્મા ઉપર એટલો બધો હોવો જોઇએ કે તેની પરાકાષ્ટા કોઇ પણ બીજા સ્થળે હોવી નજ જોઇએ. મન, વચન, અને શરીર તત્પરાયણ કરી દેવાં જોઇએ અહોનીશ તેનુંજ રટણ જોઇએ.

૮૩ ક્રિયા માર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યે પોતાનાં મન, વચન, શરીરને, વ્રત, તપ, જપાદિ યમ નિયમોમાં અહોનીશ પ્રવર્ત્તાવવાં જોઇએ અને કોઇ પણ વખત અશુભ પ્રવૃત્તિ મન, વચન, શરીરથી ન થાય તેટલાં મજબુત બનાવવાં જોઇએ.

૮૪ જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરનાર મનુષ્યે ક્રિયા માર્ગમાં દઢતા થયા પછી અહોનીશ આત્મ ઉપયોગમાં તત્પર રહેવું જોઇએ. કોઇ નાનું સરખું વ્યવહારીક કાર્ય પણ આત્મ ઉપયોગની જાગ્રૃતિ વિના ન થવું જોઇએ, અર્થાત્ સર્વ કાળે અને સર્વ સ્થળે આત્મજાગ્રૃતિ રાખવીજ જોઇએ.

૮૫ ઇચ્છાઓને માર્યા સિવાય ત્યાગધર્મ ન સંભવી શકે. પૂર્વ કર્મને લઇ આહારાદિ ઇંદ્રિય વિષયો પ્રત્યે પ્રવૃત્તિ હોય તથાપિ ત્યાં પણ રાગદ્વેષની ચીકાશ રહિતજ પ્રવૃત્તિ હોય. તેમ ન હોય તો ત્યાગ ધર્મ પણ ન હોય.

૮૬ કોઇ પણ વસ્તુ ઉપર પોતાના ઉપયોગને જવા ન દેવો. આમ થવાથી વૃત્તિઓનું ઉત્થાન ન થતાં પોતાના સ્વરૂપમાં સ્થીર થવાશે. સ્થીર થવાથી લય પ્રાપ્તિ ઘણી સહેલાઇથી થાય છે.

૮૭ આત્માની શક્તિ આત્મામાં હોવા છતાં આત્મિક ગુણો માટે બાહાર ફાંફાં મારવામાં આવે છે. આ કેટલું બધું પ્રબળ અજ્ઞાન ? પૂર્ણ સુખ આત્મામાં હોવા છતાં તે માટે પુદ્ગલ (જડ વસ્તુઓ) નાં ચુંથણાં ચુંથવાનો પ્રયત્ન કરવો તે પ્રકાશને અંધકારમાંથી શોધી કાઢવાના પ્રયત્નની માફક નિષ્ફળ છે.

૮૮ સ્વાનુભવ આત્મામાં ન કરતાં, કોઇ મહા પુરૂષના કરેલ અનુભવને બોલી જવામાં કે વાંચી જવામાં અનુભવ માની લેવો એ વિશેષ અધઃપતન થવાનું લક્ષણ છે. સ્વાનુભવ માટે પ્રયત્ન નહિ કરતાં કેવળ સ્વાનુભવના વાર્તાઓમાં આત્મજ્ઞાન માનનારાઓ આત્મજ્ઞાની નથી પણ શબ્દજ્ઞાની છે.

૮૯ પોતેજ પોતાનો શત્રુ છે, અને પોતેજ પોતાનો મિત્ર છે. મન સ્વાધિન અને આત્મ જાગૃતિ કાયમ હોય તો

દુનિયામાં એવું કોઇ નિમિત્ત કે વસ્તુ નથી કે આત્માને જોરજુલમથી કર્મ વળગાડે અથવા કર્મથી બંધિત કરે.

૯૦ જેમ જેમ આપણાપર દુઃખ આવી પડે છે તેમ તેમ આપણું ડાહાપણ વૃદ્ધિ પામે છે. આપણી ભૂલોથી થયેલો દુઃખનો અનુભવ આપણને ભવિષ્યમાં તેવી થતી ભૂલો અટકાવવા વિશેષ ઉપયોગી થઈ પડે છે.

૯૧ દુઃખના અનુભવદ્વારા છેવટે આત્મસાક્ષાત્કાર પણ થાય છે એટલે દુઃખથી અસંતુષ્ટ તો થવુંજ નહિ. દુઃખ માત્ર કર્માનુસાર હોવાથી જેટલું ભોગવાય તેટલું તે ઓછું થાય છે. દુઃખની સાથે અથડાતાં સહન શક્તિનું વીર્ય વૃદ્ધિ પામે છે. દુઃખ મનુષ્યોનો મહાન્ ગુરૂ છે. તે દ્વારા વિચાર ખુલ્લે છે, સત્ય શોધાય છે અને દોષો દૂર કરાય છે.

૯૨ આત્માના છેવટના સ્થાયી સુખની પ્રાપ્તિનો સંભવ દૃઢ કરવો હોય તો તાત્કાલીક ફળ પ્રાપ્તિની ઇચ્છા ઘટાડવી જોઇએ. જે કાંઇ પ્રાપ્તવ્ય છે તેને માટે તેના પ્રમાણમાં કાંઇ ને કાંઇ ભોગ આપવો પડે છે. પ્રયત્ન સિવાય ફળની આશા વ્યર્થ છે.

૯૩ યોગીક જીવનનું દુર્ઘટમાં દુર્ઘટ પ્રયોજન એ છે કે તેણે સર્વદા સમતા જાળવી રાખવી. ગમે તેવા પ્રસંગે પણ સાધકોએ તો (શરૂઆત કરનારાઓએ) શમતા અને

શાંતિજ રાખવી યોગ્ય છે. શુદ્ધ અંતઃકરણ સદા નિર્ભય છે અને સર્વત્ર વિજયીજ નીવડે છે.

૯૪ સત્ય માર્ગથી ભ્રષ્ટ થયેલા જનસમુહને, દેખી તે તરફ દયાની લાગણી, અને તેને સુધારવાની દાઝ હૃદયમાં રાખવી જોઇએ તેને બદલે ક્રોધ, કંટાળો, કે કલેશ ઇત્યાદિ કરવું તે તો તદ્દન અયોગ્ય છે. એવી દુષ્ટ ભાવનાથી આપણનેજ હાની છે. એટલુંજ નહિ પણ જેને માટે એ ભાવના ઉઠે છે તેમને પણ તેથી હાની પહોંચે છે.

૯૫ જ્યાં ક્રોધ છે ત્યાં વિવેક નથી, કેમકે ઇચ્છામાં નિષ્ફળતા મળ્યા સિવાય ક્રોધ ઉત્પન્ન થતો નથી. ઇચ્છા છે ત્યાં વિવેક નથી. ઇચ્છાનો ત્યાગ તેજ વિવેક છે.

૯૬ કામ ક્રોધની અધિકતાવાળા મનુષ્યોએ જ્ઞાની પુરૂષની સોબત અને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોનું વાંચન અવસ્ય રાખવું. તેથી તે દોષોની ઓછાશ થશે.

૯૭ જે પદાર્થની પ્રાપ્તિથી ભવિષ્યમાં નિરંતર સુખી થવાય તેને માટે વિદ્વાનોએ પ્રયત્ન કરવો.

૯૮ મન વચન અને શરીર આ ત્રણે કર્મબંધ કરવામાં તેમજ કર્મ બંધનથી મુક્ત થવામાં સહાયભૂત છે. તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે તમારા હાથમાં છે.

૯૯ આત્મજ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થઇ શકે છે. માટે આત્મજ્ઞાન વિશેષ હિતકારી છે.

૧૦૦ જે ભવમાં આનંદ માને તે ભવાભિનંદ સમજવો.

૧૦૧ પુદ્‌ગલમાં આનંદ માને તે પુદગલાનંદિ. પુદ્‌ગલાનંદિજીવો સંસારમાં પરિભ્રમણ કરનારા છે. આત્માનંદિ કર્મથી મુક્ત થાય છે.

૧૦૨ સર્વથા મુક્ત થવાની ઇચ્છા છે તો આ પ્રવૃત્તિ અને પ્રતિબંધ શા માટે હોવો જોઇએ ?

૧૦૩ પ્રવૃત્તિ અને પ્રતિબંધનું પરિણામ કોઇપણ વખતે સુખરૂપ આવવાનું નથી.

૧૦૪ તું જેને માટે પ્રવૃત્તિ કરે છે તે સર્વે તારા બંધનને માટે થશે. છતાં આ પ્રવૃત્તિ પૂર્વેના સંચિત ખપાવવાને માટેજ કરાતી હોય તો આત્મ જાગૃતિપૂર્વક નિરાશી ભાવે કર.

૧૦૫ પુદ્‌ગલીક વૈભવમાં સુખની ઇચ્છા કરવી તે ભયંકર નિરાશાજ છે.

૧૦૬ દુનિયાના ક્ષણીક વૈભવમાં આશકત મનુષ્યોનો સંસર્ગ કરવો તે, આત્મગુણ ઘાતક મહાન્ શસ્ત્રો છે.

૧૦૭ મનમાં અશુભ વિચારો પ્રગટ કરવા તેના જેવા બીજો કોઇ ભયંકર વ્યાધિ નથી.

૧૦૮ આત્મ અજ્ઞાનીઓને એકાંતના સમાન બીજો કોઇ પ્રબળ વૈરી નથી. આત્મ અભ્યાસીઓને મનુષ્યના સંસર્ગ સમાન બીજું કોઇ સબળ વિઘ્ન નથી.

વિચાર રત્નમાળા.

૧ તેને યોગ્ય લાગે તે તેને માટે સત્ય છે. તમને તે ન જણાવાથી વિપરીત લાગે છે. બાકી સર્વ જીવો પોતાને સુખી થવા પ્રયત્ન કરે છે.

૨ પાત્ર એવું વર્ત્તન થાય છે. મજબુત પ્રકૃતિવાળાની છાપ બીજા ઉપર પડે છે અને તેના સ્વભાવને વશ બીજાને થવું પડે છે.

૩ દેશ, કાળની સ્થીતિને અનુસરીને જ્યાં જેની જરૂયાત હોય ત્યાં તેવાની સાથે તેવું વર્ત્તન રાખવું.

૪ આત્મધર્મ ઉપર દ્દઢ રહેવાથી આ સત્વાદિ ગુણોનો લય થાય છે.

૫ ઉત્તમ વિચારો આપી સામાનું અભિમાન તોડી નાંખવું અને તેને પોતા તરફ ખેંચવો તે સાચી નમ્રતા છે. ઉપર ઉપરની નમ્રતા તો દેખાવ માત્ર છે. જડતારૂપ છે, અજ્ઞાનતા છે ત્યાં સુધી ઉપરની નમ્રતા ઉપયોગી છે.

૬ વિનય કરવો તે વિવેક પૂર્વક કરવો. આપણા માટે જેને હલકો વિચાર બંધાયેલો છે તેનો વિનય કરતાં ઉલટો આપણા વિષે ' દંભી છે ' ઇત્યાદિ હલકો વિચાર બાંધવાનું તેને કારણ મળે છે. બાકી જેની ગરજ છે તેનો તો વિનય કરવોજ જોઇએ.

૭ દરિયાએ સામા જવું ન જોઇએ પણ નદીઓને પોતા તરફ આવવા દેવી જોઇએ. નહિંતર નદીઓ ઉલટી પાછી હઠશે. ઉપદેશક ગુરૂને આ ન્યાય લાગુ પડે છે.

૮ જ્ઞાની અજ્ઞાનીનું વર્તન, ઉપરથી સરખું છતાં પરિણામમાં ભિન્નતા હોય છે. અજ્ઞાનીનું વર્ત્તન વૃત્તિવાળું હોય છે. જ્ઞાનીનું વૃત્તિ–વિકલ્પ વિનાનું હોય છે.

૯ જ્ઞાનીનું વર્તન જેવાની જોડે તેવા થવાનું હોય છે. કોઇ બોધ લેવા આવે તો ગુરૂ તરીકે કામ લે છે. સામાને બોધ લેવાની ઇચ્છા ન હોય પણ બોધ દેવાની ઇચ્છા હોય તો શિષ્ય જેવું વર્તન કરે છે. મૂઢની જોડે મૂઢ જેવું વર્ત્તન કરે છે. તેનું વર્ત્તન કોઇ ઓળખી શકે તેવું એક દેશી હોતું નથી.

૧૦ અંધકાર અને પ્રકાશ તો થયા કરવાનાજ. કર્મને લઇ વૃત્તિમાં ફેરફાર તો થવાનોજ, પણ જ્ઞાની વિચારદ્વારા તેને વિખેરી શકે છે.

૧૧ વસ્તુ સ્વભાવને સમજતો હોવાથી જ્ઞાની ખેદ પામતા નથી. કુદરતના નિયમને નહિં જાણનાર દુઃખી થાય છે.

૧૨ ગુણનો નાશ થતો નથી, પણ નીમિત્ત પ્રસંગે તેમાં ફેર થાય છે..

૧૩ ડાળાં પાંખડાંઓને પાણી ન સીંચતાં મૂળનેજ પાણી સીંચો તેથી ડાળાં પાંખડાં પણ પલ્લવીત રહેશે. સ્વરૂપ પ્રાપ્તિ માટે સર્વ ક્રિયાઓ કરો.

૧૪ બીજાના અધિકાર કે કર્ત્તવ્ય પ્રમાણે વર્તન કરવાનો મોહ ન કરો. જે અધિકારમાં તમારી યોગ્યતાએ તમને યોજ્યા છે તે પાઠજ તમે ભજવો. અધિકાર વધતાં શિક્ષક પણ મળી રહેશે.

૧૫ તમારે શું કરવાનું છે તે રોજેરોજનો દિવસ તમને કહેતો જશે. ચિંતા ન કરો.

૧૬ બીજાની ફરજને માર્ગે તમે ચાલવાનું શરૂ રાખશો તો તમારી પોતાની ફરજને પણ તમે પૂરેપૂરી અદા કરી શકશો નહિં.

૧૭ વર્ત્તમાનમાં જે ફરજ તમારે માથે આવી છે તે તરફ પૂરતું ધ્યાન આપો. ભૂતભવિષ્યને તે વખતે યાદ ન કરો. સુધરો અને પછી સુધારો.

૧૮ સત્તા કે પદવીના અધિકારવાળા વધારે ખત્તા ખાય છે. સત્તા કે પદવીના અભિમાનને લઇ તે બીજા પાસેથી બોધ લઇ શકતા નથી.

૧૯ સામાને હલકો માનવો અને પોતાને મોટો માનવો તે રૂપ મોટો આવરણનો પડદો સત્તા કે પદવીધરોની આડે હોય છે.

૨૦ નાનાઓ પોતાની નબળાઇ કે અજ્ઞાનતા કબુલ કરી બને તેટલું બીજાનું સાંભળે છે. શિક્ષાગ્રહણ કરે છે તેથી તેને આગળ વધવાનો રસ્તો ખુલ્લો હોય છે. વિશેષ આગળ વધવાનો તેને સંભવ છે.

૨૧ ભક્તિ માર્ગે ચાલનાર પોતાને એકને તારી શકે છે. જ્ઞાન માર્ગે ચાલનાર અનેકને તારી શકે છે.

૨૨ કુદરતના નિયમો જાણુનારાઓને સ્વાર્થ માટે ક્લેશ થતો નથી. કાયદાને જાણુતો હોવાથી જ્યાં જેવું જોઇએ તેવું વર્ત્તન તે કરી લે છે. વિચારદ્વારા તે વૃત્તિઓને કાબુમાં લઇ શકે છે.

૨૩ વૃત્તિઓમાં રહેલી સ્થુલ મલીનતા ઉત્તમ વ્યવહારવાળાં તપ, જપ, પૂજન, વંદન, દાન, દયાદિ ક્રિયાઓથી દૂર કરી શકાય છે.

૨૪ મનમાં રહેલી સુક્ષ્મ મલીનતા વિવેક દૃષ્ટિવાળા વિચારથી વિશુદ્ધ કરી શકાય છે.

૨૫ સ્થુલ મલીનતાવાળાને વ્યવહારક્રિયા ઉપયોગી છે. તે દ્વારા મલીનતા ઓછી થાય છે. વસ્તીમાં રહીને ઉત્તમ કાર્ય કરવા દ્વારાએ તે મલીનતા ઓછી કરી શકશે.

૨૬ સુક્ષ્મ મલીનતાવાળા નિર્જન પ્રદેશમાં રહી વિવેકદ્વારા મલીનતા ઓછી કરી શકે છે. ગામ કે વન અધિકાર ભેદે ફાયદો કરનારાં છે.

૨૭ સર્વમાં શુદ્ધ આત્મા છે એ ચોકસ નિશ્ચય હોય તો અન્ય જે કાંઇ કરે છે તેથી ખેદ કે હર્ષ અથવા ઇર્ષા થવી ન જોઇએ. કેમકે તે દ્વારા જે થાય છે. તે યોગ્ય થાય છે. પૂર્વેના નિયમ અનુસાર થાય છે.

૨૮ આ વિશ્વમાં બનતા બનાવો તથા સંબંધમાં આવતાં પાત્રો આપણા પોતાના સુધારા માટેજ છે એમ નિશ્ચય રાખી પોતાને સુધરવા માટે તેમાંથી ગુણો લેવા.

૨૯ અન્ય ઉપર જેટલો આધાર તેટલીજ પરાધિનતા અને તેટલુંજ દુઃખ છે.

૩૦ દરેક વસ્તુને નીહાળી તેમાંથી કોઇને કોઇ ગુણ ખેંચી લેવો. મતલબ કે સર્વત્ર ગુણ જોવાની દૃષ્ટિ રાખવી.

૩૧ જેટલું શરીર શુધ્ધ તેટલું મન શુધ્ધ. જેટલો શરીરમાં મળ તેટલો મનમાં દોષ સમજવો. જેટલે દરજ્જે માનસીક દોષ તેટલે દરજ્જે શરીર શુદ્ધ નથી.

૩૨ વાત્ત, વિત્ત, કપ આ ત્રણ શરીરના દોષ છે. મળ, વિક્ષેપ અને આવરણ આ ત્રણ મનના દોષ છે.

૩૩ જેવું પાત્ર તેવું અને તેટલું તે ગ્રહણ કરી શકે છે. માટે તેવું અને તેટલુંજ તેની આગળ બોલવું તે વાણીની શુધ્ધિ છે.

૩૪ મન, વચન, શરીર ત્રણેની શુદ્ધતા જોઇએ. તે થાય તોજ સંકલ્પ સિધ્ધ થાય છે.

૩૫ નાના મોટાની બુધ્ધિ થવાથીજ વિક્ષેપ થાય છે. તે વિક્ષેપને આત્મ એકતા—સમાનતા રૂપ અગ્નિથી બાળી નાખી વિષમતા દૂર કરી સમાનતા લાવવી. આ પ્રયત્નથી પૂર્ણતા પમાય છે.

૩૬ સમાનતાની અગ્નિ હૃદયમાં પ્રજ્વલિત થતાં ત્યાંથી બ્રહ્મરંધ્ર ઉપર જવાય છે. ત્યાં રહેલા મળને બાળી નાખી બ્રહ્મરંધ્રને શુદ્ધ કરી દશમું દ્વાર ખુલ્લું થાયછે.

૩૭ પોતાનું કાંઇપણ ન માનવું એ છેવટનો માર્ગ છે. પૂર્ણ જાગૃતિ રાખી અશુદ્ધિને સખત ફટકો મારો. છેવટની-હદપારની ક્ષમા અને નમ્રતા રાખો.

૩૮ આવરણ તોડવા માટે આત્મદૃષ્ટિ રાખો. આત્માશ્રયી થવાથીજ આવરણ તુટે છે. આવરણ તુટયા પછીથી મનના વિક્ષેપો ઘટે છે. આવરણમાંથીજ વિક્ષેપને પોષણ મળે છે.

૩૯ લાયક પ્રમાણે બોલો. આગ્રહી આગળ મૌન રહો. સત્યમાં દ્વેષ, ખેદ કે આગ્રહ ન હોય. આગ્રહી કે સામા થનાર આગળ શાસ્ત્રો આમ કહે છે એમ કહી જવાબ આપો. માથે ન લ્યો, નહિંતર વિવાદમાં ઉતરવું પડશે.

૪૦ ત્યાગ અને યોગ સાથે રાખો. એકલા ત્યાગમાં કલ્યાણ નથી પણ ત્યાગ સાથે તીવ્ર શુદ્ધ આત્મયોગ-સ્વરૂપાનુસંધાન થવું જોઇએ. આકૃતિ મૂકી દઇ આત્મ સ્વરૂપનું લક્ષ મજબૂત રાખવું.

૪૧ શુદ્ધિને ઇચ્છતા હો તો બદલાની આશા રાખ્યા વિના કર્મ કરો. જેટલો સ્વાર્થત્યાગ તેટલોજ પરમાર્થ છે.

૪૨ પરમાત્મભાવનો સજાતિય પ્રવાહ વર્તનમાં અને વાત ચિત્તાદિ કરતાં સર્વ સ્થળે ચલાવવો. તેમ કરતાં દોષ દૂર થશે. દોષ દેખાય તો મનની વૃત્તિ અશુદ્ધ માની પાછો પ્રવાહ સાંધી દેવો.

૪૩ સામાની વિપરીત વૃત્તિ દેખી તેનો ન્યાયથી તપાસ કરવો. વિવેકદષ્ટિ દ્વારા ભૂલ તપાસવી. જ્યાં વિક્ષેપ થાય ત્યાં આપણોજ દોષ જાણી તે ભૂલ તપાસવી અને સુધારવી.

૪૪ દરેક આત્મા પોતાના રક્ષણને માટે બંધાયેલ છે. તેને જે જોઇએ તે લે છે. તે ઉપરથી સામાને હલકો માનવાનું કાંઇ કારણ નથી. તેની ભૂલનો જોખમદાર પણ તે છે. ભૂલો સુધરવા માટે પણ થાય છે.

૪૫ પરમાત્મભાવ ભૂલ્યા કે દેહદષ્ટિ આવવાની. વિચારદ્વારાજ મનનું કોકડું ઉકેલવાનું છે. દેહ તરફ ન જોતાં અંદર પ્રકાશી રહેલ જ્યોતિ તરફ દૃષ્ટિ આપી તે દૃષ્ટિથી વાતચિત્ત કોઇ પણ સાથે શરૂ કરો અને તે અખંડ પ્રવાહ તુટવા ન દ્યો.

૪૬ કર્મમાં ભેદ છે. આત્મામાં ભેદ નથી. વ્યવહાર ચલાવવા માટે કર્મભેદની જરૂર છે.

૪૭ જ્યાં વિક્ષેપ થાય છે ત્યાં સ્વાર્થ બુદ્ધિ અવસ્ય છેજ. વિક્ષેપનું કારણ શોધતા જવું. જેટલી વિવેકબુદ્ધિ તેટલું તે દેખી શકાશે.

૪૮ મુસ્કેલીની ખાતર સ્થાન ન બદલો પણ સાથે રહીને મુસ્કેલીઓ સહન કરો. તેવા સંયોગો પણ કારણસરજ મળે છે. તે તમારી કસોટીનું સ્થાન છે. કેટલા આગળ વધ્યા તેનું માપ કાઢનાર છે.

૪૯ કલેશ થાય ત્યાં આપણી ભૂલ અવસ્ય થએલી સમજવી. કાંતો ગુણને અવગુણ મનાયો છે. કાંતો અવગુણને ગુણ ગણ્યો છે તે આપણી ભૂલ શોધી કાઢી દૂર કર્યાથીજ શાંતિ થશે.

૫૦ મનમાં શાંતિ અને શરીરમાં પ્રવૃત્તિ રાખો. મરજી નહિં હોય છતાં પ્રવૃત્તિ કરવી પડે ત્યાં પરમાત્માની મરજી-અગર કર્મનો ઉદય સમજી કામ કરો પણ નારાજ થઇને કામ ન કરો.

૫૧ દુનિયામાં જ્ઞાન ભર્યું છે. સદ્‌ગુણો ભર્યા છે. જોઇએ તે લઇ લ્યો. આપનાર કોઇ નથી. લેનાર જોઇએ. ઇચ્છા પ્રબળ કરો, જોશે તે મળશેજ.

૫૨ જેનું અભિમાન જેને છે તેનો ક્ષય કરાવવા માટે તેવાં કાર્ય તે મનુષ્યદ્વારા કરાવવામાં આવે છે. અર્થાત્ જેનું અભિમાન રાખશો તે કાર્ય અનિચ્છાએ પણ કરવું પડશે. અભિમાન તૂટવુંજ જોઇએ.

૫૩ મનુષ્યો વિરૂદ્ધ થાય છે તેનું કારણ આપણો આગ્રહ તોડવાનો છે. આપણું અભિમાન તોડવા માટે તેઓ સામા થાય છે. પક્ષ ખેંચ્યો એટલે સામો પક્ષ ઉઠવાનોજ.

૫૪ અમુક પ્રક્રિયાથીજ સત્ય મળે આ કદાગ્રહની વાત છે. સત્ય કોઇ સ્થળે બંધાતુંજ નથી. તે અનેક રસ્તેથી પ્રાપ્ત કરી શકાય છે.

૫૫ વાસનાનો ભોગ સિવાય નાશ નથી છતાં શુભ વાસનાઓ કરવી. જેથી અશુભ વાસનાને ઉઠવાનો અવકાશ થોડો મળશે.

૫૬ આ બાહ્ય જગત્ દુઃખરૂપ નથી પણ મનની અંદર ઉત્પન્ન થતું સંકલ્પ વિકલ્પાત્મક જગત્–વિચારો છે તેજ દુઃખરૂપ છે. તેનો નાશ કરો.

૫૭ આત્મભાન ભૂલાતાં આવરણ આવે છે. આવરણથી વિકલ્પોરૂપ વિક્ષેપ થાય છે. વિક્ષેપથી વાસનારૂપ કર્મમળનો સંચય થાય છે. તેમાંથી વિવિધ પ્રકારનાં સુખ દુઃખરૂપ ફલો જન્મે છે. શુદ્ધ ઉપયોગથી આવરણ તોડો.

૫૮ દેખાવમાં વિપરીત હોય છતાં વિચારદ્વારા સવળું કરો –માનો. દુઃખને સુખરૂપે અનુભવો. અપેક્ષા, ભાવી પરિણામ, તેમાંથી મળતું શિક્ષણ ઇત્યાદિના વિચારદ્વારા વિપરીતને સવળું કરી શકાય છે.

૫૯ આપણી ભૂલ સુધરાવવા માટેજ બીજાઓ મુસ્કેલીઓ લાવી મૂકે છે. તેઓ પરમ ઉપકારી છે તેને તમે સામા થાઓ કે અનુકુળ થાઓ પણ તે પાત્ર તમને તો સુધારનાર આગળ વધારનાર છે.

૬૦ જ્ઞાન વધારવાનું સાધન વિચાર છે. પોતાના દોષોથી પોતાને ગોથાં તો ખાવાં પડશેજ, પણ જે જાગતો છે, તે ઇશારાથી સમજી જઇને ફરી ભૂલો કરતો ત્યાંથીજ અટકશે.

૬૧ નજીક ગયા સિવાય વસ્તુ બરાબર જણાતી નથી. આડી ધુમસ નડે છે, તેમ આત્માની નજીક ગયા સિવાય તેનું ભાન થતું નથી. વાસનાઓ ધુમસની માફક પ્રકાશ–આત્મપ્રકાશને રોકનાર છે.

૬૨ કોઇના ઉપર આધાર ન રાખો. જેના ઉપર આધાર રાખો છો તે પણ કૃત્રિમતા વાપરી તમારાથી જુદા પડશે. આધાર ન રાખશો તો સારા મીત્રો પણ વળગતા આવશે. આધાર રાખશો તો તે પણ જુદા પડશે.

૬૩ અપ્રીતિવાળાથી જુદા પડશો તો તેની ગરજ પ્રીતિવાળા સારશે. મદદે આવશે. છેવટ પ્રભુનો પણ આધાર છોડી સ્વઆધાર ઉપરજ રહેવું પડશે. ત્યારેજ પરમ શાંતિ મળશે.

૬૪ જુદી જુદી વૃત્તિના માણસો સાથે મળવાથી પ્રકૃતિનું સારૂં જ્ઞાન થાય છે. રસ્તે ચડવાના અનેક માર્ગ છે અને તે જુદા જુદા પાત્રોદ્વારા પાર પડે છે. આપણામાં મલિન વૃત્તિ ખુણેખાંચરે પડી હોય તે પણ આ પાત્રોના પ્રસંગથી બાહાર આવે છે.

૬૫ વિવિધ પ્રકારની સ્થીતિઓ, અને આકૃતિઓની હૈયાતિ નાના પ્રકારની જીવોની ઇચ્છાઓને લઇનેજ ટકી રહેલી છે. ટકી રહે છે અને ટકી રહેશે. આ આકૃતિઓનો વિચારદ્વારા મૂળ દ્રવ્યમાં સમાવેશ કરવાથી–લય કરવાથી નિર્વિચાર દશા સિદ્ધ થાય છે.

૬૬ પ્રકૃતિને અનુકુળ મન બનાવો તો કોઇપણ વ્યક્તિ તમારૂં અપમાન નહિં કરી શકે. ધર્મના ઝુંડા ઉડાવનારાઓએ આ નિયમ જાણવો જોઇએ.

૬૭ જે ક્ષણે નિરાશા ઉત્પન્ન થાય છે જે ક્ષણે પ્રકૃતિ વિરૂદ્ધ તમારા મનની સ્થીતિ બને છે તે સમયે આખું વિશ્વ તમારી વિરૂદ્ધ થઇને બેસશે. માટે મનની શાંતિ રાખતાં શીખો.

૬૮ પવિત્ર વિચારો રાખો તો કોઇની તાકાત નથી કે તમારી વિરૂદ્ધ જાય.

૬૯ તમારી કે પારકાની ઇચ્છાઓનો ગેરઉપયોગ ન કરશો તો સર્વ ઇચ્છાઓને જીતી શકશો.

૭૦ ઇચ્છાઓ ઘોડા જેવી છે જે તેની પુંછડી પકડે છે તે તેની સાથે ઘસડાય છે ને ખાડામાં પડે છે, માટે પુછડી ન પકડતાં સ્વારી કરતાં શીખો.

૭૧ બીજાની ઇર્ષા કરતાં તે દોષ તમારામાં પેસી જાય છે. માટે ઇર્ષા ન કરતાં ગુણ શોધો. ગુણાનુરાગી બનો, તેથી તમારા તરફ ગુણ ઘસડાઇ–ખેંચાઇ આવશે.

૭૨ પાપ અને પુન્યને મનની સ્થીતિ સાથે સંબંધ છે માટે મનને ઉન્નત–પવિત્ર કરવાનો પ્રયત્ન ચાલુ રાખો.

૭૩ દોષો કે નિંદા તરફ લક્ષ ન કરતાં દિવ્યતાજ જોવો. તેમ કરતાં અંતર્માંજ પ્રભુને જોઇ શકશો.

૭૪ બે કાળી વસ્તુઓ એકઠી કર્યાથી એક ધોળી વસ્તુ ઉત્પન્ન થતી નથી, તેમ બીજાઓ નિંદા કરે તેમ આપણે પણ કરીએ તો મૂળ જે અસત્ય–દોષ છે તેમાં આપણે વધારો કરીએ છીએ. તેથી વસ્તુસ્થીતિ સુધરતી નથી.

૭૫ આપણે આઘાતનો પ્રત્યાઘાત કરીએ ત્યારેજ નિંદા–ટીકા–કે દુષ્ટ વિચારો હાનીકારક આપણુને થાય છે. જો તેના ઉપર લક્ષ ન આપીએ અને સાત્વિક વૃત્તિથી તે તરફ જોઇએ તો તે બીલકુલ હાનીકર્ત્તા થતા નથી.

૭૬ દુષ્ટ વિચાર તરફ અલક્ષ રહીએ. તટસ્થ કે ઉપેક્ષાવાળા રહીએ તો તેવા વિચારો તેના પેદા કરનાર તરફજ પાછા વળે છે.

૭૭ અલક્ષ રહેવું એટલે આપણે આપણી દિવ્યતાનું ભાન રાખીએ, મધ્યબિન્દુથી ખસીએ નહિં, સાત્વિક વૃત્તિ રાખીએ, સત્યનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરીએ તે છે. તેવી સ્થીતિવાળાને કાંઇ હાની થતી નથી.

૭૮ જેવા થવું હોય તેવું સામું આલંબન રાખો.

૭૯ જેના માલીક તમે છો તેના બંધનમાં પણ તમે છો.
૮૦ સુખ દુઃખનું કારણ અહંવૃત્તિ છે.
૮૧ વિચાર મનને સુધારવાનું કારણ છે.
૮૨ જગતનું મૂળ સંકલ્પ છે.
૮૩ નિઃસંકલ્પ જ્ઞાનનું મૂળ છે.
૮૪ દેહાભિમાન સંસારનું બીજ છે.
૮૫ રાગદ્વેષ અધર્મનું બીજ છે.
૮૬ સમભાવ સત્યજ્ઞાનનું બીજ છે.
૮૭ સદ્‌વિચાર જ્ઞાનનું બીજ છે.
૮૮ મમત્વ જગતનું બીજ છે.
૮૯ સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરવો તે મોક્ષનું બીજ છે.
૯૦ ક્રિયા મનને નિયમિત કરનાર સાધન છે તે ધર્મ નથી.
૯૧ સ્વભાવ પ્રમાણે વર્ત્તન થાય છે.
૯૨ જાગૃતિ હોય તો ભૂલો સુધરવા માટે થાય છે.
૯૩ સારા બુરા બન્ને ભાવથી રહિત થવું તે મનનો વિજય છે.
૯૪ અનુભવ જ્ઞાન વિના ભ્રાંતિ ભાંગતી નથી.
૯૫ અધિકાર પ્રમાણે બોલો. માંગે તેનેજ જ્ઞાન આપો.
૯૬ અન્યને હલકા જોનાર પોતેજ હલકા છે.
૯૭ પ્રભાતે આખા દિવસ માટે વર્ત્તન નક્કી કરવું.
૯૮ રાત્રીએ દિવસનું વર્ત્તન તપાસી જવું.
૯૯ જ્ઞાની પાસે રહો. અથવા સામાના આચરણ ઉપરથી જ્ઞાન લેતાં શીખો.

૧૦૦ અહંકારનો નાશ કરવા પોતામાં, શરૂઆતમાં દાસભાવ રાખો. બીજાથી પોતાને નાનો માનો.

૧૦૧ દેહાધ્યાસ દૂર કરવા સર્વે જીવોમાં ઇશ્વરી ભાવની કલ્પના કાયમ ચાલુ રાખો.

૧૦૨ ખુશી થઇ મુસ્કેલીઓ અનુભવતાં મનોબળ વૃદ્ધિ પામેછે.

૧૦૩ પ્રબળ વિચાર રૂપ પુરૂષાર્થથી વાસનાઓ તોડી શકાય છે.

૧૦૪ હલકી–નીચ ભાવના ઉત્પન્ન થાય ત્યારે તેની વિરોધી ઉચ્ચ ભાવનાની કલ્પના તેની સામે કરવાથી પહેલી ભાવનાનો પરાભવ થાય છે. મતલબ કે અસદ્‌વિચારને સ્થાને સદ્‌વિચાર કરવાથી અસદ્‌વિચાર બંધ પડે છે.

૧૦૫ લોક એષણા, શાસ્ત્રએષણા, પુત્રએષણા, ધનએષણા, સ્ત્રીએષણા ઇત્યાદિ એષણાઓ ખરા વિરાગની પ્રતિબંધક છે.

૧૦૬ ઇચ્છા રહિત પ્રાપ્તાપ્રાપ્તમાં નિર્વાહ કરવો એ વીરાગનું ગૂઢ સ્વરૂપ છે.

૧૦૭ વૃત્તિઓનું વિસ્મરણ થવું. શુદ્ધ ઉપયોગે તદાકારે પરિણમવું તેજ શુદ્ધ વૈરાગ્ય છે.

૧૦૮ શુદ્ધ સ્વરૂપાકારે વૃત્તિ કરી તે વૃત્તિનું પણ વિસ્મરણ કરવું. પાણીમાં જેમ મીઠું ગળી જાય છે તેમ મનનું આત્મામાં લીન થવું એજ પરમ અનુભવ છે.

વિચાર રત્નમાળા

૧ જે થાય છે તે યોગ્ય થાય છે, સુધરવા માટે થાય છે.
૨ સુખ અને દુઃખ દુનિયામાં બન્ને સમાન છે.
૩ જીવોને જેટલી શાંતિ આપશો તેટલી તમને મળશે.
૪ શાંતી જોઇતી હોય તો ઇચ્છા અને અભિમાન દૂર કરો.
૫ હંમેશાં ઉદ્દેશ સારો રાખો. કાળાંતરે તે સ્વભાવ રૂપ થઇ શાંતિ આપશે.
૬ બીજાનું વર્ત્તન તમને ખોટું લાગે તે તમારે ન કરવું.
૭ તમારૂં મુખ્ય નિશાન ન ચૂકાય તે ખાસ ધ્યાનમાં રાખો.
૮ કોઇ તરફ શત્રુ ભાવ રહેવો ન જોઇએ.
૯ વાવો તેવું લણો. કરો તેવું પામો. આપો તેવું લ્યો.
૧૦ સારાં કર્મ સારાનો વધારે કરે છે. ખરાબ કર્મ ખરાબનો વધારો કરે છે.
૧૧ ખરાબ વિચારો ને બાહાર કાઢો એટલે તે જગ્યા સારા વિચારોથી પુરાશે.
૧૨ સારા વિચારો કરો તેથી ખરાબ વિચાર કરવાનો વખત નહિં મળે.
૧૩ વિચાર કર્યા પછીજ બોલવાની ટેવ પાડો.
૧૪ અન્યનો તિરસ્કાર કરવા કરતાં દયા વડે તેને સુધારવા પ્રયત્ન કરો.

૧૫ ભલા કહેવડાવવા કરતાં ભલા થવું તે વધારે ઉત્તમ છે.

૧૬ લોકો સારા કહેતા હોય તો સારૂં વર્ત્તન રાખો.

૧૭ તમને લોકો ખરાબ કહેતા હોય તો ભુલો શોધી સુધરવા પ્રયત્ન કરો.

૧૮ સાત્વિક ખોરાકથી સ્થુલ દેહ શુધ્ધ થાય છે.

૧૯ સત્ય વિચાર અને સત્ય ઇચ્છાથી તેજસ અને કાર્મણ દેહ શુધ્ધ થાય છે.

૨૦ નમ્રતા એ ઘણા ગુણોનું મૂળ બીજ છે.

૨૧ જેમ આપણા દોષો કબુલ કરીએ છીએ તેમ નમ્રતામાં વધારો થાય છે.

૨૨ નમ્રતાથી સહનશીળતાનો ગુણ આવે છે.

૨૩ રાગદ્વેષનો નાશ થાય તોજ મન સ્થીર થાય.

૨૪ નિરંતર રાત્રીએ સુતી વખતે પોતાનું દિવસ સંબંધી વર્ત્તન તપાસવું.

૨૫ ચોરી, વ્યભિચાર અને હિંસા એ શરીરના મોટા દોષો છે.

૨૬ નિંદા, જુઠ અને કઠોરતા એ વચનના મોટા દોષો છે.

૨૭ ઇચ્છા, ખરાબ ચિંતન અને દોષબુદ્ધિ એ મનના દોષો છે.

૨૮ ખરાબ ઉદ્દેશને અટકાવો.

૨૯ ઇચ્છારૂપિ દોરડાંઓથી બંધન થાય છે.

૩૦ ઉચ્ચ વિચાર અને ભલાઇ રાખો.

૩૧ દેખાવની કીંમત નથી પણ ખરી ગુણની કીંમત છે.

૩૨ અન્યના કામની વચ્ચે પડો નહિં, આડે આવો નહિં.

૩૩ અન્યની વાતો વચ્ચે બોલો નહિં.

૩૪ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તપાસી કામ કરો.

૩૫ કોઇનો તિરસ્કાર કરવા કરતાં દયાની લાગણી પ્રગટ કરવી તે ઉત્તમ છે.

૩૬ કોઇનું બુરૂં ઇચ્છવું તે પોતાનું બુરૂં ઇચ્છિવા બરોબર છે.

૩૭ મુંગે મોઢે પણ જાગૃતિ પૂર્વક અન્યનું સાંભળો.

૩૮ બીજાના પ્રસંગમાં આવવાથીજ પોતાની કસોટી થાય છે.

૩૯ સર્વેને આત્મસ્વરૂપ માની તેના કાર્યમાં મદદ કરવી તે ભક્તિ છે.

૪૦ નિર્દોષ પ્રેમ આપવા ઇચ્છે છે. મોહ લેવા ઇચ્છે છે.

૪૧ સત્સંગતીથી આવરણ ઓછાં થાય છે.

૪૨ જેમાં સ્વ-પરનું શ્રેય રહેલું હોય-થતું હોય તે ફરજ કહેવાય છે.

૪૩ બીજાના ભલામાં પોતાનું ભલું રહેલું છે.

૪૪ બીજાઓના મનને સુધારવા પ્રયત્ન કરવો તે ત્યાગીઓનો પરમાર્થ માર્ગ છે.

૪૫ જો તમારી વૃત્તિ શુદ્ધ છે તો તમારા શબ્દોની અસરની પરવા ન કરો.

૪૬ આજુબાજુ પરમાત્મ ભાવ રાખી-દૃષ્ટિ રાખી વર્ત્તન કરો.

૪૭ અંતર્ દૃષ્ટિ તથા બાહ્ય દૃષ્ટિ જાગૃત રાખી વર્ત્તન કરતાં વિશુદ્ધિ વધે છે.

૪૮ બીજામાં તમારો સ્વાર્થ રહેલો છે માટે માંગે તેને મદદ આપો.

૪૯ સામામાં હલકો ભાવ જોવામાં આવે છે ત્યાંસુધી મલીનતા ઘટતી નથી.

૫૦ સંન્યાસ–ત્યાગ–એટલે વૃત્તિનો ત્યાગ કરવાનું સમજવું.

૫૧ યોગ એટલે વૃત્તિનું પરમાત્મા સાથે જોડાણ કરવું તે.

૫૨ જીવોના વર્ત્તન ઉપરથી ગુણ લઇ પોતામાંથી અવગુણ બાહાર કાઢવા.

૫૩ સામા મનુષ્યની યોગ્યતા જોઇ પોતાનો જ્ઞાનનો વિરડો ઉલેચતા રહેવું.

૫૪ બીજાને આપવાનું બંધ કરતાં પાણી ગંધાઇ જવાની માફક નવીન જ્ઞાનની આવક બંધ થશે. અને અશુદ્ધતા વધશે.

૫૫ જ્ઞાન આપતી વખતે તેનું અભિમાન પોતે ન લેવું. નહિંતર અધઃપાત થવા સાથે આગળ વધતાં અટકશો.

૫૬ અન્યને ઉપદેશ આપવા સાથે પોતે પણ ઉચ્ચ વર્ત્તન રાખવું.

૫૭ આશક્તિ ગઇ કે જગત્ મનમાંથી ઉડી જાય છે.

૫૮ આશક્તિ સિવાય બંધન કર્તા બીજું કોઇ છેજ નહિં.

૫૯ પૂર્વ કર્મ યોગે જે સ્થીતિ પ્રાપ્ત થાય તેમાંથી કંટાળી નાશી છુટવાની ઇચ્છા કરવી તે અજ્ઞાન છે.

૬૦ બીજાની નિંદા કરીએ ત્યાં સુધી પોતાને સુધરવાનું બનતું નથી.

૬૧ પોતાના દોષો જોનારજ સુધરી શકે છે.

૬૨ જાગૃતિ પૂર્વક અન્યને સુધારવાની પ્રવૃત્તિમાં દ્વેષ નહિં પણ પ્રીતિ હોવી જોઇએ.

૬૩ આ જીવંત પ્રભુનું દીલ ન દુખાય તે માટે ડરતા રહી સેવા કરો.

૬૪ બ્રહ્માકાર વૃત્તિ અને વૈરાગ્ય આ અભ્યાસથી સ્વરૂપ સ્થીતિ પ્રાપ્ત થાય છે.

૬૫ પુસ્તકો સાધન છે. તેમાંથી તમારી બુદ્ધિ પ્રમાણે મળશે.

૬૬ બુદ્ધિને ઓળંગી આગળ વધારવાનું કામ અનુભવી જીવંત ગુરૂઓજ કરી શકે છે.

૬૭. તમારા વર્ત્તનથી કોઇને જરાપણ દુઃખ થવું ન જોઇએ. થાય તો તેજ પાપ છે.

૬૭ હૃદયમાં વિચાર બળ છે. બ્રહ્મસ્થિતિ બ્રહ્મ રંધ્રમાં થાય છે.

૬૮ જ્ઞાનીની ક્રિયા જાગૃતિ પૂર્વક હોય છે, તેથી તે બંધાતો નથી. અજ્ઞાની બંધાય છે.

૬૯ બીજાને જેટલો હલકો માનો તેટલું અભિમાન તમારામાં છે.

૭૦ ક્રિયા તથા જ્ઞાનનું અભિમાન પણ પાડનાર થાય છે.

૭૧ સૌ પોતપોતાનો પાઠ ભજવે છે. રોષ, તોષને અવકાશજ કયાં છે !

૭૨ લક્ષજાગ્રત હોય તો સર્વ સ્થળેથી બોધ મળે છે. ગુણ ગ્રહણ કરી શકાય છે.

૭૩ સત્પુરૂષ ઉપર જે દ્વેષ રહ્યા કરે છે તેજ અનંતાનું બંધી કષાય છે.

૭૪ આગ્રહીને સત્યનો નિશ્ચય થતો નથી.

૭૫ મધ્યસ્થ દ્દષ્ટિવાળોજ સત્યનો નિર્ણય કરી શકે છે.

૭૬ અહંકારથી બાહ્ય અનેક શત્રુઓ ઉભા થાય છે.

૭૭ અવગુણ કે અનિષ્ટની ઉપેક્ષા કરનાર સુખી થાય છે. નિંદા કરનાર દુઃખી થાય છે.

૭૮ ગુણગ્રાહી દ્દષ્ટિવાળાને જ્ઞાન મળે છે.

૭૯ કાર્યનું કારણ શોધતાં જવું અને વિચારદ્વારા તેને તોડતા જવું.

૮૦ પોતામાં જેટલે દરજ્જે શુદ્ધિ થઇ હોય છે તેટલે દરજ્જે બીજાના કાર્ય ઉપરથી શુદ્ધતા મેળવી શકાય છે.

૮૧ વિશુધ્ધિ માટે કાયમ જાપ ચાલુ રાખવો.

૮૨ અન્યની કાળી બાજુ જોવાથી મળદોષ આવે છે કેમકે તે અજ્ઞાન દશા છે.

૮૩ આત્મ જાગૃતિ કાયમ હોય તો આવરણ આવતું નથી.

૮૪ પરમાત્મ સ્વરૂપનો બોધ કાયમ રાખવો તે મળ સંચય ન થવા દેવાનો મજબુત ઉપાય છે.

૮૫ સરખા ગુણવાળાની સાથેજ સંબંધ જળવાઇ રહે છે.

૮૬ વિરૂધ્ધ ગુણવાળાને આપસમાં ક્લેશ થાય છે.

૮૭ પ્રકૃતિ ઓળખી સામાને સત્વગુણ વાપરી સુધારવો.

૮૮ વિરૂધ્ધ ગુણવાળાની ઉપેક્ષા કરવી અથવા મૌન કરી તેનો તે ગુણ તેનામાં બદલાવવો.

૮૯ પ્રથમ ગુણ ઓળખવો વિરૂધ્ધ જણાય તો મૌન રહેવું તેથી તેને ગુણ બદલાવવાની ફરજ પડશે. તેનામાં નમ્રતા

આવતાં ગુણ બદલાયો છે એમ સમજવું.

૯૦ પ્રતિકુળ સંયોગો આવી પડતાં તેને દૂર કરવાનો વિચાર ન કરતાં, અનુકુળ કેમ થવું તે વિચાર કરી તેમ વર્ત્તન કરવું. તેનાથી દૂર રહેવાનો જેટલો પ્રયત્ન કરશો તેટલો ખેદ કે દુઃખ થશે.

૯૧ જેવા છો તેવા દેખાઓ. અધિકારથી જેટલા આગળ જશો તેટલા પાછળ હઠવું પડશે.

૯૨ કુદરત પોતાનું કામ તેવી લાયકાતવાળા પાસે કરાવે છે. તમે શાંત રહેશો તો તે કામ અટકવાનું નથી.

૯૩ અભિમાની મનુષ્ય કાંઇ કરી શકતો નથી. શુધ્ધ સ્વરૂપમાં મન લય થયા પછીજ અનેક શકિતઓ પ્રગટ થાય છે.

૯૪ સ્વાર્થ બુધ્ધિથી જેટલું કરાય છે તેટલું દુઃખરૂપ થાય છે.

૯૫ જ્ઞાનીજ નિષ્કામ કર્મ કરી શકે છે :તે સિવાય કોઇને કોઇ અંતરમાં ઉંડી આશા પ્રજવલિત હોય છેજ.

૯૬ કાર્ય કરો પણ આત્મ શ્લાઘા ન કરો.

૯૭ દ્રષ્ટા રહી વ્રત્તિ તપાસતા રહેવું. મલીનવ્રત્તિ કે મલિનવ્રત્તિવાળાથી સાવચેત રહેવું.

૯૮ પોતાનું અજ્ઞાન કબુલ કરે તેવાને જ્ઞાન કે શિક્ષા આપવી. જેને લેવું નથી, જે પોતાને જ્ઞાની માને છે તેને આપવાથી લાભ થતો નથી.

૯૯ પોતામાં અભિમાન હોયતોજ ઇચ્છા વિનાનાને જ્ઞાન કે

શિક્ષા બતાવવા કે દેવા પ્રયત્ન કરાય છે.

૧૦૦ બીજા કરે તેવું ન કરો પણ તમારા અધિકાર પ્રમાણે થાય તે કરો.

૧૦૧ સત્યનું અનુકરણ કરો. દેહઉપયોગી વર્ત્તનમાં અનુકરણ ન કરો. ત્યાં તો પ્રારબ્ધ પ્રમાણેજ વર્ત્તન થશે.

૧૦૨ સત્ય હું ને જાણવો એજ વિવેક છે.

૧૦૩ માનસીક દુનિયાંજ દુઃખ રૂપ છે.

૧૦૪ માનસીક દુનિયાંનો નાશ થઇ શકે છે.

૧૦૫ દૃશ્ય જગત્ ફેરફાર વાળું થાય છે પણ નાશ પામનાર નથી. તે ફેરફાર થવાથીજ સુંદરતા વાળું દેખાય છે.

૧૦૬ ઇચ્છા છે ત્યાં સુધી સમદૃષ્ટિ–સમતોલપણું આવવાનું નથી.

૧૦૭ બાહ્ય દૃષ્ટિ છે ત્યાં સુધી બાહ્ય ગુરૂની જરૂરીયાત રહે છે.

૧૦૮ આંતર્ દૃષ્ટિ થતાં આંતર્ ગુરૂની જરૂરીયાત પડે છે.

મનને સ્થીર કરવાના ઉપાયો.

૧ મનમાં પેદા થતી વૃત્તિઓને રોકવી. નિર્વિકલ્પ થોડો થોડો વખત રહેવાનો અભ્યાસ કરવો. સાથે સ્વ-પરનું વિવેક જ્ઞાન નિરંતર રાખવું. હાલતાં ચાલતાં આત્મ ઉપયોગ અથવા એક પરમેષ્ટિ પદનો જાપ શરૂ રાખવો શુભમાં વધારો કરવો.

૨ નાભિમાંથી શ્વાસ ઉડે છે, તે સાથે મનને જોડી દેવું. જેટલીવાર શ્વાસ ઉંચો નીચો આવે તેટલીવાર મનને ઉપયોગ સાથે રાખી એક, બે વિગેરે ગણતી રાખવી, તેમ રાખતાં મન શાંત થશે એટલે ઉપયોગ બ્રહ્મરંધ્રમાં લઇ જવો-અને ત્યાં લીન થઇ જવું.

૩ મસ્તકમાં યા કાનમાં એક શબ્દ સંભળાય છે. આ શબ્દ વાયુ વિનાની તેમજ મનુષ્યોના સંચારવ કે શબ્દ વિનાની જગ્યામાં બેઠા હોઇએ અથવા પાછલી શાંત રાત્રીએ બેઠા હોઇએ ત્યારે સહેલાઇથી સંભળાય છે: તે શબ્દમાં ઉપયોગ રાખવો. કેટલીકવારે એકાગ્ર થતાં મન સ્થિર થશે એટલે ઉપયોગ મસ્તકના મધ્ય ભાગમાં આપવો ત્યાં લીન થઇ જવું.

૪ મસ્તકના મધ્યમાં ઉપયોગ આપતાં ત્યાં શ્વાસનો ખટ-કારવ. થતો અનુભવાશે તે ખટકારવમાં નવકારનો એક

એક અક્ષર મનમાં બોલતા જવું. અર્થાત્ તે ખટકારવ સાથે નવકારના એક એક અક્ષરને ક્રમે જોડતાં આખો નવકાર તે ઉપયોગમાં પૂર્ણ કરવો. તેવી રીતે કેટલાક નવકાર ગણતાં તે શ્વાસોશ્વાસનો ખટકારવ બંધ થશે એટલે તે આલંબન મૂકી દઇ આત્મોપયોગમાં સ્થિર થવું.

૫ મનની સ્થિરતા માટે પ્રથમ પાંચથી દસ પ્રાણાયમ સ્થિરતા રહે તેટલા વખતના કુંભક સહિત કરવા. પછી આત્મોપયોગ મસ્તકના મધ્યમાં આપી ત્યાં સ્થિરતા કરવી.

૬ સિદ્ધચક્રજીના નવપદ ઉપર ક્રમે બસો પાંચસોવાર નવકાર ગણી તત્કાળ ઉપયોગ બ્રહ્મરંધ્રમાં આપવો અને ત્યાં સ્થિરતા કરવી.

૭ બનતી મહેનતે પા કલાકથી વધારેવાર ત્રાટક કરી ઉપયોગ બ્રહ્મરંધ્રમાં આપવો. અને ત્યાં સ્થિરતા અનુભવવી.

૮ ખુલ્લી નિમેષોન્મેષ રહિત દૃષ્ટિએ પ્રતિમાજી સન્મુખ જોઇ રહેવું. કેટલીકવાર થવા પછી દૃષ્ટિ ત્યાંથી ઉપાડી બ્રહ્મરંધ્રમાં મૂકવી અને ત્યાં સ્થિરતા અનુભવવી.

૯ વિચારોદ્વારા આ દુનિઆનું અનિત્યપણું સારી રીતે મનમાં ઠસાવી બ્રહ્મરંધ્રમાં ઉપયોગ આપી સ્થિરતા કરવી.

૧૦ દરેક પુદ્ગલીક આકૃતિઓનું ચૂર્ણ બનાવી તેને પર-

માણુંરૂપે અનુભવી બ્રહ્મરંધ્રમાં ઉપયોગ આપી શાંતિ અનુભવવી.

૧૧ કેવળ કુંભક કેટલીકવાર કરી શ્વાસોશ્વાસને ધીમા પાડી બ્રહ્મરંધ્રમાં ઉપયોગ આપી શાંતિ અનુભવવી. તેથી મન સ્થીર થાય છે.

૧૨ હળવે હળવે શ્વાસોશ્વાસને મંદ કરી આત્મોપયોગમાં રહી સ્થિરતા અનુભવવી.

૧૩ કેવળ દૃષ્ટા તરીકે રહી પ્રેર્ય પ્રેરકભાવ દૂર કરી આત્મ ભાવમાં લીન થવું.

૧૪ દરેક કાર્યમાં આત્મોપયોગથી જાગૃત રહી પછી પ્રવૃત્તિ કરવી.

૧૫ કાંઇપણ બોલતાં પ્રથમ આત્મોપયોગમાં જાગૃત થઇ સાવધાનતા પૂર્વક બોલવું.

૧૬ કાંઇપણ સચિત્તાચિત્ત જોવામાં આવે કે તત્કાળ જડ ચૈતન્યની ભિન્નતાની છાપ મનમાં પાડી દેવી. પણ તેનો અનુભવ મિશ્ર ભાવમાં ન લેવો.

૧૭ કાંઇપિણ વિચાર મનમાં આવે તો તત્કાળ જડ ચૈતન્યની ભિન્નતા તે વિચારના સંબંધમાં કરી નાખવી. અથવા લાભાલાભની વિચારણા કરવી. અથવા અર્થ, અનર્થના સંબંધમાં તેને વહેંચી નિરૂપયોગી હોય તો તે વિચાર બાહાર કાઢી નાખવો.

૧૮ કાંઇપણ શબ્દ સંભળાય, રૂપ જોવાય વિગેરે ઇંદ્રિયોના વિષયો અનુભવાય કે તત્કાળ તે જડ છે, નિરૂપયોગી છે, આત્મ ગુણ ઘાતક છે. વિગેરે દોષ દર્શનથી તેમાં રાગ થતો અટકાવવો. ત્યાર પછી હું તે સર્વને જોનાર, જાણનાર છું. તથા મનમાં ઉઠતા વિચારો તેને પણ હું જોનાર છું. સર્વનો દૃષ્ટા હું છું, દૃષ્ટા તે દૃષ્ટાજ છે અને દૃશ્ય તે દૃશ્યજ છે. આ વિચારણાથી રાગ દ્વેષ અટકાવી સ્વરૂપમાં જાગૃત રહેવું.

૧૯ મનથી જે ભૂત ભવિષ્યના વિષયોના ચિંતનરૂપ અનુસંધાન મૂકી દઇ વર્ત્તમાનકાળના વિષયોમાં પણ આસક્તિ રહિત પણે રહેવાનો અભ્યાસ રાખવામાં આવે તો ઘણા થોડા વખતમાં તે મન સ્વાધિન થઇ શકે. જ્યાં સુધી સંકલ્પની કલ્પનાઓ છે ત્યાં સુધીજ મનની વિભુતિઓ છે માટે સંકલ્પની કલ્પનાઓનું અનુસંધાન મૂકી દેવું.

૨૦ આત્માજ આત્માના અવલોકનમાં મુખ્ય કારણ છે. વાતચીત કરતાં, કાંઇ મૂકી દેતાં, ગ્રહણ કરતાં, આંખો ઉઘાડતાં, અને આંખો મીંચવા જેટલા સ્વલ્પ વખત માટે પણ જેમાં કોઇ પણ પ્રકારની કલ્પના નથી એવા પોતાના અપરિચ્છિન્ન સ્વરૂપના અનુસંધાનમાંજ તત્પર રહો તેમાંજ સ્થિર થાઓ.

૨૧. આ દેખાતી દુનિઆમાંથી આપણે ગ્રહણ કરવા યોગ્ય માનીએ તેવી કાંઇપણ વસ્તુ નથી. ગૃહણ વિના ત્યાગ પણ ન સંભવે. સારા લાગતા પદાર્થો દેશકાળને લઇ પાછા તેજ વિરસ લાગે છે, એટલે નિંદા સ્તુતિનો અવકાશ પણ નથી. રાગ દ્વેષ સિવાય પ્રવૃત્તિ થવી જોઇએ. માંસ, હાડકાં, લાકડાં, માટી અને પથ્થરથી ગોઠવાયલા વિચાર માત્રથી વિરામ પામે તેવા અને જેમાં કોઇપિણ પદાર્થ ઇચ્છવા યોગ્ય નથી તેવા જગત્માં શાની આસ્થા ! શા માટે વિશ્વાસ ! નિરંતર આત્માનું અનુસંધાન રાખવું તેજ મનને શાંત કરવાનો ઉપાય છે.

૨૨. જડ પદાર્થાકાર ભાવના કરવાને લીધે ચૈતન્ય દ્વિત્વને પામી પોતાના અખંડ પણાને ભૂલી જાય છે. અને સુખ–દુઃખાદિથી (જડ ચૈતન્યથી) મિશ્રિત થયેલી ઉપાધિરૂપ (મિથ્યારૂપ) સ્થિતિને ધારી લે છે વળગી રહે છે.

૨૩ અદ્વૈત=કેવળ આત્મ સ્વરૂપ.

દ્વૈત=જડ ચૈતન્ય મિશ્રિત.

બ્રહ્માકાર વૃત્તિ=અખંડ ઉપયોગની જાગૃતિવાળી સ્થિતિ. ગ્રાહ્ય ગ્રાહક અંશથી રહિત.

જીવન મુક્ત=સમભાવવાળો. ઇષ્ટ નિષ્ટમાં રાગ દ્વેષની મંદ સ્થિતિ વાળો.

માયા=એકલી જડની બનેલી આકૃતિઓ તથા જડ ચૈતન્ય મિશ્રિત વિવિધ પ્રકારની આકૃતિઓ.

૨૪ કોઇ વિષય ઉપર સ્પૃહાજ ન રાખવી એ મનને જીતી લેવાની ઉત્તમ યુક્તિ છે. મદોન્મત હાથીની માફક મનને આ યુક્તિથી વશ કરી શકાય છે. અભ્યાસ નહિં કરનારને આ યુક્તિ કઠણ લાગે છે. સારી રીતે તેનો અભ્યાસ કરવાથી આ યુક્તિ સરલ થઇ પડે છે. વિષયોની લાલસાવાળાને આ યુક્તિ નકામી થઇ પડેછે. જ્યાં સુધી વિષયોમાં નિસ્પૃહપણું પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પરિભ્રમણ ચાલુજ રહેવાનું.

૨૫ ભેદ=પુદ્‌ગલાકારે ઉપયોગનું તથા મનનું પરિણમવું. અભેદ=આત્માકારે મનનું પરિણમવું અથવા આત્મામાં તદ્રુપ થવું. જ્ઞાનીઓનો માર્ગ અભેદ છે. અજ્ઞાનીઓનો માર્ગ ભેદ મય છે. ભેદ ત્યાં સંસાર અને અભેદ ત્યાં મુક્તિ છે.

સર્વ વ્યાપક=સર્વ કાળમાં સર્વ સ્થળે મનનું અખંડ આત્માકાર પણે પરિણમવું આત્મ ઉપયોગમાંજ રહેવું તે.

૨૬ આત્માના અવલોકનથીજ—આત્મામાં મનને પરિણમાવવાથીજ ભોગો ઉપરથી અરૂચિ થાય છે. તે સિવાયની ક્રિયાથી ભોગોની પ્રાપ્તિ રૂપ શુભાશુભ ફળ પ્રાપ્ત થાય છે.

સ્વભાવ=આત્મ સ્વરૂપમાં સ્થિરતા અથવા આત્મ ભાવ.
વિભાવ=પુદ્દગલાદિ આકારે પરિણમવું અથવા પુદ્દગલો.

૨૭ મનને તેની ઇચ્છાનુસાર ભટકવા દેવું. પછી મન ક્યાં ભમે છે તે તરફ લગાર લક્ષ આપવું. મનને ભટકવા દેવાથી અને આપણે તટસ્થ રહી જોયા કરવાથી તેની ચપળતા ધીમે ધીમે મંદ પડે છે. વધારે દિવસ આ અભ્યાસ ચાલુ રાખવાથી એકદમ તેની ચંચળતા મંદ થશે અને મન આપણી સત્તામાં આવવા માંડશે. અને છેવટે તેને જ્યાં દોરવવા માગશું ત્યાં દોરાશે. જે ધ્યાન બતાવીશું તેમાં તદાકાર થઇ રહેશે.

૨૮ સિદ્ધાસને બેસી બે ભ્રમરો વચ્ચે અથવા નાકની અણી ઉપર લગાર માત્ર પણ પલકારો માર્યા સિવાય સ્થિર દૃષ્ટિએ જોવાથી મન સ્થિર થાય છે.

૨૯ માનવો ! જાગૃત થાઓ. બોધ પામો. બંધનને જાણી તેને તોડી નાખો. હું અનુભવથી કહુંછું કે સજીવ કે નીરજીવ થોડા પણ પરિગ્રહ ગૃહણ કરો છો તેમાં આશક્ત થાઓ છો. યા તે બાબતમાં અન્યને અનુમોદન આપો છો ત્યાં સુધી તમે દુઃખથી મુક્ત થઇ શકશો નહિ. તમે તમારામાંજ સ્થિર થાઓ.

૩૦ પરિગ્રહને માટે અન્ય જીવોને હણો છો અથવા બીજા પાસે હણાવો છો અથવા હણનારને અનુમોદન આપો

છો ત્યાં સુધી તમે વૈર વધારો છો અને ત્યાં સુધી તમે બંધનથી મુક્ત થઈ શકશો નહિં.

૩૧ જે કુળમાં તમે ઉત્પન્ન થયા છો, જેની સાથે તમે વસ્યા છો, તેઓની સાથે અન્યો અન્ય મમત્વ કરીને મમત્વ ભાવથી બંધન પામો છો. ધન અને સહોદરો એ સિવાયના બીજા પણ પ્રતિબંધના હેતુઓ તમારૂં રક્ષણ નહિંજ કરી શકે માટે બંધનને જાણીને તોડી નાખો અને તમે તેથી છૂટા થાઓ.

૩૨ મનુષ્યો! બોધ પામો. બોધ પામો. શા માટે બોધ પામતા નથી! આગામી જન્મમાં બોધી (સમ્યક્ જ્ઞાન) ની પ્રાપ્તિ દુર્લભ થશે. ગયેલી રાત્રી પાછી આવતી નથી. માનવ જીવન ફરી ફરી સુલભ નથી. જુઓ તો ખરા! આ બાળકો, વૃધ્ધો, યુવાનો અને ગર્ભમાં રહેલાઓ સર્વ અવસ્થામાં આ દેહનો ત્યાગ કરે છે. સીંચાણો જેમ તેતરનો પ્રાણ લે છે તેમ મૃત્યુ આયુષ્યનો નાશ કરે છે.

૩૩ વિચારવાનો! વિરામ પામો. આગળ ભય તરફ નજર કરો. જેનાથી આગળ જતાં અટકયા છો તેજ તમારો નાશ કરનાર છે. સદ્‌ગતિ દુર્લભ છે.
જગતના પૃથક્ પૃથક્ સ્થાનપર જીવો દુઃખી થાય છે તે પોતાના કરેલ કર્મ વડેજ. તે તેનો અનુભવ આપ્યા વિના છોડવાના નથીજ.

૩૪ દેવ, ગાંધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર, માહણ
તે સર્વે દુઃખ પૂર્વક સ્થાનનો (આયુષ્યનો)
ત્યાગ કરે છે. કામ અને સંબંધમાં આશક્ત જીવો,
અવસરે કર્મનાં ફળ સહન કરી બીંટથી જુદા પડેલા
ફળની માફક આયુષ્યથી જુદા પડે છે.

૩૫ બહુ શ્રુત વાળો ધર્મિષ્ટ માહણ કે ભિક્ષુ હોય તે પણ
શુભ અનુષ્ટાનમાં મૂર્છિત (આશક્ત) રહેવાથી કર્મથી
અત્યંત પીડાય છે. શિષ્યો તપાસો. જ્ઞાનક્રિયા વિના
તેઓ નિર્વાણ પામતા નથી.
ગમે તો નગ્ન ફરો અથવા તો મહિને મહિને ભોજન
કરી શરીરને દુર્બળ કરો તથાપિ માયા ન મૂકનાર
મનુષ્ય અનંતવાર ગર્ભમાં પરિભ્રમણ કરે છે.
માનવો! પાપ કર્મથી વિરમો. આયુષ્ય સ્વલ્પ છે. દુઃખમાં
આસકત મનુષ્યોના આશ્રવ દ્વાર ખુલ્લાં રહે છે તેથી
મોહ કર્મ મજબુત બંધાય છે.

૩૬ મુનિઓ! પરનિંદા મહા પાપ છે. તેમાં કાંઈ પણ
કલ્યાણ નથી. જે પરનો પરાભવ કરે છે તે સંસારમાં
પર્યટન કરે છે. મદથી નિંદાની ઉત્પત્તિ છે. તમે મદ
ન કરો.

૩૭ મેં કર્યું, મેં કરાવ્યું, મેં અનુમોદન આપ્યું, હું કરું છું,
હું કરાવું છું, હું અનુમોદન આપું છું. હું કરીશ, હું કરાવીશ.

હું અનુમોદન આપીશ. મનથી, વચનથી અને શરીરથી. આટલાજ આ લોકમાં કર્મ બાંધવાના કારણ ભૂત ક્રિયાના ભેદો છે.

૩૮ લોકો લાંબુ જીવવા માટે, કીર્તિ માટે, માન પામવા માટે, જન્મ મરણથી મુક્ત થવા માટે, દુઃખ દૂર કરવા માટે પોતે જીવોની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે, કરનારને અનુમોદન આપે છે પણ આ સર્વ તેમને અહિત કરનાર અને અજ્ઞાન વધારનાર છે.

इतिश्री पंन्यास कमलविजय गणि शिष्य पंन्यास केशरविजय गणि संग्रहित नीतिविचार रत्नमाला सप्तत्युत्तर एकोन विंशति विक्रमिय वत्सरे मार्गशीर्ष शुक्ल एकादश्यां समाप्ताः

इतिश्री

